અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 29 સપ્ટેમ્બર 2026 મંગળવાર | વર્ષ : 18 | તંત્રી: પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. 2.00
વિક્રમ સંવત 2082, ભાદરવા વદ - 3 | અંક : 90 | અમદાવાદ | પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

સૌથી શક્તિશાળી રોકેટ સ્ટારશિપ પહેલીવાર ઓર્બિટમાં પહોંચ્યું: 26 સેટેલાઇટ પણ લોન્ચ કર્યા

4

ચંદ્ર ઉપર અધિકાર: ટ્રમ્પના દાવાથી નવા અવકાશી સંઘર્ષનાં મંડાણ!

6

હિટમેન રોહિત શર્મા બસમાંથી ઊતરતી વખતે લપસી પડ્યા, વિરાટ કોહલીનું રિએક્શન વાઈરલ

7

₹2,000થી વધુના UPI પેમેન્ટ પર 0.4% MDR, સુપ્રીમ કોર્ટે રોક લગાવવાનો ઇનકાર કર્યો

રોકાણકારોના 7 લાખ કરોડ સ્વાહા

સેન્સેક્સ 1124 અંક ઘટ્યો, સતત 8મા અઠવાડિયે ઘટાડો, ટ્રમ્પે ઈરાન યુદ્ધ રોકવાનો ઇનકાર કર્યો તેની અસર

મુંબઈ, તા.28

ભારતીય શેરબજારમાં સપ્તાહના પ્રથમ જ દિવસે ભારે વેચવાલી જોવા મળી હતી. ગત શુક્રવારે સતત સાતમા અઠવાડિયે લાલ નિશાનમાં બંધ થયા બાદ સોમવારે પણ બજારમાં મોટો ઘટાડો નોંધાયો હતો. સેન્સેક્સ દિવસના અંતે 1,124 અંક અથવા 1.52 ટકા તૂટીને 72,772ના સ્તરે બંધ થયો હતો. બીજી તરફ નિફ્ટીમાં પણ 360 અંક અથવા 1.56 ટકાનો ઘટાડો નોંધાયો હતો અને તે 22,780ના સ્તરે આવીને બંધ રહ્યો હતો. બજારમાં ખાસ કરીને બેન્કિંગ, FMCG અને રિયલ્ટી શેરોમાં વેચવાલીનું દબાણ વધારે જોવા મળ્યું હતું. મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં પણ રોકાણકારોએ મોટા પ્રમાણમાં વેચવાલી કરી હતી.

સોમવારના ઘટાડાની સીધી અસર રોકાણકારોની સંપત્તિ પર પડી હતી. BSEમાં લિસ્ટેડ તમામ કંપનીઓનું કુલ માર્કેટ કેપ શુક્રવારે બજાર બંધ થયું ત્યારે આશરે 482 લાખ કરોડ હતું. સોમવારે બજારમાં આવેલા ભારે ઘટાડા બાદ તે ઘટીને આશરે 475 લાખ કરોડ થઈ ગયું હતું. એટલે કે માત્ર એક જ ટ્રેડિંગ સેશનમાં રોકાણકારોની સંપત્તિમાં આશરે 7 લાખ કરોડનો ઘટાડો થયો હતો. બજારના મુખ્ય સૂચકાંકોમાં ઘટાડા ઉપરાંત મોટી અને મધ્યમ કદની કંપનીઓના શેરોમાં પણ વેચવાલી રહેતા સમગ્ર માર્કેટનું સેન્ટિમેન્ટ નબળું પડ્યું હતું.

સોમવારે સેન્સેક્સના તમામ 30 શેરોમાં વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. જોકે, નિફ્ટીમાં કેટલાક શેરોએ બજારના ઘટાડા વચ્ચે પણ મજબૂતી દર્શાવી હતી. ડૉ. રેડ્ડીઝનો શેર 20 અથવા 1.67 ટકા વધીને 1,221 પર બંધ થયો હતો. ઈન્ફોસિસમાં 3 અથવા 0.30 ટકાનો વધારો નોંધાયો હતો અને તેનો શેર 1,003 પર બંધ થયો હતો. HDFC લાઇફમાં પણ સામાન્ય તેજી રહી હતી અને શેર 0.60 અથવા 0.11 ટકા વધીને 532 પર પહોંચ્યો હતો.

બીજી તરફ, નિફ્ટીના ટોપ લૂઝર્સમાં TMPVનો શેર 8.70 અથવા 3 ટકા ઘટીને 282 પર બંધ થયો હતો. અદાણી એન્ટરપ્રાઇઝિસમાં 85.40 અથવા 2.93 ટકાનો ઘટાડો નોંધાયો હતો અને શેર 2,831 પર બંધ થયો હતો. જિયો ફિનનો શેર પણ 6.50 અથવા 2.86 ટકા ઘટીને 221 પર આવી ગયો હતો. બજારમાં વ્યાપક વેચવાલીનું આ ચિત્ર દર્શાવે છે કે ઘટાડો માત્ર એકાદ ક્ષેત્ર પૂરતો મર્યાદિત રહ્યો નહોતો.

બજારના ઘટાડા પાછળ આંતરરાષ્ટ્રીય સ્તરે વધેલા ક્રૂડ ઓઈલના ભાવને પણ મહત્વનું કારણ માનવામાં આવી રહ્યું છે. બ્રેન્ટ ક્રૂડ ફરીથી પ્રતિ બેરલ લગભગ 107 ડોલરના સ્તરે પહોંચી ગયું છે. ઈરાન અને અમેરિકા વચ્ચેના તણાવ તથા હોર્મુઝ સ્ટ્રેટમાંથી ક્રૂડ ઓઈલના પુરવઠાને લઈને ઊભી થયેલી ચિંતાઓને કારણે વૈશ્વિક બજારમાં તેલના ભાવ પર દબાણ વધ્યું છે. ભારત પોતાની ક્રૂડ ઓઈલની જરૂરિયાતનો મોટો હિસ્સો આયાત કરે છે, તેથી આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ મોંઘું થવાથી દેશના આયાત બિલ, રૂપિયા અને મોંઘવારી પર દબાણ વધવાની ચિંતા રહે છે. આ ચિંતાની અસર શેરબજારના સેન્ટિમેન્ટ પર પણ જોવા મળી હતી.

અમેરિકા અને ઈરાન વચ્ચે ટૂંક સમયમાં કોઈ મોટી સમજૂતી થવાના સ્પષ્ટ સંકેતો ન મળતા ભૂ-રાજકીય તણાવ પણ બજાર માટે ચિંતાનો મુદ્દો રહ્યો છે. બીજી તરફ રશિયા અને યુક્રેન વચ્ચેનો તણાવ ફરી વધવાના અહેવાલોને કારણે વૈશ્વિક રોકાણકારોમાં અનિશ્ચિતતા વધી છે. આવી સ્થિતિમાં રોકાણકારો જોખમી સંપત્તિઓમાં સાવચેતી રાખે છે અને શેરબજારમાં વેચવાલી વધતી જોવા મળે છે. વૈશ્વિક સ્તરે ચાલી રહેલા આ તણાવની અસર ભારતીય બજાર પર પણ પડી રહી છે.

અમેરિકાના બોન્ડ માર્કેટમાંથી પણ ભારતીય શેરબજાર માટે નકારાત્મક સંકેતો મળ્યા હતા. અમેરિકાની 10 વર્ષની ટ્રેઝરી યીલ્ડ વધીને 5.11 ટકા સુધી પહોંચી ગઈ હોવાના આંકડા બજારમાં ચિંતાનું કારણ બન્યા છે. અહેવાલો અનુસાર આ 2007 પછીનું ઊંચું સ્તર છે. બોન્ડ યીલ્ડ એટલે કોઈ સરકારી બોન્ડમાંથી રોકાણકારને મળતું વાર્ષિક વળતર. બોન્ડની કિંમત અને તેની યીલ્ડ વચ્ચે સામાન્ય રીતે વિપરીત સંબંધ હોય છે. જ્યારે બજારમાં બોન્ડનું વેચાણ વધે અને તેની કિંમત ઘટે ત્યારે તેની યીલ્ડ વધી શકે છે. અમેરિકન બોન્ડ યીલ્ડ વધે ત્યારે વૈશ્વિક રોકાણકારો માટે અમેરિકામાં ડોલર આધારિત રોકાણનું આકર્ષણ વધી શકે છે. તેના કારણે ભારત જેવા ઉભરતા બજારોમાંથી વિદેશી રોકાણકારો દ્વારા નાણાં પાછાં ખેંચવાની સ્થિતિ ઊભી થઈ શકે છે.

ડિમ્પલ-પ્રિયંકા સાથે પ્રચાર કરશે? અખિલેશે જવાબ આપ્યો નહીં

▪ સપા પ્રમુખે કહ્યું- તમંચાની શું જરૂર, હવે કમ્પ્યુટરથી લૂંટ થઈ રહી છે

લખનૌ, તા.28

યુપી ચૂંટણીમાં સપા-કોંગ્રેસ વચ્ચે ગઠબંધન અને સીટ શેરિંગને લઈને અખિલેશ યાદવે સસ્પેન્સ વધુ વધારી દીધું છે. લખનઉમાં તેમને પૂછવામાં આવ્યું કે વિધાનસભા ચૂંટણીમાં ડિમ્પલ યાદવ અને પ્રિયંકા ગાંધી સાથે મળીને પ્રચાર કરશે? તેમણે તેનો કોઈ જવાબ આપ્યો નહીં. તેઓ બોલ્યા- 'આ અંગે હું કંઈ નહીં કહું.' અખિલેશ સોમવારે સપા કાર્યાલયમાં પ્રેસ કોન્ફરન્સ કરી રહ્યા હતા. તેમણે કહ્યું- કેટલાક લોકો લખનઉની સમિટ બિલ્ડિંગમાં બેસીને સાયબર ક્રાઈમ કરી રહ્યા હતા. તેઓ અમેરિકાથી પૈસા લૂંટી રહ્યા છે. તમંચાની જરૂર શું છે? કમ્પ્યુટરથી લૂંટ થઈ રહી છે.

બુલડોઝર એક્શન અંગે તેમણે કહ્યું- હિંદુસ્તાનિયતને બચાવવા માટે મુસ્લિમ ભાઈઓએ ધીરજ રાખી. તેમને દેશના બંધારણ પર વિશ્વાસ છે. તમે તેમના અધિકારો છીનવી રહ્યા છો. તેમને કોર્ટમાં જવા દેતા નથી. આ પરંપરા ખોટી છે. સપા પ્રમુખે ડેપ્યુટી સીએમ બ્રજેશ પાઠક પર પણ કટાક્ષ કર્યો. કહ્યું- તેઓ ફરીથી ઠપકો ખાશે. તેમણે કહ્યું- ભાજપ અધૂરી નોકરી અને શિક્ષણ આપવાનું કામ કરી રહી છે. અમારી સરકાર આવશે ત્યારે બધું ઠીક કરી દઈશું. અમે શિક્ષામિત્રોને વધુ સારા બનાવવાનું કામ કરીશું. તેમને શિક્ષક તરીકે સન્માનિત કરીશું. અખિલેશે કહ્યું- તમે કાયદાને બુલડોઝ કરી શકતા નથી. જેમણે કાયદો તોડ્યો છે, તેમને સજા જરૂર મળશે. યાદ કરો, તેઓ અમારા ઘરને ગેરકાયદેસર કહી રહ્યા હતા. જ્યારે સૌથી વધુ ગેરકાયદેસર બાંધકામ ભાજપે કર્યું છે. સાચું સંકટ પણ ભાજપ જ છે. જનતા તેને હટાવવા માટે તૈયાર છે. પૂર વિશે માહિતી મેળવી લો, ખેડૂતોને કેટલું નુકસાન થયું છે. લોકોના ઘર-મકાન ધરાશાયી થઈ ગયા છે. સપા પ્રમુખે કહ્યું- શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સાથે જે વર્તન થયું, તેની સજા ભાજપને મળશે. તેમને ગંગામાં સ્નાન કરવા દેવામાં આવ્યા નહીં. વિચારો, આ લોકો લાશો પર રાજનીતિ કરે છે. હિંદુ ધર્મના સૌથી મોટા કુંભમાં જે લોકોનાં જીવ ગયા, તેમની ગણતરી શું સાચી હતી? મુખ્યમંત્રી સાચા ગૌપ્રેમી હોય, તો તેઓ 100 ગાયો રાખી લે. અમારો સમાજ 500 વર્ષથી ગાયોની સેવા કરી રહ્યો છે. જ્યારે રામ મંદિરના દાનની ચોરી થઈ છે.

NEWS BRIEF

જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ કોંગ્રેસનું 8 રાજ્યોમાં પ્રદર્શન

આગ્રામાં CECના ઘરની દીવાલો પર કાળો રંગ લગાવ્યો, રાજસ્થાનમાં પૂર્વ CM ગેહલોત- કાર્યકરો પર વોટર કેનન ચલાવ્યું

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગને લઈને દેશના વિવિધ રાજ્યોમાં સોમવારે પ્રદર્શનો થઈ રહ્યા છે. યુપીના આગ્રામાં કોંગ્રેસ કાર્યકરોએ જ્ઞાનેશ કુમારના ઘર પર કાળો રંગ લગાવ્યો અને લખ્યું- 'જ્ઞાનેશ કુમાર ગદ્દાર, મત ચોર'. રાજસ્થાનના જયપુરમાં શહીદ સ્મારક ખાતે સભા બાદ કોંગ્રેસ નેતાઓએ ચૂંટણી પંચની કચેરી સુધી પગપાળા માર્ચ કાઢ્યો. પોલીસે બેરિકેડિંગ કરીને કોંગ્રેસ કાર્યકરોને રોક્યા.

પોલીસે પૂર્વ સીએમ અશોક ગેહલોત અને પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ગોવિંદ સિંહ સહિત કાર્યકરો પર વોટર કેનન ચલાવ્યું. રાજસ્થાન પ્રદેશ કોંગ્રેસ કમિટી 'મત ચોરી'ના મુદ્દે ચૂંટણી પંચ વિરુદ્ધ વિરોધ-પ્રદર્શન કરી રહી છે. શહીદ સ્મારક ખાતે સભા બાદ ચૂંટણી પંચની કચેરી સુધી પગપાળા માર્ચ માટે કૂચ કરી. પોલીસે બેરિકેડિંગ કરીને કોંગ્રેસના કાર્યકર્તાઓને રોકી દીધા. આ દરમિયાન કાર્યકર્તાઓની પોલીસ સાથે અથડામણ થઈ ગઈ. લખનઉમાં ચૂંટણી પંચની કચેરીનો ઘેરાવ કરવા જઈ રહેલા કોંગ્રેસ કાર્યકર્તાઓને પોલીસે રોક્યા તો તેઓ પોલીસ સાથે અથડામણ થઈ. મધ્યપ્રદેશમાં SIRના વિરોધમાં ભોપાલમાં કોંગ્રેસનું પ્રદર્શન ચાલુ છે. પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ જીતુ પટવારના નેતૃત્વમાં કાર્યકરો મુખ્ય ચૂંટણી અધિકારી (CEO)ની કચેરીનો ઘેરાવ કરવા પહોંચ્યા છે.

ઉજ્જૈનમાં મસ્જિદ તોડવા વિરુદ્ધની અરજી રદ

આ જ મુદ્દે સવારે પથ્થરમારો-લાઠીચાર્જ થયો, 7 સામે FIR, ઈમામનો દાવો- મસ્જિદ 600 વર્ષ જૂની

ઉજ્જૈનમાં શાહી મસ્જિદ મામલે દાખલ કરાયેલી અરજી મધ્યપ્રદેશ હાઈકોર્ટે રદ કરી દીધી છે. તમામ પક્ષોને સાંભળ્યા બાદ કોર્ટે જિલ્લા પ્રશાસન અને શાહી મસ્જિદ કમિટી વચ્ચે થયેલા સમાધાનના આધારે મામલાનો નિકાલ કરી દીધો.

અરજદાર શાહી મસ્જિદ કમિટીના એડવોકેટ કુલદીપ પાઠકે જણાવ્યું કે- કમિટી અને પ્રશાસન વચ્ચે થયેલા સમાધાન અનુસાર રસ્તા માટે 3 ફૂટ જગ્યા સાથે કેટલીક દુકાનો હટાવવા પર સહમતિ બની છે. મોટી મિનારને બીજી તરફ ખસેડવામાં આવશે. દુકાનો માટે બીજી જગ્યા આપવામાં આવશે. આ પહેલાં મસ્જિદનો એક ભાગ તોડવાને લઈને સોમવારે સવારે ભારે હોબાળો થયો હતો. પોલીસ પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. જવાબમાં લાઠીચાર્જ કરવામાં આવ્યો અને ટિયર ગેસ છોડવામાં આવ્યો. ભીડને હટાવતી વખતે મહિલા પોલીસ સ્ટેશનના પ્રભારી ઘાયલ થઈ ગયાં. વિવાદ બાદ પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો, પરંતુ બપોર થતાં ફરી પથ્થરમારો શરૂ થઈ ગયો. પોલીસે ફરી લાઠીચાર્જ કરીને ટિયર ગેસ છોડ્યો. હોબાળા વચ્ચે કાર્યવાહી ચાલુ રહી. જોકે, નમાજના સમયે તેને રોકી દેવામાં આવી હતી. ત્યારબાદ મામલો શાંત થઈ ગયો.

પોલીસે 15 લોકોને કસ્ટડીમાં લીધા છે. 7 લોકો વિરુદ્ધ FIR નોંધવામાં આવી છે, જેમાં સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સનો સમાવેશ થાય છે. તેમના પર વાતાવરણ બગાડવાનો આરોપ છે. સિંહસ્થ પ્રોજેક્ટ હેઠળ ઉજ્જૈનમાં કોયલા ફાટકથી ગોપાલ મંદિર સુધીના દોઢ કિલોમીટર વિસ્તારના રસ્તાને 15 મીટર પહોળો કરવામાં આવશે. આ માટે 323 મકાનો તોડવામાં આવશે. તેમાં 15 ધાર્મિક સ્થળો છે. અત્યાર સુધીમાં 12 ધાર્મિક સ્થળો હટાવી દેવામાં આવ્યા છે.

CJIને ભૂતપૂર્વ નેવી ચીફ-અધિકારીઓ સહિત 2000 લોકોનો પત્ર

SIRની માન્યતા અને પ્રક્રિયાની સમીક્ષા ન થાય ત્યાં સુધી તેના પર રોક લગાવવામાં આવે

નવી દિલ્હી, તા.28

દેશના 2 હજારથી વધુ નાગરિકોએ ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યકાંતને પત્ર લખીને સ્પેશલ ઈન્ટેન્સિવ રિવિઝન એટલે કે SIR પર રોક લગાવવાની માગ કરી છે. સાથે જ ચૂંટણી પંચની ભૂમિકા અંગે સ્વતઃ સંજ્ઞાન લઈને કાર્યવાહી શરૂ કરવાની અપીલ કરવામાં આવી છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે SIRની માન્યતા અને પ્રક્રિયાની સમીક્ષા ન થાય ત્યાં સુધી તેને રોકવામાં આવે. મતદાર નોંધણી સોફ્ટવેર અને ફોર્મમાં કરાયેલા કથિત અનધિકૃત ફેરફારોની કોર્ટની દેખરેખ હેઠળ તપાસ કરાવવામાં આવે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને અન્ય અધિકારીઓ વિરુદ્ધ યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવાની તથા ઈસીઆઈનેટનું સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત સ્વતંત્ર નિષ્ણાત સમિતિ પાસેથી સુરક્ષા અને કાનૂની ઓડિટ કરાવવાની માગ પણ કરવામાં આવી છે.

પત્ર પર હસ્તાક્ષર કરનારાઓમાં પૂર્વ નૌકાદળ પ્રમુખ એડમિરલ વિષ્ણુ ભાગવત, પૂર્વ IAS અધિકારી અદિતિ મહેતા, વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણ, ઈતિહાસકાર આદિત્ય મુખર્જી અને

અભિનેતા પ્રકાશ રાજ સહિત શિક્ષણવિદો, વકીલો, પત્રકારો અને સામાજિક કાર્યકરોનો સમાવેશ થાય છે.

ચૂંટણી પંચે શનિવારની બેઠકમાં પોતાની કામગીરી અને ચૂંટણી વ્યવસ્થા સાથે જોડાયેલા 9 નિર્ણયો લીધા. પંચે કહ્યું કે બેઠકો પહેલાં એજન્ડા શેર કરવામાં આવશે અને ત્યારબાદ નિર્ણયોની નોંધ તૈયાર કરવામાં આવશે. નવા IT મોડ્યુલો અને પોર્ટલને લાગુ કરતાં પહેલાં તેમની સમીક્ષા પણ કરવામાં આવશે. પંચની બેઠકમાં મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર, બંને ચૂંટણી કમિશનર સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશી હાજર રહ્યા. આંતરિક મતભેદોના દાવાઓ વચ્ચે પંચે સ્પષ્ટ કર્યું કે મતદાર યાદીઓના વિશેષ સઘન પુનરીક્ષણ (SIR) સાથે જોડાયેલા નિર્ણયો સર્વસંમતિથી લેવામાં આવ્યા હતા.

સુપ્રીમ કોર્ટે કહ્યું- ચૂંટણી પંચ 4 મહિનામાં TMC વિવાદ ઉકેલે: પાર્ટીનું નામ-ચિહ્ન ફ્રીઝ

નવી દિલ્હી, તા.28

સુપ્રીમ કોર્ટે સોમવારે તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના નામ અને 'ફૂલ-પાંદડી' ચૂંટણી ચિહ્ન સાથે જોડાયેલા વિવાદ પર નિર્ણય આપવા માટે સમયમર્યાદા નક્કી કરી. કોર્ટે બંને જૂથોને એક મહિનામાં પોતાની દલીલો પૂર્ણ કરવા અને ત્યાર બાદ ચૂંટણી પંચને ત્રણ મહિનામાં નિર્ણય આપવા નિર્દેશ આપ્યો. એટલે કે સમગ્ર પ્રક્રિયા 4 મહિનામાં પૂર્ણ કરવી પડશે. ચૂંટણી પંચે વિવાદ ઉકેલવા માટે 6 મહિનાનો સમય આપવા અપીલ કરી હતી, પરંતુ કોર્ટે તેને ફગાવી દીધી.

આ આદેશ મમતા બેનર્જીની અરજી પર સુનાવણી દરમિયાન આવ્યો. તેમણે ચૂંટણી પંચના તે વચગાળાના નિર્ણયને પડકાર્યો હતો, જેમાં TMCના નામ અને ચૂંટણી ચિહ્નના ઉપયોગ પર રોક લગાવવામાં આવી હતી.

શિવસેનાના નામ અને ચૂંટણી ચિહ્ન સાથે જોડાયેલો વિવાદ લગભગ 4 વર્ષથી પેન્ડિંગ છે,

જ્યારે NCPનો મામલો પણ 3 વર્ષથી પેન્ડિંગ છે. બંને મામલામાં અલગ-અલગ જૂથોએ પાર્ટીના નામ અને ચૂંટણી ચિહ્ન પર દાવો કર્યો છે. સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને સૂચન કર્યું છે કે તેઓ TMC વિવાદને ઝડપથી ઉકેલવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને મશીન લર્નિંગનો ઉપયોગ કરે. કોર્ટે કહ્યું કે આ આધુનિક ટેકનીકોની મદદથી જટિલ કાનૂની દસ્તાવેજોને વાંચવા અને સમજવાનું કામ ખૂબ ઝડપથી થઈ શકે છે, જેના કારણે આ સમગ્ર મામલો 6 મહિનાને બદલે માત્ર 3 મહિનામાં જ ઉકેલી શકાય છે.

બંગાળની બે વિધાનસભા બેઠકો નંદીગ્રામ અને રેજીનગરમાં 6 ઑક્ટોબરે પેટાચૂંટણી યોજાવાની છે. ટીએમસીના બંને જૂથોએ અસલી નામ અને ચિહ્ન સાથે ચૂંટણી લડવાની માગણી કરી હતી. ECએ 17 સપ્ટેમ્બરે મમતા બેનર્જી અને અરૂપ રૉયના નેતૃત્વવાળા બંને જૂથોના નેતાઓની સુનાવણી કરી હતી. સુનાવણી બાદ ચૂંટણી પંચે ટીએમસી નામ અને ચૂંટણી ચિહ્ન ફ્રીઝ કરી દીધાં.

પંચે 18 સપ્ટેમ્બરે મમતા બેનર્જીના જૂથને 'મમતા ઑલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ' અને 'ફૂટબૉલ ખેલાડી'નું ચિહ્ન આપ્યું, જ્યારે બીજા જૂથને 'ડેમોક્રેટિક તૃણમૂલ કોંગ્રેસ' અને 'પરબિડિયું'નું ચિહ્ન આપવામાં આવ્યું છે.

પશ્ચિમ બંગાળની નંદીગ્રામ અને રેજીનગર વિધાનસભા બેઠકો પર 6 ઓક્ટોબરે પેટાચૂંટણી યોજાશે. મતગણતરી 9 ઓક્ટોબરે થશે. બંને જૂથોએ એક જ ચિહ્ન પર ઉમેદવારો ઊભા રાખ્યા હતા. કોર્ટે નામ-ચૂંટણી ચિહ્ન ફ્રીઝ કર્યા બાદ હવે ઉમેદવારો નવા ચિહ્નો પર ચૂંટણી લડશે. નંદીગ્રામ લાંબા સમયથી TMC અને ભાજપ વચ્ચેના રાજકીય સંઘર્ષનું મુખ્ય કેન્દ્ર રહ્યું છે. આ વિસ્તારમાં 2007ના જમીન અધિગ્રહણ વિરોધી આંદોલને મમતા બેનર્જી અને TMCને 2011માં સત્તા સુધી પહોંચાડવામાં મોટી ભૂમિકા ભજવી હતી. 2021માં મમતાએ અહીંથી બંગાળના વર્તમાન મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારી સામે ચૂંટણી લડી હતી, પરંતુ તેઓ હારી ગયાં હતાં. અધિકારી BJPમાં સામેલ થયા બાદ TMCના સૌથી મોટા પ્રતિસ્પર્ધી બની ચૂક્યા છે. 2026ની વિધાનસભા ચૂંટણીમાં શુભેન્દુ અધિકારીએ નંદીગ્રામ ઉપરાંત ભવાનીપુર બેઠક પરથી પણ ચૂંટણી લડી હતી અને બંને જગ્યાએ જીત મેળવી હતી. ભવાનીપુરમાં તેમણે મમતા બેનર્જીને 15,105 મતોથી હરાવ્યાં હતાં. અધિકારીને 73,917 મત મળ્યા હતા, જ્યારે મમતા બેનર્જીને 58,812 મત મળ્યા હતા. બાદમાં અધિકારીએ ભવાનીપુર બેઠક પોતાની પાસે રાખી અને નંદીગ્રામમાંથી રાજીનામું આપી દીધું. ત્યારબાદ નંદીગ્રામ બેઠક ખાલી થઈ હતી.

યુવકે પહેલી પત્ની અને ૩ બાળકો હોવાની વાત છુપાવી યુવતી બીજા લગ્ન કર્યા, નારોલ પોલીસે ગુનો નોંધ્યો

અમદાવાદ, તા.28

અમદાવાદના નારોલ અને વટવા વિસ્તારમાંથી એક અત્યંત ચોંકાવનારો અને માનવતાને શરમાવે તેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જ્યાં પ્રેમજાળમાં ફસાવીને એક યુવતીનું જીવન બર્બાદ કરવાનો ગંભીર ગુનો સામે આવ્યો છે. નારોલ વિસ્તારમાં આવેલી જૂની કોર્ટ પાસે રહેતી ૨૬ વર્ષીય યુવતીને પોતાના પ્રેમમાં અંધ બનાવીને વટવા સરણીયાવાસ ખાતે રહેતા રવિ સરણિયા નામના પરિણીત યુવકે વિશ્વાસઘાત કર્યો છે. આરોપી રવિ પોતે પહેલાથી જ પરણિત હોવાની અને તેને સંસારમાં ત્રણ બાળકો પણ હોવાની છુપી હકીકત સંપૂર્ણપણે છુપાવી રાખીને યુવતી સાથે કપટપૂર્વક બીજા લગ્ન કરી લીધા હતા. આ સમગ્ર છેતરપિંડીનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે આરોપી રવિના પરિવારજનોએ અચાનક પીડિત યુવતીના ઘરે પહોંચીને ભારે હોબાળો મચાવ્યો હતો. પોતાની સાથે થયેલી આટલી મોટી દગાખોરી અને છેતરપિંડીથી સ્તબ્ધ થઈ ગયેલી પીડિતાએ હિંમત ભેગી કરીને નારોલ પોલીસ સ્ટેશનમાં આરોપી રવિ સરણિયા વિરુદ્ધ વિશ્વાસઘાત અને બીજા લગ્ન કરવા અંગેની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરીને કાયદેસરની તપાસ ચક્ર ગતિમાન કર્યા છે.

ઘટનાની વિગતવાર પૃષ્ઠભૂમિ પર નજર કરીએ તો, આશરે સાત વર્ષ અગાઉ વટવા ખાતે યોજાયેલા એક ધાર્મિક પ્રસંગ દરમિયાન નારોલની ૨૬ વર્ષીય યુવતીનો પરિચય વટવાના સરણીયાવાસમાં રહેતા રવિ સરણિયા સાથે થયો હતો. શરૂઆતમાં સામાન્ય ઓળખાણ બાદ બંને વચ્ચે અવારનવાર ફોન પર વાતચીતનો દોર શરૂ થયો હતો, જે જોતજોતામાં ગાઢ પ્રેમસંબંધમાં પરિણમ્યો હતો. યુવતીના નિર્દોષ પ્રેમનો ગેરલાભ ઉઠાવીને વર્ષ ૨૦૧૯માં આરોપી રવિ તેને ઓઢવ વિસ્તારમાં આવેલી એક હોટલમાં લઈ ગયો હતો. ત્યાં તેણે યુવતીને નિકટના ભવિષ્યમાં તેની સાથે જ લગ્ન કરવાની ખોટી અને કપટપૂર્ણ ખાતરી આપીને તેની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધો બાંધ્યા હતા. લગ્નના જુઠ્ઠા વાયદાઓ આપીને આરોપી લાંબા સમય સુધી યુવતીનું શારીરિક અને માનસિક શોષણ કરતો રહ્યો હતો.

ત્યારબાદ પોતાના પાપ અને છેતરપિંડીને સાચું રૂપ આપવા માટે ૨૫મી એપ્રિલ ૨૦૨૩ના રોજ આરોપી રવિએ ઘીકાંટા ખાતે એક ગોરમહારાજની હાજરીમાં યુવતી સાથે હિન્દુ વિધિ મુજબ લગ્ન કર્યા હતા. એટલું જ નહીં, પોતાની આ ચાલબાજી પર સરકારી મોહર મારવા માટે તેણે બીજા જ દિવસે એટલે કે ૨૬મી એપ્રિલ ૨૦૨૩ના રોજ દરિયાપુર વોર્ડ ઓફિસમાં જઈને આ લગ્નનું સત્તાવાર રજિસ્ટ્રેશન પણ કરાવી લીધું હતું. લગ્ન સંપન્ન થઈ ગયા હોવા છતાં, રવિ કોઈને કોઈ બહાના બતાવીને યુવતીને પોતાના ઘરે સાસરે લઈ જવાનું ટાળતો હતો, જેના કારણે યુવતી લગ્ન પછી પણ પોતાની માતા સાથે નારોલ ખાતે જ રહેતી હતી. જ્યારે પણ યુવતી તેને વિધિવત રીતે સાસરે લઈ જવા માટે દબાણ કરતી, ત્યારે રવિ અવનવા વાયદાઓ કરી વાત ઉડાવી દેતો હતો અને તેને હાથીજણ પાસે આવેલા એક ગેસ્ટ હાઉસમાં લઈ જઈને અવારનવાર સંબંધો બાંધતો રહ્યો હતો. આ કપટપૂર્ણ નાટકનો અંત જુલાઈ ૨૦૨૬માં આવ્યો, જ્યારે રવિના પરિવારજનો અચાનક જ યુવતીના ઘરે નારોલ પહોંચી ગયા હતા. તેમણે યુવતી અને તેની માતા સાથે ભારે ઝઘડો કરીને હોબાળો મચાવ્યો હતો અને એક ચોંકાવનારો ખુલાસો કર્યો હતો કે રવિના અગાઉથી જ ઉમા નામની સ્ત્રી સાથે વિધિવત લગ્ન થઈ ચૂક્યા છે અને તે ત્રણ બાળકોનો પિતા પણ છે. આ સાંભળીને પીડિત યુવતી અને તેના પરિવારના પગ તળેથી જમીન ખસી ગઈ હતી. પોતાની સાથે આટલા વર્ષોથી રમાઈ રહેલી ગંદી રમત અને વિશ્વાસઘાતનું સત્ય સામે આવતા જ યુવતી માનસિક રીતે ભાંગી પડી હતી. અંતે, છેતરપિંડી અને દગાખોરીનો ભોગ બનેલી યુવતીએ નારોલ પોલીસ મથકે પહોંચીને આરોપી રવિ સરણિયા વિરુદ્ધ નામજોગ ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે આરોપી સામે કાયદાકીય શિકંજો કસવા આગળની કાર્યવાહી હાથ ધરી છે.

અમદાવાદ ગ્રામ્યમાં બેરોકટોક ધમધમે છે દેશી-વિદેશી દારૂના અડ્ડા: પોલીસની રહસ્યમય નિષ્ક્રિયતા સામે સ્થાનિકોમાં આક્રોશ

અમદાવાદ, તા.28

ગુજરાતમાં ફક્ત કાગળ પર જ દારૂબંધી હોય તેવું લાગી રહ્યું છે. અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં દારૂબંધીના ખુલ્લેઆમ લીરેલીરા ઊડતા હોવાના દ્રશ્યો સામે આવ્યા છે. ભાવનગરના દર્દનાક લઠ્ઠાકાંડની શાહી હજુ પૂરી સૂકાઈ નથી, ત્યાં ફરી એકવાર અમદાવાદ ગ્રામ્યના વિવિધ તાલુકાઓમાં દેશી અને વિદેશી દારૂના અડ્ડાઓ બેરોકટોક ધમધમી રહ્યા હોવાથી સ્થાનિક જનતામાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે.

મળતી માહિતી મુજબ, અમદાવાદ ગ્રામ્યના દસક્રોઈ, સાણંદ, બાવળા, ધોળકા, ધંધુકા અને ધોલેરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં દેશી દારૂની ભઠ્ઠીઓ અને વિદેશી દારૂના નેટવર્ક ખુલ્લેઆમ ચાલી રહ્યા છે. બુટલેગરોને જાણે પોલીસ કે કાયદાનો કોઈ ડર જ ન રહ્યો હોય તેમ બેફામ બનીને દારૂનું વેચાણ કરી રહ્યા છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી હોવા છતાં સ્થાનિક પોલીસ આ બાબતે મૌન સેવીને બેઠી હોય તેવો ઘાટ સર્જાયો છે.

સૌથી ચોંકાવનારી અને ગંભીર બાબત એ છે કે, અસલાલી પોલીસ સ્ટેશનની હદમાં આવેલી કમોડ ચોકડી પર 24 કલાક કથિત રીતે ગેરકાયદે પ્રવૃત્તિઓ ચાલતી હોવાની ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી છે. અહીંથી દિવસ-રાત દારૂનું નેટવર્ક ઓપરેટ થઈ રહ્યું હોવાનો સ્થાનિકો આક્ષેપ છે.

શું પોલીસને બુટલેગરોનો ડર છે કે પછી ખાખી અને બુટલેગરો વચ્ચે કોઈ સાંઠગાંઠ ચાલી રહી છે? ગુનાખોરી અટકાવવા અને ગુનેગારોને શોધી કાઢવા માટે લાખો રૂપિયાનું મોટું નેટવર્ક અને બાતમીદારો ધરાવતી લોકલ ક્રાઈમ બ્રાન્ચ(LCB)ને આ અડ્ડાઓની માહિતી કેમ મળતી નથી?

સ્થાનિકોનો આરોપ છે કે, ઉચ્ચ અધિકારીઓ દ્વારા માત્ર કાગળ પર જ દારૂબંધીનું પાલન કરાવવામાં આવે છે. જ્યારે જમીની સ્તરે બુટલેગરોને મોકળું મેદાન મળી ગયું છે. આ અંગેનો દારૂબંધીના ધજાગરા ઉડાડતો એક વીડિયો પણ સામે આવતા પોલીસ તંત્રની કામગીરી સામે શંકા વર્તાઈ રહી છે.

નેટવર્ક પ્રોબ્લેમ સોલ્વ કરવાના નામે અમદાવાદની મહિલા સાથે ઠગાઈ, EID નંબર મેળવી ફ્રોડ આચર્યો

અમદાવાદ, તા.28

અમદાવાદના જોધપુર ગામમાં રહેતા અને એક ખાનગી કંપનીમાં ડાયરેક્ટર તરીકે ફરજ બજાવતા ૫૫ વર્ષીય મહિલા સાથે ઈ-સીમ (eSIM) એક્ટિવેટ કરવાના બહાને ૯૯,૯૦૦ રૂપિયાની સાયબર ઠગાઈ થઈ હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ઠગે કંપનીના પ્રતિનિધિ તરીકેની ઓળખ આપી મહિલાના ફોનમાં EID નંબર નખાવી સીમકાર્ડ પોતાના મોબાઈલમાં ચાલુ કરી લીધું હતું અને બાદમાં બૅંક એકાઉન્ટમાંથી ઓનલાઈન પેમેન્ટ એપ મારફતે નાણાં ટ્રાન્સફર કરી લીધા હતા.

જોધપુર ગામ ખાતે રહેતાં 55 વર્ષીય પ્રમીલાબહેન જૈન અને તેના પરિવારજનોએ જુલાઈ મહિનામાં પોતાના મોબાઈલ નંબરો અન્ય કંપનીમાં પોર્ટ કરાવવા માટે ઓનલાઈન રિક્વેસ્ટ કરી હતી. ત્યારબાદ વિજયકુમાર જિતીયા નામના વ્યક્તિએ સીમકાર્ડ કંપનીમાંથી બોલતા હોવાનો દાવો કરી પરિવારના સભ્યોના નંબરોની વિગતો મેળવી હતી. 15મી જુલાઈના રોજ પ્રમીલાબહેન, તેની પુત્રી અને પતિના ત્રણ મોબાઈલ નંબર પોર્ટ કરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ હતી. જોકે, સીમકાર્ડ એક્ટિવેટ થયા બાદ નેટવર્કનો પ્રોબ્લેમ ઊભો થતાં પરિવારે કંપનીની એપ અને સંબંધિત વ્યક્તિને ફરિયાદ કરી હતી. દરમિયાન 26મી જુલાઈએ પ્રમીલાબહેનને એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. સામેવાળા વ્યક્તિએ કંપનીના કર્મચારી તરીકે ઓળખ આપી નેટવર્કની સમસ્યાના ઉકેલ માટે ઈ-સીમ (eSIM) એક્ટિવેટ કરવાનું સૂચન કર્યું હતું. ઠગે પ્રમીલાબહેનને મોબાઈલ એપમાં પ્રોસેસ કરાવી EID (Embedded Identity Document) નંબર જનરેટ કરાવ્યો હતો અને સિસ્ટમમાં દેખાતો હોવાનું કહી એપમાં લખાવ્યો હતો. ત્યારબાદ OTP મેળવીને આરોપીએ મહિલાનું ઈ-સીમ પોતાના ડિવાઈસમાં એક્ટિવેટ કરી લીધું હતું. પ્રક્રિયા પૂરી થતાં જ પ્રમીલાબહેનનો ફોન બંધ થઈ ગયો હતો.

મોબાઈલ સીમકાર્ડ ચાલુ ન થતાં પરિવારે સ્ટોર પર જઈને નવું ફિઝિકલ સીમકાર્ડ મેળવ્યું હતું. ત્યારબાદ ચોથી ઓગસ્ટના રોજ પ્રમીલાબહેન બૅંક ટ્રાન્ઝેક્શન માટે સ્ટેટમેન્ટ કઢાવતાં તેમના એકાઉન્ટમાંથી ફોનપે (PhonePe) મારફતે 99,900 રૂપિયા અન્ય બૅંક ખાતામાં ટ્રાન્સફર થઈ ગયા હોવાનું માલૂમ પડ્યું હતું. સાયબર ફ્રોડનો ભોગ બન્યાની જાણ થતાં જ ભોગ બનનારે 1930 સાયબર ક્રાઈમ હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવી છે. જોધપુર ગામ ખાતે રહેતાં 55 વર્ષીય પ્રમીલાબહેન જૈન અને તેના પરિવારજનોએ જુલાઈ મહિનામાં પોતાના મોબાઈલ નંબરો અન્ય કંપનીમાં પોર્ટ કરાવવા માટે ઓનલાઈન રિક્વેસ્ટ કરી હતી. ત્યારબાદ વિજયકુમાર જિતીયા નામના વ્યક્તિએ સીમકાર્ડ કંપનીમાંથી બોલતા હોવાનો દાવો કરી પરિવારના સભ્યોના નંબરોની વિગતો મેળવી હતી. 15મી જુલાઈના રોજ પ્રમીલાબહેન, તેની પુત્રી અને પતિના ત્રણ મોબાઈલ નંબર પોર્ટ કરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ હતી.

કૃષ્ણનગરમાં BRTS કોરિડોરમાં ઘૂસેલી રિક્ષાએ વૃદ્ધ સિક્યુરિટી ગાર્ડને અડફેટે લીધા

અમદાવાદ, તા.28

અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાં શનિવારે મોડી રાત્રે BRTS કોરિડોરમાં થયેલા અકસ્માતમાં 62 વર્ષીય સિક્યુરિટી ગાર્ડનું મોત નીપજતાં ચકચાર મચી ગઈ છે. સ્કાયલાઈન સિરામિક ટાઈલ્સ મોલ સામે આવેલા BRTS રોડ પર રસ્તો ક્રોસ કરી રહેલા વૃદ્ધને પૂરપાટ ઝડપે આવેલી ઓટોરિક્ષાએ જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે રંગુસિંહ ચૌહાણને માથા તેમજ કાનના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને શરીરના અન્ય ભાગે પણ ઈજાઓ થઈ હતી. અકસ્માત બાદ આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પરિવારજનોની મદદથી ઈજાગ્રસ્ત રંગુસિંહને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોડી રાત્રે તેમનું મોત નીપજ્યું હતું.

મળતી માહિતી મુજબ મૂળ સતલાસણાના ટીબા ગામના રહેવાસી અને હાલ અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાં શ્રદ્ધા ફ્લેટમાં રહેતા રંગુસિંહ બદસિંહ ચૌહાણની ઉંમર 62 વર્ષ હતી. તેઓ ઠક્કરબાપાનગર વિસ્તારમાં આવેલા જંબુકા કોમ્પ્લેક્સમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા હતા. રોજિંદી જેમ તેઓ 26 સપ્ટેમ્બરની રાત્રે પણ પોતાના કામકાજના સ્થળેથી પરત ફરી રહ્યા હતા. દરમિયાન સ્કાયલાઈન સિરામિક ટાઈલ્સ મોલ સામે આવેલા BRTS ટ્રેક પરથી તેઓ રસ્તો ક્રોસ કરી રહ્યા હતા ત્યારે પૂરપાટ ઝડપે આવેલી ઓટોરિક્ષાએ તેમને અડફેટે લીધા હતા.

આ અકસ્માત અંગે મળતી વિગતો પ્રમાણે ઓટોરિક્ષા BRTS માટે પ્રતિબંધિત ગણાતા કોરિડોરમાં ઘૂસી આવી હતી. BRTS કોરિડોરમાં સામાન્ય વાહનોના પ્રવેશ પર નિયંત્રણ હોવા છતાં રિક્ષા ત્યાંથી પસાર થઈ રહી હતી. આ દરમિયાન રસ્તો ક્રોસ કરી રહેલા રંગુસિંહને રિક્ષાચાલકે અડફેટે લેતાં તેઓ રસ્તા પર પટકાયા હતા. ટક્કરના કારણે તેમના માથામાં ગંભીર ઈજા થઈ હતી અને કાનમાંથી પણ લોહી નીકળવા લાગ્યું હતું. બનાવને પગલે આસપાસના લોકો મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા હતા અને થોડા જ સમયમાં રંગુસિંહના પરિવારજનોને પણ અકસ્માતની જાણ થઈ હતી. અકસ્મતની ગંભીરતા જોતા સ્થાનિક લોકોએ સમય ગુમાવ્યા વગર રંગુસિંહને સારવાર માટે સિવિલ હોસ્પિટલ પહોંચાડવાની વ્યવસ્થા કરી હતી. પરિવારજનો પણ તેમની સાથે હોસ્પિટલ પહોંચ્યા હતા. તબીબોએ તેમની સ્થિતિ ગંભીર હોવાથી સારવાર શરૂ કરી હતી, પરંતુ ઈજાઓ વધુ ગંભીર હોવાના કારણે તેમને બચાવી શકાયા નહોતા. મોડી રાત્રે આશરે બે વાગ્યાના અરસામાં ફરજ પરના તબીબે રંગુસિંહને મૃત જાહેર કર્યા હતા. વૃદ્ધના મોતના સમાચાર મળતાં પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી.

આ બનાવમાં અકસ્માત સર્જાયા બાદ રિક્ષાચાલકની ભૂમિકા પણ સવાલોના ઘેરામાં આવી છે. અકસ્માત બાદ લોકોની મદદથી ઈજાગ્રસ્તને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા, પરંતુ હોસ્પિટલમાં પહોંચ્યા બાદ અજાણ્યો રિક્ષાચાલક તકનો લાભ લઈને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. અકસ્માત સર્જ્યા બાદ ઈજાગ્રસ્તને હોસ્પિટલ સુધી પહોંચાડ્યા પછી આરોપીનું નાસી છૂટવું પોલીસ માટે પણ તપાસનો મહત્વનો મુદ્દો બન્યો છે. પોલીસે હવે ફરાર રિક્ષાચાલકને શોધવા માટે તપાસ શરૂ કરી છે.

બનાવની જાણ થતાં ટ્રાફિક પોલીસની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે અકસ્માત અંગે ગુનો નોંધીને ફરાર રિક્ષાચાલકની શોધખોળ હાથ ધરી છે. રિક્ષાચાલક અકસ્માત બાદ કઈ દિશામાં ગયો હતો, રિક્ષાની ઓળખ કેવી રીતે થઈ શકે અને અકસ્માતના સમયે રિક્ષાની ઝડપ કેટલી હતી તે સહિતના મુદ્દાઓની તપાસ કરવામાં આવી રહી છે. ઘટનાસ્થળની આસપાસના CCTV કેમેરાના ફૂટેજ પણ પોલીસ માટે મહત્વની કડી બની શકે છે. આસપાસના કોમર્શિયલ કોમ્પ્લેક્સ, દુકાનો અને રસ્તા પર લગાવવામાં આવેલા કેમેરાના ફૂટેજ મેળવી રિક્ષાચાલકની ઓળખ કરવાનો પ્રયાસ થઈ શકે છે.

કૃષ્ણનગર વિસ્તારમાં BRTS કોરિડોરમાં સામાન્ય વાહનોની અવરજવર સામે નિયંત્રણ હોવા છતાં વાહનો ગેરકાયદેસર રીતે કોરિડોરમાં પ્રવેશતા હોવાના પ્રશ્નો પણ આ અકસ્માત બાદ ફરી ચર્ચામાં આવ્યા છે. BRTS કોરિડોર ખાસ બસોના ઝડપી અને સુરક્ષિત સંચાલન માટે બનાવવામાં આવ્યો છે. આવા કોરિડોરમાં અન્ય વાહનો પ્રવેશતા હોય તો વાહનચાલકો તેમજ રસ્તો ક્રોસ કરતા રાહદારીઓ માટે જોખમ ઊભું થઈ શકે છે. આ બનાવમાં પણ રિક્ષા પ્રતિબંધિત કોરિડોરમાં પ્રવેશી હોવાનો આક્ષેપ છે અને પોલીસે આ દિશામાં તપાસ શરૂ કરી છે. બીજી તરફ, અકસ્માતમાં જીવ ગુમાવનાર રંગુસિંહ ચૌહાણ પરિવાર માટે એકમાત્ર અકસ્માતના શિકાર બનેલા વ્યક્તિ જ નહીં પરંતુ રોજગાર માટે નિયમિત મહેનત કરતા પરિવારના સભ્ય હતા. 62 વર્ષની ઉંમરે પણ તેઓ સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરીને પરિવારને આર્થિક રીતે સહયોગ આપી રહ્યા હતા. અચાનક બનેલી આ ઘટનાએ પરિવારને મોટો આઘાત પહોંચાડ્યો છે. અકસ્માતની જાણ થયા બાદ હોસ્પિટલમાં પરિવારજનોની દોડધામ થઈ હતી, પરંતુ સારવાર દરમિયાન રંગુસિંહનું મોત થતાં પરિવારજનો પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો. હાલ ટ્રાફિક પોલીસે સમગ્ર મામલે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. ફરાર રિક્ષાચાલકની ઓળખ અને ધરપકડ થયા બાદ અકસ્માત કેવી રીતે સર્જાયો, રિક્ષા BRTS કોરિડોરમાં શા માટે પ્રવેશી હતી, રિક્ષાની ઝડપ કેટલી હતી અને અકસ્માત બાદ ચાલક કેમ ફરાર થયો જેવા સવાલોના જવાબ મળી શકે છે. પોલીસ દ્વારા CCTV ફૂટેજ તેમજ અન્ય ઉપલબ્ધ પુરાવાના આધારે તપાસ આગળ વધારવામાં આવી રહી છે.

નમો ભારત રેપિડ રેલ એક દિવસ માટે રદ, અમદાવાદ-ભુજ વચ્ચેના મુસાફરોને હાલાકી

ટેક્નિકલ ખામી અને મંથલી મેન્ટેનન્સના કારણે ટ્રેન સેવા પ્રભાવિત, એક જ રેક હોવાથી વિકલ્પરૂપે અન્ય રેક ઉપલબ્ધ નહીં

અમદાવાદ, તા.28

અમદાવાદ અને ભુજ વચ્ચે દોડતી નમો ભારત રેપિડ રેલના મુસાફરો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. ટ્રેનમાં અચાનક ટેક્નિકલ ખામી સર્જાવા ઉપરાંત માસિક જાળવણી એટલે કે મંથલી મેન્ટેનન્સની કામગીરી હાથ ધરવાની હોવાથી ટ્રેનનું સંચાલન નિર્ધારિત સમયગાળા માટે રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયના કારણે અમદાવાદથી કચ્છ તરફ અને કચ્છથી અમદાવાદ તરફ મુસાફરી કરનારા મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડશે. ખાસ કરીને જે મુસાફરોએ અગાઉથી ટિકિટનું બુકિંગ કરાવી લીધું છે, તેમના પ્રવાસના આયોજન પર પણ તેની સીધી અસર પડી શકે છે.

મળતી માહિતી મુજબ અમદાવાદ-ભુજ વચ્ચે દોડતી ટ્રેન નંબર 94801, જે અમદાવાદથી ભુજ તરફ જાય છે, તે 28 સપ્ટેમ્બર 2026ના રોજ રદ રહેશે. જ્યારે ટ્રેન નંબર 94802, જે ભુજથી અમદાવાદ તરફ દોડે છે, તે 28 સપ્ટેમ્બર તેમજ 29 સપ્ટેમ્બર 2026ના રોજ રદ રાખવામાં આવી છે. એટલે કે આ સમયગાળા દરમિયાન અમદાવાદ અને ભુજ વચ્ચે આ રેપિડ રેલની નિયમિત સેવા ઉપલબ્ધ રહેશે નહીં. રેલવે પ્રશાસન દ્વારા ટ્રેનના ટેક્નિકલ પાસાંની તપાસ અને જરૂરી જાળવણીની કામગીરીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

અમદાવાદ-ભુજ રૂટની આ ટ્રેન સેવામાં સૌથી મોટી વ્યવહારિક મર્યાદા એ છે કે હાલમાં સંચાલન માટે માત્ર એક જ રેક ઉપલબ્ધ છે. સામાન્ય રીતે કોઈ રૂટ પર એકથી વધુ રેક ઉપલબ્ધ હોય તો એક ટ્રેનમાં ટેક્નિકલ ખામી સર્જાય અથવા મેન્ટેનન્સની જરૂરિયાત ઊભી થાય ત્યારે અન્ય રેકની મદદથી સેવા ચાલુ રાખવાનો વિકલ્પ રહે છે. પરંતુ અમદાવાદ-ભુજ વચ્ચેના આ રૂટ પર એક જ રેકના આધારે સંચાલન થતું હોવાથી ટ્રેનના રેકને જાળવણી માટે મોકલવામાં આવે ત્યારે વૈકલ્પિક રેક ઉપલબ્ધ રહેતો નથી. પરિણામે ટેક્નિકલ ખામી કે નિયમિત મેન્ટેનન્સ જેવી સ્થિતિમાં ટ્રેન સેવા રદ કરવા સિવાય રેલવે તંત્ર પાસે મર્યાદિત વિકલ્પો રહે છે.

ટ્રેનના સંચાલન માટે રેકની નિયમિત જાળવણી ખૂબ મહત્વપૂર્ણ હોય છે. મુસાફરોની સુરક્ષા તેમજ ટ્રેનની કામગીરીમાં કોઈ ખામી ન સર્જાય તે માટે સમયાંતરે મેન્ટેનન્સ કરવામાં આવે છે. બ્રેકિંગ સિસ્ટમ, ઈલેક્ટ્રિકલ સિસ્ટમ, દરવાજા, કોચની વિવિધ ટેક્નિકલ વ્યવસ્થાઓ અને અન્ય સાધનોની તપાસ તથા જરૂરી સમારકામ મેન્ટેનન્સ પ્રક્રિયાનો ભાગ હોય છે. આવી કામગીરી દરમિયાન ટ્રેનને સેવા પર મૂકવી શક્ય ન હોવાથી નિર્ધારિત સમય માટે સંચાલન બંધ રાખવું પડે છે.

આ તરફ અચાનક ટ્રેન રદ થવાના કારણે એડવાન્સ બુકિંગ કરાવનારા મુસાફરોમાં પણ મુશ્કેલી ઊભી થઈ શકે છે. અમદાવાદથી કચ્છ તરફ જવા માટે નમો ભારત રેપિડ રેલનો ઉપયોગ કરતા મુસાફરોમાં નોકરી, વ્યવસાય, પરિવારિક પ્રસંગો તેમજ અન્ય જરૂરી કામ માટે મુસાફરી કરનારા લોકોનો સમાવેશ થાય છે. ઘણા મુસાફરો અગાઉથી પોતાની મુસાફરીનું આયોજન કરીને ટિકિટ બુક કરાવતા હોય છે. છેલ્લી ઘડીએ ટ્રેન રદ થવાથી તેમને વૈકલ્પિક પરિવહન વ્યવસ્થા શોધવી પડશે. ખાસ કરીને લાંબા અંતરની મુસાફરી હોવાથી બસ અથવા અન્ય ટ્રેનમાં જગ્યા મેળવવી મુશ્કેલ બની શકે છે.

કચ્છ અને અમદાવાદ વચ્ચે નિયમિત અવરજવર કરતા મુસાફરો માટે આ ટ્રેન મહત્વપૂર્ણ પરિવહન વિકલ્પ તરીકે ઉપયોગમાં આવે છે. નમો ભારત રેપિડ રેલ શરૂ થયા બાદ બંને શહેરો વચ્ચે ઝડપી અને સુવિધાજનક મુસાફરીનો વિકલ્પ મળ્યો છે. જેના કારણે સમય બચાવવા ઈચ્છતા મુસાફરો આ સેવાને પસંદ કરતા હોય છે. આવી સ્થિતિમાં એક જ રેકના આધારે ટ્રેન સેવા ચલાવવામાં આવતી હોવાથી ટેક્નિકલ ખામી કે મેન્ટેનન્સ સમયે આખી સેવા પ્રભાવિત થતી હોવાનો મુદ્દો ફરી સામે આવ્યો છે.

રેલવે તંત્ર માટે પણ આ પરિસ્થિતિ એક પડકારરૂપ બની રહી છે. એક જ રેક ઉપલબ્ધ હોવાથી તેની જાળવણી અને સંચાલન વચ્ચે યોગ્ય આયોજન કરવું જરૂરી બને છે. જો રેક લાંબા સમય સુધી મેન્ટેનન્સમાં રહે તો મુસાફરો માટે સેવા બંધ રાખવી પડે છે. બીજી તરફ ટેક્નિકલ ખામી સર્જાય ત્યારે સલામતીને પ્રાથમિકતા આપીને ખામી દૂર કર્યા બાદ જ ટ્રેનને ફરી સેવા માટે ઉપલબ્ધ કરવી જરૂરી બને છે. તેથી હાલની વ્યવસ્થામાં વૈકલ્પિક રેકની ગેરહાજરી સેવા રદ થવાનું મુખ્ય કારણ બની રહે છે.

28 સપ્ટેમ્બરે અમદાવાદ-ભુજ તરફની ટ્રેન નંબર 94801 રદ રહેશે, જ્યારે ભુજ-અમદાવાદ તરફની ટ્રેન નંબર 94802 પણ 28 અને 29 સપ્ટેમ્બરે રદ રાખવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન મુસાફરોને પોતાની મુસાફરીનું આયોજન કરતા પહેલાં ટ્રેનના સંચાલન અંગેની તાજી માહિતી ચકાસી લેવા સલાહરૂપ રહેશે. ખાસ કરીને જેમણે અગાઉથી રિઝર્વેશન કરાવ્યું છે તેમણે ટિકિટ રદ, રિફંડ અથવા વૈકલ્પિક મુસાફરી અંગે રેલવેના સત્તાવાર માધ્યમો પરથી માહિતી મેળવવી જરૂરી બની રહેશે.

આ ઘટનાથી અમદાવાદ અને કચ્છ વચ્ચે રેપિડ રેલ સેવામાં વધારાની રેક ઉપલબ્ધ કરાવવાની જરૂરિયાત અંગે પણ ચર્ચા થઈ શકે છે. એક જ રેક પર સંપૂર્ણ સેવા નિર્ભર હોવાથી કોઈપણ ટેક્નિકલ અથવા જાળવણી સંબંધિત કારણસર સમગ્ર રૂટની કામગીરી અટકી શકે છે. ભવિષ્યમાં મુસાફરોને આવી પરિસ્થિતિનો સામનો ન કરવો પડે તે માટે વૈકલ્પિક રેકની ઉપલબ્ધતા, મેન્ટેનન્સનું પૂર્વ આયોજન અને ટેક્નિકલ ખામીની સ્થિતિમાં બેકઅપ વ્યવસ્થા વધુ મજબૂત બનાવવી મહત્વપૂર્ણ બની શકે છે. હાલ માટે 28 અને 29 સપ્ટેમ્બરની રદ થયેલી સેવાઓને કારણે અમદાવાદ તથા ભુજ વચ્ચે મુસાફરી કરનારા મુસાફરોએ વૈકલ્પિક વ્યવસ્થા કરવી પડશે. આ તરફ અચાનક ટ્રેન રદ થવાના કારણે એડવાન્સ બુકિંગ કરાવનારા મુસાફરોમાં પણ મુશ્કેલી ઊભી થઈ શકે છે. અમદાવાદથી કચ્છ તરફ જવા માટે નમો ભારત રેપિડ રેલનો ઉપયોગ કરતા મુસાફરોમાં નોકરી, વ્યવસાય, પરિવારિક પ્રસંગો તેમજ અન્ય જરૂરી કામ માટે મુસાફરી કરનારા લોકોનો સમાવેશ થાય છે. ઘણા મુસાફરો અગાઉથી પોતાની મુસાફરીનું આયોજન કરીને ટિકિટ બુક કરાવતા હોય છે. છેલ્લી ઘડીએ ટ્રેન રદ થવાથી તેમને વૈકલ્પિક પરિવહન વ્યવસ્થા શોધવી પડશે. ખાસ કરીને લાંબા અંતરની મુસાફરી હોવાથી બસ અથવા અન્ય ટ્રેનમાં જગ્યા મેળવવી મુશ્કેલ બની શકે છે.

કચ્છ અને અમદાવાદ વચ્ચે નિયમિત અવરજવર કરતા મુસાફરો માટે આ ટ્રેન મહત્વપૂર્ણ પરિવહન વિકલ્પ તરીકે ઉપયોગમાં આવે છે. નમો ભારત રેપિડ રેલ શરૂ થયા બાદ બંને શહેરો વચ્ચે ઝડપી અને સુવિધાજનક મુસાફરીનો વિકલ્પ મળ્યો છે. જેના કારણે સમય બચાવવા ઈચ્છતા મુસાફરો આ સેવાને પસંદ કરતા હોય છે. આવી સ્થિતિમાં એક જ રેકના આધારે ટ્રેન સેવા ચલાવવામાં આવતી હોવાથી ટેક્નિકલ ખામી કે મેન્ટેનન્સ સમયે આખી સેવા પ્રભાવિત થતી હોવાનો મુદ્દો ફરી સામે આવ્યો છે.

રેલવે તંત્ર માટે પણ આ પરિસ્થિતિ એક પડકારરૂપ બની રહી છે. એક જ રેક ઉપલબ્ધ હોવાથી તેની જાળવણી અને સંચાલન વચ્ચે યોગ્ય આયોજન કરવું જરૂરી બને છે. જો રેક લાંબા સમય સુધી મેન્ટેનન્સમાં રહે તો મુસાફરો માટે સેવા બંધ રાખવી પડે છે. બીજી તરફ ટેક્નિકલ ખામી સર્જાય ત્યારે સલામતીને પ્રાથમિકતા આપીને ખામી દૂર કર્યા બાદ જ ટ્રેનને ફરી સેવા માટે ઉપલબ્ધ કરવી જરૂરી બને છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

નેપાળના હિમલુન્ગ હિમાલ પર હિમસ્ખલનનો કહેર, 4નાં મોત

■ ટેન્ટમાં સૂઈ રહેલા ગાઈડ અને સપોર્ટ સ્ટાફ પર અચાનક બરફનો પહાડ તૂટી પડ્યો, ખરાબ હવામાન વચ્ચે હેલિકોપ્ટરથી બચાવ કામગીરી શરૂ

કાઠમંડુ, તા.28

નેપાળના મનાંગ જિલ્લામાં આવેલા 7,126 મીટર ઊંચા હિમલુન્ગ હિમાલ પર રવિવારે સર્જાયેલી હિમસ્ખલનની દુર્ઘટનાએ પર્વતારોહણ જગતમાં ચકચાર મચાવી છે. અચાનક આવેલા હિમસ્ખલનની ચપેટમાં એક ટેન્ટ આવી જતાં તેમાં સૂઈ રહેલા ગાઈડ, પર્વતારોહકો અને સપોર્ટ સ્ટાફ બરફની નીચે દટાઈ ગયા હતા. અત્યાર સુધીની માહિતી મુજબ આ દુર્ઘટનામાં ચાર લોકોનાં મોત નીપજ્યાં છે, જ્યારે 12 લોકો હજુ પણ લાપતા હોવાનું સામે આવ્યું છે. દુર્ગમ અને અત્યંત ઊંચાઈવાળા વિસ્તારમાં અકસ્માત સર્જાયો હોવાથી બચાવ કામગીરી પણ ભારે મુશ્કેલી વચ્ચે હાથ ધરવામાં આવી રહી છે.

મળતી માહિતી પ્રમાણે અકસ્માત રવિવારે થયો હતો. જે સમયે હિમસ્ખલન થયું ત્યારે ગાઈડ અને તેમની સાથે કામ કરતા લોકો એક ટેન્ટમાં આરામ કરી રહ્યા હતા. અચાનક પહાડ પરથી વિશાળ પ્રમાણમાં બરફ નીચે ધસી આવતાં ટેન્ટ તેની ચપેટમાં આવી ગયો હતો. હિમસ્ખલનની તીવ્રતા એટલી વધુ હતી કે ટેન્ટ બરફની નીચે દટાઈ ગયો હતો અને તેની અંદર રહેલા લોકોમાંથી અનેક લોકો બહાર નીકળી શક્યા નહોતા. ઘટનાની જાણ થતાં જ બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી અને રવિવારે જ બચાવ દળના કેટલાક સભ્યો ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

બચાવકર્મીઓએ પ્રાથમિક શોધખોળ દરમિયાન બે મૃતદેહો બહાર કાઢ્યા હતા. જોકે, દુર્ગમ પર્વતીય વિસ્તાર અને સતત ખરાબ હવામાનને કારણે બચાવ કામગીરીમાં અનેક અડચણો ઊભી થઈ હતી. હિમલુન્ગ હિમાલનો વિસ્તાર સામાન્ય વસાહતોથી ઘણો દૂર હોવાથી અકસ્માત બાદ તાત્કાલિક મોટા પ્રમાણમાં બચાવ સાધનો અને માનવબળ પહોંચાડવું સરળ નહોતું. ભારે બરફ, હવામાનમાં અચાનક ફેરફાર અને હેલિકોપ્ટરની ઉડાન માટે અનુકૂળ ન હોય તેવી પરિસ્થિતિને કારણે બચાવ દળના તમામ સભ્યો રવિવારે બેઝ કેમ્પ સુધી પહોંચી શક્યા નહોતા.

ત્યારબાદ સોમવારે સવારે હવામાનમાં થોડી અનુકૂળતા મળતાં હેલિકોપ્ટરની મદદ લેવામાં આવી હતી. હેલિકોપ્ટર દ્વારા બાકીના બચાવકર્મીઓને બેઝ કેમ્પ સુધી પહોંચાડવામાં આવ્યા હતા. ત્યાર બાદ લાપતા લોકોને શોધવા માટે શોધ અને બચાવ કામગીરીને

વધુ વ્યાપક બનાવવામાં આવી હતી. બરફની નીચે દટાયેલા લોકોને શોધવા માટે બચાવકર્મીઓએ ભારે સાવચેતી સાથે કામગીરી કરવી પડી રહી છે, કારણ કે પર્વતીય વિસ્તારમાં ફરીથી હિમસ્ખલન થવાનો ભય પણ યથાવત રહે છે.

જે ટેન્ટ પર હિમસ્ખલન પડ્યું હતું તેમાં કુલ 22 લોકો હાજર હોવાનું જાણવા મળ્યું છે. તેમાં નવ પર્વતારોહકો અને 13 સપોર્ટ સ્ટાફના સભ્યો સામેલ હતા. આ તમામ લોકો આગામી પર્વતારોહણ સીઝનની તૈયારીઓ માટે હિમલુન્ગ હિમાલ વિસ્તારમાં પહોંચ્યા હતા. તેમનું મુખ્ય કામ પર્વત પર ચઢાણ માટે જરૂરી માર્ગ તૈયાર કરવાનું, વિવિધ સ્થળોએ દોરડા લગાવવાનું અને બેઝ કેમ્પ સહિતની અન્ય જરૂરી વ્યવસ્થા ઊભી કરવાનું હતું. પર્વતારોહકો માટે મુખ્ય ચઢાણ શરૂ થાય તે પહેલાં આવા કર્મચારીઓ દ્વારા માર્ગ અને કેમ્પની તૈયારીઓ કરવામાં આવતી હોય છે.

હિમલુન્ગ હિમાલ નેપાળના મનાંગ જિલ્લામાં તિબેટની સરહદ નજીક આવેલું એક ઊંચું પર્વતીય શિખર છે. તેની ઊંચાઈ 7,126 મીટર એટલે કે 23,379 ફૂટ જેટલી છે. આ વિસ્તાર અત્યંત ઊંચાઈ અને કઠિન ભૂગોળ માટે જાણીતો છે. અહીં ઑક્સિજનનું પ્રમાણ નીચું હોવાથી સામાન્ય વ્યક્તિ માટે લાંબા સમય સુધી રહેવું પણ મુશ્કેલ બની શકે છે. પર્વતારોહકો માટે તો આ વિસ્તાર ઊંચાઈવાળા વાતાવરણમાં શરીરને અનુકૂળ બનાવવાની પ્રક્રિયા માટે પણ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

એવરેસ્ટ અને મનાસ્લુ જેવી 8,000 મીટરથી વધુ ઊંચાઈ ધરાવતી શિખરો પર ચઢાણ કરનારા પર્વતારોહકો ઘણી વખત ઊંચાઈવાળા વિસ્તારોમાં તાલીમ અને અનુકૂલનની તૈયારી કરતા હોય છે. હિમલુન્ગ જેવા પર્વત પર ચઢાણ દરમિયાન ઓછા ઑક્સિજન અને અત્યંત ઠંડા વાતાવરણમાં શરીરને કેવી રીતે અનુકૂળ બનાવવું તેની તૈયારી કરવામાં આવે છે. આ ઉપરાંત ઊંચાઈ પર લાંબા સમય સુધી કામ કરવાની ક્ષમતા વિકસાવવી અને મુશ્કેલ હવામાનનો સામનો કરવાની તૈયારી પણ પર્વતારોહણનો મહત્વનો ભાગ છે.

હિમલુન્ગ હિમાલનો બેઝ કેમ્પ આશરે 4,900 મીટરની ઊંચાઈ પર સ્થિત હોય છે. ત્યાંથી આગળ પર્વતારોહકોને ઊંચાઈ તરફ સતત ચઢાણ કરવું પડે છે. સામાન્ય રીતે શિખર સુધી પહોંચવા માટે રસ્તામાં ત્રણ મુખ્ય કેમ્પ તૈયાર કરવામાં આવે છે. પ્રથમ કેમ્પ આશરે 5,450 મીટરની ઊંચાઈ પર હોય છે, જ્યારે બીજો કેમ્પ લગભગ 6,000 મીટરની ઊંચાઈ પર અને ત્રીજો કેમ્પ આશરે 6,350 મીટરની ઊંચાઈ પર બનાવવામાં આવે છે. ત્રીજા કેમ્પ બાદ પર્વતારોહકો શિખર સુધી પહોંચવા માટે અંતિમ અને સૌથી પડકારજનક ચઢાણ શરૂ કરે છે.

આ સમગ્ર પ્રક્રિયામાં માર્ગ તૈયાર કરનારા ગાઈડ અને સપોર્ટ સ્ટાફની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ હોય છે. તેઓ પર્વતારોહકોના મુખ્ય દળથી પહેલાં આગળ વધીને રસ્તાની સ્થિતિ તપાસે છે, જરૂરી સ્થળોએ દોરડા લગાવે છે અને કેમ્પ માટેની વ્યવસ્થા ઊભી કરે છે. હિમસ્ખલનની આ ઘટનામાં પણ ટેન્ટમાં રહેલા લોકો આગામી ચઢાણ સીઝન માટે આવી જ તૈયારીઓમાં વ્યસ્ત હતા. જોકે, કુદરતના અચાનક પ્રકોપે સમગ્ર તૈયારીઓને ભારે આંચકો પહોંચાડ્યો છે.

ટ્રમ્પે કહ્યું- ઈરાન સામે ટૂંક સમયમાં યુદ્ધ જીતીશું: યુદ્ધ પૂરું થતાં જ તેલની કિંમતો ઘટશે

■ મિડટર્મ ચૂંટણી પહેલાં ફરી હુમલાની શક્યતા

વૉશિંગ્ટન, તા.28

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે અમેરિકા ઈરાન સાથેનું યુદ્ધ ટૂંક સમયમાં જીતી જશે. ટ્રમ્પે રવિવારે ફોક્સ ન્યૂઝ સાથેની વાતચીતમાં આ વાત કહી હતી.

તેમણે કહ્યું કે યુદ્ધ પૂરું થતાં જ દુનિયાભરમાં તેલના ભાવમાં ઝડપથી ઘટાડો થશે. ટ્રમ્પે કહ્યું કે ઈરાનને પરમાણુ હથિયારો બનાવવાથી રોકવું એ અમેરિકાનું સૌથી મોટું લક્ષ્ય છે.

ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે શું મિડટર્મ ચૂંટણી પહેલાં અમેરિકન સૈન્ય હુમલા ફરી શરૂ થઈ શકે છે. તેમણે તેની શક્યતાને નકારી નહોતી.

ટ્રમ્પે કહ્યું, "આ શક્ય છે, પરંતુ હું આ વિશે કંઈ કહેવા માંગતો નથી."

ટ્રમ્પે કહ્યું કે અમેરિકા સૈન્ય કાર્યવાહી અને આર્થિક પ્રતિબંધો, બંને દ્વારા ઈરાન પર દબાણ બનાવી રહ્યું છે. તેમણે દાવો કર્યો કે સૈન્ય મોરચે અમેરિકા પહેલેથી જ જીતી ગયું છે, જોકે તેનો અર્થ એ નથી કે કાર્યવાહી સંપૂર્ણપણે અટકી ગઈ છે.

ઈરાનની અર્થવ્યવસ્થા પર ટ્રમ્પે કહ્યું કે તેની ચલણની કિંમત ઘટી ગઈ છે અને મોંઘવારી ઝડપથી વધી છે. તેમણે ઈરાનમાં મોંઘવારી દર લગભગ 300% હોવાનો દાવો કર્યો.

ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચીએ અમેરિકાને ચેતવણી આપી છે કે તેમનો દેશ યુદ્ધ ફરી શરૂ થવાની સ્થિતિ માટે સંપૂર્ણપણે તૈયાર છે.

NBC ન્યૂઝના કાર્યક્રમ 'મીટ ધ પ્રેસ'માં તેમણે કહ્યું, "અમે કોઈપણ નવા હુમલાનો મજબૂતીથી સામનો કરીશું, ભલે તે વિનાશક યુદ્ધમાં ફેરવાઈ જાય."

અરાઘચીએ કહ્યું કે ઈરાન પોતાના રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરશે. જોકે, તેમણે વાતચીતનો માર્ગ ખુલ્લો રાખતાં કહ્યું કે શાંતિની કોઈપણ તક ગુમાવવી જોઈએ નહીં. તેમના મતે, હવે ટ્રમ્પે નક્કી કરવાનું છે કે તેઓ કૂટનીતિ પસંદ કરે છે કે યુદ્ધનો માર્ગ અપનાવે છે.

ઈરાને યુદ્ધ સમાપ્ત કરવા માટે અમેરિકા સમક્ષ સાત દિવસનો પ્રસ્તાવ મૂક્યો હતો. તેમાં હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા અને ઈરાનના પરમાણુ કાર્યક્રમ અંગે વાટાઘાટો શરૂ કરવાની વાત સામેલ હતી. અમેરિકાએ આ પ્રસ્તાવને નકારી કાઢ્યો.

અરાઘચીના જણાવ્યા મુજબ, ઈરાન સમજૂતી હેઠળ હોર્મુઝ સ્ટ્રેટ ખોલવા માટે તૈયાર છે. તેના બદલામાં તે વિદેશોમાં જમા પોતાની સંપત્તિ અને નાણાં પર લગાવવામાં આવેલા પ્રતિબંધો હટાવવા તથા પોતાનું તેલ વેચવાની મંજૂરી ઈચ્છે છે.

તેમણે કહ્યું કે આ માંગણીઓ જૂનમાં અસ્થાયી યુદ્ધવિરામ માટે થયેલા સમજૂતી પત્ર (MoU) જેવી જ છે. જોકે, બંને પક્ષો તરફથી થયેલા વળતા હુમલાઓ બાદ તે સમજૂતી તૂટી ગઈ હતી.

યમનના બજાર પર હવાઈ હુમલામાં 7નાં મોત: 40 ઘાયલ, છેલ્લા 2 મહિનામાં યમનમાં 700થી વધુ લોકોનાં મોત

સના, તા.28

યમનમાં રવિવારે થયેલા એક હવાઈ હુમલામાં 7 લોકોનાં મોત થયા છે. હૂતી આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, મૃતકોમાં બાળકો પણ સામેલ છે. આ ઉપરાંત, 40 લોકો ઘાયલ થયા છે.

હુમલામાં તાઈઝ પ્રાંતના એક બજારની દુકાનોને નિશાન બનાવવામાં આવી હતી. રોયટર્સના જણાવ્યા અનુસાર, યમન સરકારે કહ્યું કે તેની સેનાએ હૂતી લશ્કરી કેમ્પ અને વાહનોને નિશાન બનાવીને આ હુમલા કર્યા હતા.

રોયટર્સે યમન સરકારના સૂત્રોને ટાંકીને જણાવ્યું કે હૂતી બળવાખોરોએ તાજેતરમાં બજારની નજીક એક લશ્કરી કેમ્પ બનાવ્યો હતો.

UNના જણાવ્યા અનુસાર, છેલ્લા 2 મહિનામાં ફરી વેગ પકડેલા યમન સંઘર્ષમાં નાગરિકો સહિત 700થી વધુ લોકો માર્યા ગયા છે. આ ઉપરાંત, સપ્ટેમ્બરની શરૂઆતથી અત્યાર સુધીમાં યમનમાં 82 હજારથી વધુ લોકો વિસ્થાપિત થઈ ચૂક્યા છે.

યમનમાં 2014થી ગૃહયુદ્ધ ચાલી રહ્યું છે. એક તરફ હૂતી ઉગ્રવાદીઓ છે અને બીજી તરફ યમનની સરકારના સમર્થનમાં લડતી સેનાઓ છે. સાઉદી અરેબિયા પણ યમનની સરકારનું સમર્થન કરે છે.

2022માં સંયુક્ત રાષ્ટ્રની પહેલથી બંને પક્ષો વચ્ચે યુદ્ધવિરામ થયો હતો. પરંતુ છેલ્લા કેટલાક મહિનામાં આ યુદ્ધવિરામ તૂટી ગયો. ત્યારબાદ ફરીથી મિસાઈલ,

ડ્રોન અને હવાઈ હુમલા થવા લાગ્યા.

યમન પાસે બાબ અલ-મંદેબ સ્ટ્રેટ છે. અહીંથી રેડ સીના માર્ગે અનેક જહાજો પસાર થાય છે. તેથી અહીં લડાઈ વધવાની અસર અન્ય દેશોના વેપાર અને જહાજોની અવરજવર પર પણ પડી શકે છે.

યમન સરકારની સેનાએ શનિવારે જણાવ્યું કે હૂતી બળવાખોરોએ સાઉદીની રાજધાની રિયાધ પર બે ડ્રોન છોડ્યા હતા. પરંતુ તેમની એર ડિફેન્સ સિસ્ટમે બંને ડ્રોનને અટકાવી દીધા.

સેનાના જણાવ્યા અનુસાર, આ ઉપરાંત હૂતીઓએ સાઉદી અરબના દક્ષિણ સરહદી વિસ્તાર ખમીસ મુશૈતને નિશાન બનાવીને એક બેલિસ્ટિક મિસાઈલ પણ છોડી હતી.

સાઉદી અરબના નાગરિક સુરક્ષા અધિકારીઓએ જણાવ્યું કે રાત્રે અબ્હા અને જિઝાનમાં પણ સંભવિત ખતરાની ચેતવણી જાહેર કરવામાં આવી હતી.

યમનની લડાઈમાં સાઉદી અરબ આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત યમની સરકારનું સમર્થન કરે છે, જ્યારે હૂતી બળવાખોરો તેની વિરુદ્ધ લડી રહ્યા છે. આ જ કારણે હૂતીઓએ સાઉદી અરબને પણ નિશાન બનાવવાનું શરૂ કર્યું છે.

જુલાઈથી હૂતીઓએ રિયાધ સહિત અબહા, જિઝાન, નજાન, તાઈફ, જેદ્દાહ અને યાન્બૂ જેવા શહેરો પર ડ્રોન અને મિસાઈલ હુમલા કર્યા છે. તેમણે એરપોર્ટ, સૈન્ય મથકો અને ઊર્જા સાથે જોડાયેલા માળખાકીય સુવિધાઓને પણ નિશાન બનાવ્યા છે. રેડ સીમાં સાઉદી જહાજો પર પણ હુમલા થયા છે.

તેના જવાબમાં સાઉદી અરેબિયા યમનમાં હૂતીઓના ઠેકાણાઓ પર હવાઈ હુમલા કરી રહ્યું છે, જેના કારણે બંને પક્ષો વચ્ચેનો સંઘર્ષ વધુ વકર્યો છે. યમનના હૂતીઓએ આ મહિને રેડ સીના કિનારા તરફ ઝડપથી આગળ વધીને બાબ અલ-મંદેબ સામુદ્રધુની નજીકના વિસ્તારો પર કબજો કર્યો છે.

આ સામુદ્રધુની રેડ સીને એડનની ખાડી સાથે જોડે છે. તેથી આ વિસ્તારમાં થતી લડાઈની અસર દરિયાઈ માર્ગો પર પણ પડી શકે છે. આ સાથે જ, હૂતી બળવાખોરોએ સાઉદીના જહાજો અથવા સાઉદીથી માલસામાન લઈ જતાં તમામ જહાજોને નિશાન બનાવવાની વાત કહી છે.

સૌથી શક્તિશાળી રોકેટ સ્ટારશિપ પહેલીવાર ઓર્બિટમાં પહોંચ્યું: 26 સેટેલાઈટ પણ લૉન્ચ કર્યા

• 10 કલાક પરિક્રમા કરીને પૃથ્વી પર પરત ફરશે, આ તેનો 14મો ટેસ્ટ

વૉશિંગ્ટન, તા.28

ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સના સૌથી શક્તિશાળી રોકેટ 'સ્ટારશિપ'ને આજે 28 સપ્ટેમ્બરે ભારતીય સમય મુજબ સાંજે 6:16 વાગ્યે લોન્ચ કરવામાં આવ્યું. આ સ્ટારશિપનું 14મું પરીક્ષણ છે. આ પહેલી વાર છે જ્યારે સ્ટારશિપને પૃથ્વીની કક્ષામાં મોકલવામાં આવ્યું છે, જ્યાં તે પૃથ્વીની 6 પરિક્રમા કરશે અને સેટેલાઈટ્સ છોડશે. ત્યારબાદ તે ચિલીની નજીક સમુદ્રમાં લેન્ડ કરશે. આ પહેલાંની તમામ ઉડાનોમાં રોકેટને સબ-ઓર્બિટલ ટ્રેજેક્ટરી સુધી જ સીમિત રાખવામાં આવ્યું હતું, જેથી સુરક્ષા જળવાઈ રહે અને વધુમાં વધુ ડેટા એકત્રિત કરી શકાય. સ્ટારશિપ સ્પેસક્રાફ્ટ (ઉપરનો ભાગ) અને સુપર હેવી બૂસ્ટર (નીચેનો ભાગ)ને સામૂહિક રીતે 'સ્ટારશિપ' કહેવામાં આવે છે. આ વાહનની ઊંચાઈ 403 ફૂટ છે.

સબ-ઓર્બિટલ ટ્રેજેક્ટરી: તેમાં રોકેટ અવકાશની સીમા સુધી તો પહોંચે છે, પરંતુ પૃથ્વીની ગતિ અને ગુરુત્વાકર્ષણને કારણે પરિક્રમા કર્યા વિના પાછું નીચે પડી જાય છે.

ઓર્બિટલ ટ્રેજેક્ટરી: તેમાં રોકેટ એટલી ઝડપી ગતિ અને યોગ્ય કોણે ઉડે છે કે તે પૃથ્વીના ગુરુત્વાકર્ષણને સંતુલિત કરતાં સતત કક્ષામાં પરિક્રમા કરવા લાગે છે. આ મિશનમાં સ્ટારશિપ જમીનથી આશરે 275 કિલોમીટરની ઊંચાઈ પર ઉડાન ભરશે. લગભગ 10 કલાક લાંબી આ મુસાફરી દરમિયાન તે પૃથ્વીના 6 ચક્કર પૂર્ણ કરશે. મિશન પૂર્ણ થયા બાદ રૉકેટ ચિલી દેશની નજીક પ્રશાંત મહાસાગરમાં સુરક્ષિત રીતે પાણીમાં ઉતરશે, જેને સ્પ્લેશડાઉન કહેવામાં આવે છે. આ ઉડાન દ્વારા પ્રથમ વખત નવી ટેક્નોલોજી ધરાવતા 26 'સ્ટારલિંક V3' સેટેલાઈટ્સને અંતરિક્ષમાં મોકલવામાં આવી રહ્યા છે. તેનાથી સમગ્ર વિશ્વમાં ઈન્ટરનેટની ઝડપ અને નેટવર્ક ઘણું સારું બની જશે.

આ નવા મૉડલનો માત્ર એક સેટેલાઈટ જ નેટવર્કમાં પ્રતિ સેકન્ડ 1 ટેરાબિટ (Tbps)ની ડેટા ક્ષમતા ઉમેરશે, એટલે કે આ એક જ મિશનથી કુલ 26 Tbpsની ક્ષમતા ઉમેરાશે, જે ફૉલ્કન 9 રૉકેટ દ્વારા મોકલવામાં આવતા નાના સેટેલાઈટ્સની તુલનામાં આશરે 10 ગણી વધારે છે.

રૉકેટથી અલગ થતાં જ આ સેટેલાઈટ્સ પોતાના એન્ટેના અને સોલર પેનલ ખોલી દેશે અને રેડિયો તરંગો તથા લેસર દ્વારા જમીન તેમજ અન્ય સેટેલાઈટ્સ સાથે સંપર્ક સ્થાપિત કરશે.

આ પછી તેઓ પોતાના નાના એન્જિનોની મદદથી નિર્ધારિત

કક્ષામાં પહોંચી જશે અને તમામ પ્રારંભિક તપાસો બાદ ઈન્ટરનેટ સેવા આપવાનું શરૂ કરશે.

આ મિશનમાં સામેલ 3 સેટેલાઈટ્સમાં ખાસ ફેરફાર કરવામાં આવ્યો છે. તેમાં હાઈ-ટેક કેમેરા લગાવવામાં આવ્યા છે. આ કેમેરા અવકાશમાં સ્ટારશિપની 'હીટશીલ્ડ' એટલે કે ગરમીથી બચાવતી બાહ્ય પરતને સ્કેન કરશે અને તસવીરો સીધી જમીન પર હાજર વૈજ્ઞાનિકોને મોકલશે.

આથી વૈજ્ઞાનિકોને એ સમજવામાં મદદ મળશે કે પૃથ્વી પર પરત ફરતી વખતે સ્ટારશિપની હીટશીલ્ડ કેટલી સુરક્ષિત રહે છે. આ તસવીરો અને પરીક્ષણનાં પરિણામો ભવિષ્યમાં રોકેટને લોન્ચ પેડ પર સુરક્ષિત રીતે પરત ઉતારવામાં કામ આવશે.

સ્ટારશિપની 13મી ટેસ્ટ ઉડાન ભારતીય સમય અનુસાર 25 જુલાઈ 2026ના રોજ થઈ હતી. તેમાં અપર સ્ટેજ હિંદ મહાસાગરમાં લેન્ડ થયું, જ્યારે તેના બૂસ્ટરે મેક્સિકોની ખાડીમાં લેન્ડિંગ કર્યું. આ પહેલી વાર હતું જ્યારે સ્ટારશિપને સુરક્ષિત રીતે પાણીમાં ઉતારવામાં આવ્યું.

લેન્ડિંગ દરમિયાન સ્ટારશિપ પોતાની 'બેલી-ફ્લોપ' સ્થિતિમાંથી સીધું થયું અને પાણી પર ઊભી સ્થિતિમાં ઉતર્યું. ત્યાર બાદ તે ધીમે-ધીમે એક તરફ ઝૂકીને સમુદ્રમાં તરવા લાગ્યું.

'સ્ટારશિપ'ની 12મી ટેસ્ટ સફળતાઓ અને નિષ્ફળતાઓથી ભરેલી રહી હતી. તેમાં સ્ટારશિપના નવા અને મોટા વર્ઝન (V3)નો પહેલીવાર ઉપયોગ કરવામાં આવ્યો હતો. ટેક્સાસના દક્ષિણ છેડે આવેલા 'સ્ટારબેઝ' લોન્ચિંગ પેડ પરથી ઉડાન ભર્યા બાદ એન્જિનમાં ખામી સર્જાઈ હતી.

આ કારણે રોકેટના નષ્ટ થવાનો ખતરો ઊભો થયો હતો. તેમ છતાં લગભગ એક કલાક બાદ સ્ટારશિપ સ્પેસક્રાફ્ટ હિંદ મહાસાગરમાં સુરક્ષિત રીતે લેન્ડ કરવામાં સફળ રહ્યું હતું. આ ટેસ્ટ ભારતીય સમય અનુસાર 23 મેની સવારે લોન્ચ કરવામાં આવી હતી.

સ્ટારશિપનું 11મું પરીક્ષણ 14 ઑક્ટોબર 2025ના રોજ સવારે 5:00 વાગ્યે ટેક્સાસના બોકા ચિકાથી કરવામાં આવ્યું હતું. આ પરીક્ષણ 1 કલાક 6 મિનિટનું હતું, જેમાં સુપર હેવી બૂસ્ટરનું અમેરિકાના અખાતમાં વૉટર લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. ત્યાં જ સ્ટારશિપનું હિંદ મહાસાગરમાં વૉટર લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. આ ફ્લાઈટનો હેતુ ભવિષ્યમાં રોકેટને ઉડાન ભરવાના સ્થળે પરત લાવવા સંબંધિત પરીક્ષણો કરવાનો હતો. સ્ટારશિપનું 10મું પરીક્ષણ 27 ઑગસ્ટ 2025ના રોજ કરવામાં આવ્યું હતું, જે સફળ રહ્યું હતું. રોકેટને સવારે 5:00 વાગ્યે ટેક્સાસના બોકા ચિકાથી લૉન્ચ કરવામાં આવ્યું હતું. આ પરીક્ષણ 1 કલાક 6 મિનિટનું હતું. આ મિશનમાં સ્ટારલિંક સિમ્યુલેટર સેટેલાઈટને અવકાશમાં છોડવાથી લઈને એન્જિન ચાલુ કરવા જેવા તમામ ઉદ્દેશ્યો પૂર્ણ થયા.

સ્ટારલિંક સિમ્યુલેટર સેટેલાઈટ વાસ્તવિક સ્ટારલિંક સેટેલાઈટ્સના ડમી છે. તેમનો ઉપયોગ સ્ટારશિપની સેટેલાઈટ તૈનાત કરવાની ક્ષમતાની ચકાસણી કરવા માટે થાય છે. આ પહેલાં આ ટેસ્ટ 29 જૂન 2025ના રોજ થવાનો હતો, પરંતુ સ્ટેટિક ફાયર ટેસ્ટ દરમિયાન સ્ટારશિપમાં વિસ્ફોટ થયો હતો. આ ટેસ્ટમાં રોકેટને જમીન પર રાખીને તેના એન્જિનને ચાલુ કરવામાં આવે છે, જેથી લોન્ચ પહેલાં બધું યોગ્ય છે કે નહીં તે ચકાસી શકાય. ટેસ્ટ દરમિયાન રોકેટના ઉપરના ભાગમાં અચાનક વિસ્ફોટ શરૂ થયો.

બ્રિટનમાં અમેરિકન એરબેઝ નજીક આતંકવાદી કાવતરાની આશંકા: 5ની ધરપકડ, 85 ઘર ખાલી કરાવ્યાં

લંડન, તા.28

બ્રિટનમાં અમેરિકન વાયુસેનાના ઉપયોગ હેઠળના એરબેઝ નજીક આતંકવાદી કાવતરાની આશંકામાં 5 લોકોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસને રવિવારે વહેલી સવારે એરબેઝ તરફ જઈ રહેલી 3 શંકાસ્પદ ગાડીઓની જાણકારી મળી હતી. ત્યારબાદ વિસ્તારમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું અને આસપાસના ગામના 85 ઘરો ખાલી કરાવવામાં આવ્યા. આ એરબેઝ ઈંગ્લેન્ડના ગ્લોસ્ટરશાયરમાં RAF ફેરફોર્ડ તરીકે ઓળખાય છે. પોલીસ મુજબ, ધરપકડ કરાયેલા લોકો પર આતંકવાદી હુમલો કરવાની તૈયારી અને વિસ્ફોટકો સાથે સંબંધિત ગુનાઓમાં સંડોવણીની શંકા છે. રવિવારની સાંજ સુધી પાંચેય પોલીસ કસ્ટડીમાં હતા. અમેરિકન વાયુસેના માર્ચથી RAF ફેરફોર્ડ

એરબેઝનો ઉપયોગ ઈરાન વિરુદ્ધ હુમલા શરૂ કરવા માટે કરી રહી છે. તાજેતરના દિવસોમાં અમેરિકન લડાકુ વિમાનોએ અહીંથી ઈરાન વિરુદ્ધ હુમલાઓ માટે ઉડાન ભરી હતી. BBC અનુસાર, એક સ્થાનિક મહિલાએ રવિવારે વહેલી સવારે એરબેઝ નજીક શંકાસ્પદ પ્રવૃત્તિ જોઈને પોલીસને જાણ કરી હતી. મહિલાએ નામ ન જણાવવાની શરતે જણાવ્યું કે તેણે પહેલા સંરક્ષણ મંત્રાલયની પોલીસને ફોન કર્યો હતો, પરંતુ કોઈએ જવાબ આપ્યો નહોતો. ત્યારબાદ તેણે ઈમરજન્સી નંબર ૯૯૯ પર ફોન કર્યો.

મહિલાના જણાવ્યા મુજબ, તેણે ત્રણ વાન ઊભી જોઈ હતી. ત્યાં કેટલાક લોકો માસ્ક પહેરીને હતા. બ્રિટનના સંરક્ષણ મંત્રાલયે આ મામલે ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો. APના અહેવાલ મુજબ, ઘટનાના બાદ સેનાની બોમ્બ-નિષ્ક્રિય ટીમે રોબોટની મદદથી ત્રણેય વાનની તપાસ કરી. સોમવાર સવાર સુધી ગ્રામજનોને ઘરે પરત ફરવાની મંજૂરી મળી નહોતી અને વાનને પણ ત્યાંથી હટાવવામાં આવી નહોતી.

અમેરિકન વાયુસેનાએ જણાવ્યું કે RAF ફેરફોર્ડ ખાતે તૈનાત તેના કર્મચારીઓ સતર્ક છે. જોકે, તેણે સુરક્ષાના કારણોસર સુરક્ષા વ્યવસ્થાની વિશેષ પદ્ધતિઓની માહિતી આપવાનો ઈનકાર કર્યો.

લંડનસ્થિત અમેરિકન દૂતાવાસે પણ બ્રિટનમાં રહેતા અમેરિકન નાગરિકોને સતર્ક રહેવા અને પોતાની સુરક્ષાનું ધ્યાન રાખવાની સલાહ આપી. RAF ફેરફોર્ડ બ્રિટનનું એરબેઝ છે, જેનું સંચાલન અમેરિકી વાયુસેના કરે છે. તે લંડનથી લગભગ 160 કિલોમીટર પશ્ચિમમાં આવેલું છે. મધ્ય પૂર્વમાં અનેક દાયકાઓથી ચાલી રહેલા સૈન્ય અભિયાનો દરમિયાન અમેરિકી સેનાએ તેનો ઉપયોગ કર્યો છે. 28 ફેબ્રુઆરીએ ઈરાન વિરુદ્ધ અમેરિકા અને ઇઝરાયલ વચ્ચે યુદ્ધ શરૂ થયા બાદ આ એરબેઝની ભૂમિકા ફરી વધી ગઈ. અમેરિકાના B-1 અને B-52 બોમ્બવર્ષક વિમાનોએ ઈરાન સાથે સંબંધિત સૈન્ય અભિયાનો માટે અહીંથી ઉડાન ભરી છે.

બ્રિટને શરૂઆતમાં ઈરાન પર હુમલા કરવા માટે પોતાના એરબેઝનો ઉપયોગ કરવાની ટ્રમ્પની માગણી નકારી દીધી હતી. જોકે, માર્ચમાં તત્કાલીન વડાપ્રધાન કીર સ્ટાર્મરે ઈરાનની મિસાઈલો અને તેમના પ્રક્ષેપણ સ્થળો વિરુદ્ધ રક્ષણાત્મક કાર્યવાહી માટે અમેરિકી સેનાને બ્રિટિશ એરબેઝનો ઉપયોગ કરવાની મંજૂરી આપી હતી.

આ નિર્ણય ઈરાન દ્વારા બ્રિટનના હિતો અને ખાડી ક્ષેત્રમાં તેના સહયોગીઓ પર કરવામાં આવેલા હુમલાઓ બાદ લેવામાં આવ્યો હતો. ઈરાન અગાઉ કહી ચૂક્યું છે કે તેના વિસ્તારમાં હુમલો કરવા માટે ઉપયોગમાં લેવાતો કોઈપણ સૈન્ય અડ્ડો તેના માટે કાયદેસરનું નિશાન છે.

ઈરાને અમેરિકાનું 'અંડરવોટર જાસૂસી ડ્રોન' જીવતું પકડ્યું: IRGCએ કબ્જે કરી VIDEO જાહેર કર્યો

તહેરાન, તા.28

અમેરિકા અને ઈરાન વચ્ચે મિડલ ઈસ્ટના સૌથી સંવેદનશીલ દરિયાઈ માર્ગ 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' પર તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ(IRGC) એ દાવો કર્યો છે કે તેમની નૌકાસેનાએ દરિયાની અંદર સિક્રેટ જાસૂસી કરી રહેલા અમેરિકી 'અંડરવોટર ડ્રોન'ને ઈલેક્ટ્રોનિક વોરફેર ટેકનોલોજીની મદદથી પોતાના કબ્જામાં લઈ લીધું છે.

ઈરાનના સરકારી મીડિયાએ આ ઓપરેશનનો વિડીયો પણ જાહેર કર્યો છે. સપ્ટેમ્બર મહિનામાં ઈરાન દ્વારા અમેરિકી ડ્રોન પકડાયાનો આ સતત બીજો કિસ્સો છે. ઈરાની ગાર્ડ્સના જણાવ્યા અનુસાર, પકડાયેલું ડ્રોન અમેરિકાનું અત્યાધુનિક Remus 600 ઓટોનોમસ અંડરવોટર વ્હીકલ છે. ઈરાની નૌકાસેના આ ડ્રોનને પોતાના ગુપ્ત ઠેકાણે લઈ ગઈ છે અને તેના એક્સપર્ટ્સ ડ્રોનમાંથી સંવેદનશીલ સિક્રેટ ડેટા

રિકવર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. IRGCએ સ્પષ્ટ ચેતવણી આપતાં કહ્યું છે કે, હોર્મુઝની સમુદ્રધૂની એક પ્રતિબંધિત વિસ્તાર છે અને ત્યાં બિનઅધિકૃત કે શંકાસ્પદ ગતિવિધિઓ સામે કડક કાર્યવાહી ચાલુ રહેશે.

આ પહેલાં 8 સપ્ટેમ્બરે પણ ઈરાને 'Dive-LD' નામના અન્ય એક અમેરિકી અંડરવોટર ડ્રોનને પકડવાનો દાવો કર્યો હતો. આ ડ્રોન કેલિફોર્નિયાની પ્રખ્યાત ડિફેન્સ ટેકનોલોજી કંપની 'એન્ડ્યુરિલ ઈન્ડસ્ટ્રીઝ' દ્વારા બનાવવામાં આવ્યું હતું. ત્યારે પણ ઈરાને તેને અમેરિકાની સૌથી એડવાન્સ્ડ અંડરવોટર સિસ્ટમ ગણાવીને પોતાની મોટી જીત ગણાવી હતી.

અમેરિકાએ ઈરાનના નવા દાવા અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી. જોકે, 8 સપ્ટેમ્બરની ઘટના વખતે પેન્ટાગોનના પ્રવક્તાએ ઈરાનના દાવાને ફગાવતા કહ્યું હતું કે, ડ્રોન ઈરાની સેનાના હાથમાં ગયું તેના એક દિવસ પહેલાં જ તે ટેકનિકલ ખામીના કારણે બંધ થઈ ગયું હતું.

અમેરિકા મુજબ તે માત્ર સમુદ્રી વિસ્તારના સર્વે અને દેખરેખ માટેનું સામાન્ય ડ્રોન હતું અને તેમાં કોઈ ગુપ્ત કે ક્લાસિફાઈડ સોનાર-રાડાર સાધનો નહોતા. ગ્લોબલ ઓઈલ સપ્લાય: આ સમુદ્રી માર્ગ વિશ્વના કુલ ક્રૂડ ઓઈલ અને ગેસ સપ્લાય માટે અત્યંત મહત્વપૂર્ણ છે.

પરિવહન પર રોક: વર્તમાન તણાવ વચ્ચે ઈરાને આ માર્ગ પર શીપિંગ પર પ્રતિબંધો મૂક્યા છે, જ્યારે અમેરિકાએ બદલામાં ઈરાની બંદરોની નાકાબંધી કરી છે.

વૈશ્વિક સંકટ: જો આ માર્ગ પર યુદ્ધ જેવી સ્થિતિ સર્જાય કે અડચણ ઊભી થાય, તો સમગ્ર વિશ્વમાં પેટ્રોલ-ડીઝલ અને ગેસના ભાવમાં મોટો ઉછાળો આવી શકે છે.

તંત્રી લેખ

યુપી ચૂંટણી પહેલાં દિલ્હી દોડધામ, મોદી-યોગી મુલાકાતથી રાજકીય ચર્ચા તેજ

ઉત્તર પ્રદેશમાં આવતા વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણીને લઈને રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. ચૂંટણીને હજુ કેટલાક મહિના બાકી હોવા છતાં ભાજપે સંગઠન અને સરકારના સ્તરે તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ જ રાજકીય માહોલ વચ્ચે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે તેમના સત્તાવાર નિવાસસ્થાને મુલાકાત કરી હતી. ત્યારબાદ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન સહિત કેન્દ્રીય નેતૃત્વ સાથે પણ બેઠકોનો દોર ચાલ્યો હતો. આ મુલાકાતોને ઉત્તર પ્રદેશમાં આગામી વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ સાથે જોડીને જોવામાં આવી રહી છે. જોકે મોદી અને યોગી વચ્ચેની બેઠકનો સત્તાવાર એજન્ડા જાહેર કરવામાં આવ્યો નથી.

સૂત્રોના જણાવ્યા મુજબ, યોગી આદિત્યનાથ વડાપ્રધાન મોદી સાથેની મુલાકાત દરમિયાન ઉત્તર પ્રદેશમાં આગામી સમયમાં શરૂ થનારા અને લોકાર્પણ થનારા વિવિધ મોટા પ્રોજેક્ટ્સની માહિતી લઈને ગયા હતા. વડાપ્રધાનની ઉત્તર પ્રદેશની આગામી મુલાકાતો, વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને શિલાન્યાસ સહિતના કાર્યક્રમો અંગે પણ ચર્ચા થઈ હોવાનું અહેવાલોમાં જણાવાયું છે. ભાજપ ચૂંટણી પહેલાં સરકારના વિકાસકાર્યો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને જનકલ્યાણકારી યોજનાઓને લોકો સુધી પહોંચાડવા માટે સંગઠનાત્મક સ્તરે પણ તૈયારીઓ કરી રહ્યું છે.

રાજકીય રીતે જોવામાં આવે તો ઉત્તર પ્રદેશ ભાજપ માટે અત્યંત મહત્વનું રાજ્ય છે અને 2027ની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને પાર્ટી સંગઠનને ગ્રાઉન્ડ લેવલ સુધી વધુ સક્રિય બનાવવાની પ્રક્રિયા ચાલી રહી છે. ભાજપ દ્વારા બૂથ, શક્તિ કેન્દ્ર, મંડળ અને જિલ્લા સ્તરે સંગઠનની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી રહી છે. રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન પણ ઉત્તર પ્રદેશના વિવિધ વિસ્તારોની મુલાકાત લઈને સંગઠનના પદાધિકારીઓ અને કાર્યકરો સાથે બેઠક કરી રહ્યા છે. પશ્ચિમ ઉત્તર પ્રદેશની તેમની તાજેતરની મુલાકાત દરમિયાન પણ ચૂંટણીની તૈયારીઓ, બૂથ સ્તરની કામગીરી અને વિવિધ સામાજિક વર્ગો સુધી પહોંચ વધારવા અંગે સંગઠનાત્મક ચર્ચાઓ થઈ હતી.

મોદી અને યોગીની મુલાકાતને લઈને રાજકીય વર્તુળોમાં વિવિધ પ્રકારની ચર્ચાઓ ચાલી રહી છે. કેટલાક અહેવાલોમાં ચૂંટણી પહેલાં સરકારની ઉપલબ્ધિઓ અને જનકલ્યાણકારી યોજનાઓને વધુ અસરકારક રીતે લોકો સુધી પહોંચાડવાની જરૂરિયાત અંગે ચર્ચા થયાનું જણાવાયું છે. ઉત્તર પ્રદેશમાં વિકાસ પ્રોજેક્ટ્સ ઉપરાંત વિવિધ વર્ગોના મતદારો સુધી પહોંચ વધારવા માટે ભાજપનું સંગઠન કામ કરી રહ્યું છે. જોકે ઠાકુર, બ્રાહ્મણ અને યાદવ જેવા ચોક્કસ સામાજિક સમુદાયોને ધ્યાનમાં રાખીને બેઠકમાં શું ચર્ચા થઈ હતી તે અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ જાહેર કરવામાં આવી નથી. તેથી આ અંગેના દાવાઓને રાજકીય સૂત્રો અથવા અહેવાલોના સંદર્ભમાં જ જોવામાં આવી રહ્યા છે. ચૂંટણી પહેલાં ભાજપ માટે બીજો મહત્વનો મુદ્દો સંગઠનની અંદરના મતભેદો અને સ્થાનિક સ્તરે રહેલા અસંતોષનો છે. ઉત્તર પ્રદેશના વિવિધ વિસ્તારોમાં સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે કેન્દ્રીય નેતાઓ દ્વારા બેઠકો કરવામાં આવી રહી છે. પાર્ટી સરકાર અને સંગઠન વચ્ચે વધુ સારો સંકલન રહે તે માટે પણ પ્રયાસ કરી રહી છે. સપ્ટેમ્બરમાં ભાજપના કેન્દ્રીય નેતાઓએ ઉત્તર પ્રદેશના અલગ-અલગ વિસ્તારોમાં જઈને સંગઠનની સ્થિતિ, કાર્યકરોની સક્રિયતા અને ચૂંટણી માટેની તૈયારીઓની સમીક્ષા કરી હતી. આ દરમિયાન ઉત્તર પ્રદેશમાં ભાજપની ચૂંટણીલક્ષી રાજકીય અને સંગઠનાત્મક પ્રવૃત્તિઓ પણ વધી રહી છે. પાર્ટી યુવાનો, દલિતો અને અન્ય પછાત વર્ગો સહિત વિવિધ સામાજિક જૂથોમાં પહોંચ વધારવા માટે કાર્યક્રમો કરી રહી છે. ભાજપ દ્વારા સરકારની યોજનાઓના લાભાર્થીઓ સુધી સંપર્ક વધારવા અને સંગઠનને ગામડા તથા બૂથ સ્તર સુધી વધુ સક્રિય બનાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

વર્ષ ૧૯૬૭માં વિશ્વના દેશોએ આઉટર સ્પેસ ટ્રીટી પર સહમતી દર્શાવી હતી. આ સંધિમાં સ્પષ્ટ જણાવાયું છે કે ચંદ્ર કે અન્ય કોઈ પણ ખગોળીય પિંડ કોઈ એક દેશની ખાનગી સંપત્તિ બની શકે નહીં. મતલબ બહુ સીધો છે, અમેરિકા ચંદ્ર પર પોતાનો ધ્વજ લગાવી દે, ઈમારતો ઊભી કરે કે કોઈ રિસર્ચ સેન્ટર સ્થાપી દે, તેનાથી ચંદ્રની જમીન અમેરિકાની થઈ જતી નથી : ભવિષ્યમાં ચંદ્ર પર સૌથી કિંમતી સંપત્તિ સોનું કે ચાંદી નહીં, પરંતુ 'પાણીનો બરફ' સાબિત થશે

ચંદ્ર ઉપર અધિકાર : ટ્રમ્પના દાવાથી નવા અવકાશી સંઘર્ષનાં મંડાણ!

ચંદ્ર પર કબજાની નહીં, સંસાધનો અને ભવિષ્યના મૂન-બેઝની દોડ; અમેરિકા-ચીન-રશિયા વચ્ચે વધતી અવકાશી સ્પર્ધા, પાણીનો બરફ બનશે સૌથી કિંમતી સંસાધન

વર્ષ ૧૯૬૭માં વિશ્વના દેશોએ આઉટર સ્પેસ ટ્રીટી પર સહમતી દર્શાવી હતી. આ સંધિમાં સ્પષ્ટ જણાવાયું છે કે ચંદ્ર કે અન્ય કોઈ પણ ખગોળીય પિંડ કોઈ એક દેશની ખાનગી સંપત્તિ બની શકે નહીં. મતલબ બહુ સીધો છે, અમેરિકા ચંદ્ર પર પોતાનો ધ્વજ લગાવી દે, ઈમારતો ઊભી કરે કે કોઈ રિસર્ચ સેન્ટર સ્થાપી દે, તેનાથી ચંદ્રની જમીન અમેરિકાની થઈ જતી નથી : ભવિષ્યમાં ચંદ્ર પર સૌથી કિંમતી સંપત્તિ સોનું કે ચાંદી નહીં, પરંતુ 'પાણીનો બરફ' સાબિત થશે. વૈજ્ઞાનિકો માને છે કે ચંદ્રના દક્ષિણ ધ્રુવના એવા વિસ્તારો છે જ્યાં પાણી બરફ સ્વરૂપે જમા થયેલું છે. જો ત્યાંથી બરફ કાઢી શકાય, તો તેનો વિવિધ સ્વરૂપે ઉપયોગ શક્ય છે. અમેરિકાએ આ બધું વાપરવા પોતાની જાતે ૨૦૧૫માં કાયદો બનાવી દીધો હતો અને હવે ટ્રમ્પના નિવેદને અવકાશી સ્પર્ધાની આગમાં ઘી હોમ્યું છે : વર્ષ ૧૯૭૯માં સંયુક્ત રાષ્ટ્ર હેઠળ એક કરાર થયો હતો, જેને મૂન એગ્રીમેન્ટ કહેવામાં આવે છે. તેમાં ચંદ્ર અને તેના કુદરતી સંસાધનોને સમગ્ર માનવજાતનો સહિયારો વારસો ગણાવવામાં આવ્યો છે. જોકે, અમેરિકા સહિત વિશ્વની મોટી સ્પેસ શક્તિઓએ આ કરાર પર હસ્તાક્ષર કર્યા નથી. આથી જ ચંદ્રના ખનન નિયમો પર આજે પણ વૈશ્વિક સર્વસંમતિ નથી

ચંદ્ર હવે બાળકો માટે ચાંદા મામા કે પછી ખગોળશાસ્ત્રીઓ માટે સંશોધનનું કેન્દ્ર નહીં પણ હવે લડાઈનું નવું મેદાન બની ગયો છે. થોડા દિવસ પહેલાં ટ્રમ્પે ખુલ્લેઆમ આની જાહેરાત કરી દીધી હતી. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા 'ટ્રુથ' પર ચંદ્રની તસવીર સાથે એક પોસ્ટ લખી કે 'ચંદ્ર અમેરિકાનો છે'. જાણકારોના મતે સ્પેસ રિસર્ચનું કેન્દ્ર રહેલા ચંદ્ર પર હવે વર્ચસ્વ જમાવવાની સ્પર્ધા ચાલી રહી છે. એક તરફ અમેરિકા છે તો બીજી તરફ ચીન અને રશિયા છે. આ સ્પર્ધા એટલી વધી ગઈ છે કે, દુનિયા બે ભાગમાં વહેંચાઈ ગઈ છે. અમેરિકા અત્યાર સુધી આર્ટેમિસ એકોર્ડ્સ હેઠળ ૭૧ દેશોને પોતાની સાથે જોડી ચૂક્યું છે, જ્યારે ચીને ઈન્ટરનેશનલ લૂનર રિસર્ચ સ્ટેશનના નામે ૧૩ દેશોને પોતાની સાથે જોડયા છે. ખાસ વાત એ છે કે આ સ્પર્ધામાં ભારત અમેરિકાની સાથે છે, જ્યારે પાકિસ્તાને ચીનનો સાથ પસંદ કર્યો છે. જાણકારોના મતે અમેરિકા અને ચીન વચ્ચે ચંદ્ર પર કાયમી બેઝ બનાવવાની રેસ ચાલી રહી છે. બંને દેશો ચંદ્રના સાઉથ પોલ પર કાયમી બેઝ બનાવવા માટે મોટા મિશનો લોન્ચ કરવાની તૈયારીમાં છે. આ માટે અમેરિકાએ આર્ટેમિસ પ્રોગ્રામ શરૂ કર્યો છે. આ નાસાનો એવો કાર્યક્રમ છે, જેનો ઉદ્દેશ્ય માત્ર માનવોને ચંદ્ર પર મોકલવાનો નથી, પરંતુ ત્યાં કાયમી હાજરી સ્થાપિત કરવાનો છે. તે ત્યાં રહીને વિવિધ પ્રયોગો કરવા તથા આગામી અવકાશી પ્રયોગો માટે તેને બેઝ બનાવવા માગે છે. અમેરિકાએ આ મિશનમાં ઘણા દેશોને જોડયા છે અને આ કરારને આર્ટેમિસ એકોર્ડ્સ નામ આપવામાં આવ્યું છે. આ અંતર્ગત પાંચ મિશનો હાથ ધરવામાં આવશે. તેમાંથી બે પૂરા થઈ ચૂક્યા છે. આવતા વર્ષે ત્રીજું મિશન થશે અને ચોથા મિશનમાં માનવોને ચંદ્ર પર મોકલવામાં આવશે, જે ૨૦૨૮માં નિર્ધારિત છે. ત્યારબાદ નિયમિત મિશનો શરૂ થશે. અમેરિકા આ માટે ચંદ્રની ભ્રમણકક્ષામાં એક નાનું સ્પેસ સ્ટેશન એટલે કે ગેટવે પણ બનાવશે. બીજી તરફ, "ંન્ઈજીએ ચીન અને રશિયાનું મૂન બેઝ મિશન છે. આ પ્રોજેક્ટ ૨૦૨૧માં શરૂ થયો હતો. વર્ષ ૨૦૨૬થી ૨૦૩૦ દરમિયાન માનવોને મોકલીને અહીં ટેકનિકલ પરીક્ષણો કરવામાં આવશે અને ત્યારબાદ કાયમી મૂન બેઝ તૈયાર થશે.

ઉલ્લેખનીય છે કે, આર્ટેમિસ કરાર મૂળભૂત રીતે શાંતિપૂર્ણ સ્પેસ રિસર્ચ માટે કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૦માં નાસા દ્વારા આની શરૂઆત કરવામાં આવી હતી. અત્યાર સુધી અવકાશ સંબંધિત સૌથી મોટો આંતરરાષ્ટ્રીય કરાર ૧૯૬૭માં થયો હતો, જેનાથી આજે પણ અવકાશના પાયાના નિયમો નક્કી થાય છે. જોકે, તેમાં ચંદ્ર પર માઈનિંગ, સંસાધનોના ઉપયોગ અને ડેટા શેરિંગને લઈને કોઈ સ્પષ્ટ નિયમો નહોતા. અમેરિકાએ આ જૂથની રચના એટલે કરી જેથી તમામ દેશો સાથે મળીને સ્પેસ મિશનમાં સહયોગ જાળવી શકે અને જરૂર પડયે નવા નિયમો બનાવી શકાય. આ કરાર કોઈપણ ગ્રહ કે ઉપગ્રહ પર કોઈ દેશને માલિકી હક આપતો નથી, પરંતુ તે ચંદ્ર પર રહેલા સંસાધનોના ઉપયોગની મંજૂરી આપે છે.

હવે સ્થિતિ એ થઈ છે કે, અમેરિકાએ ઘણા દેશોનો પોતાની તરફ ખેંચી લીધા છે. તેમની સાથે જોડાણ કરી લીધું છે. અમેરિકા સાથે અત્યાર સુધીમાં ૭૧ દેશો જોડાઈ ચૂક્યા છે. જેમાં ભારત, જાપાન, કેનેડા, ઓસ્ટ્રેલિયા, બ્રિટન, ફ્રાન્સ, ઈટાલી, જર્મની, દક્ષિણ કોરિયા, સાઉદી અરેબિયા, યુએઈ, ન્યુઝીલેન્ડ સહિત અનેક યુરોપિયન, એશિયન અને લેટિન અમેરિકન દેશો સામેલ છે. ઉલ્લેખનીય છે કે, ભારત ૨૦૨૩માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકા યાત્રા દરમિયાન આ કરારમાં જોડાયું હતું. નોંધનીય છે કે આ જૂથમાં અમેરિકા પછી ભારત જ સૌથી મોટી સ્પેસ શક્તિ છે. બીજી તરફ ચીન અને રશિયાએ મળીને ઈન્ટરનેશનલ લૂનર રિસર્ચ સ્ટેશન પ્રોજેક્ટ શરૂ કર્યો છે. તેમાં બેલારુસ, અઝરબૈજાન, ઈજિપ્ત, દક્ષિણ આફ્રિકા, થાઈલેન્ડ, વેનેઝુએલા અને પાકિસ્તાન સામેલ છે. આ મિશનનું સંયુક્ત નેતૃત્વ ચીનની સ્પેસ એજન્સી ભ્રશજીછ અને રશિયાની સ્પેસ એજન્સી રોસકોસમોસ કરી રહી છે.

જાણકારોના મતે શરૂઆતમાં સ્થિતિ કંઈક અલગ હતી અને હવે દુનિયા કંઈક અલગ દિશામાં જઈ રહી છે, ખાસ કરીને મોટા દેશોની વિચારધારા બદલાવા લાગી છે. સંશોધકો માટે ચંદ્ર પર બેઝ બનાવવો તેમજ પાણી અને બરફની શોધ કરવી એ પ્રાથમિક હેતુ છે, પરંતુ હવે આ સમગ્ર રેસને ભવિષ્યના 'મંગળ મિશન'ની તૈયારી સાથે જોડીને જોવામાં આવી રહી છે. ચંદ્ર પર બેઝ બનાવીને એ પરીક્ષણ કરવામાં આવશે કે ઓછી ગ્રેવિટીમાં માનવી કેવી રીતે રહી શકે છે. ત્યાં ખોરાક તૈયાર કરવા અને ઓક્સિજન ઉત્પન્ન કરવાની પદ્ધતિઓ શોધવામાં આવશે, જે મંગળ પર કામ લાગશે. અવકાશમાં કાયમી રહેઠાણો કેવી રીતે બનાવી શકાય તેનું પણ પરીક્ષણ થશે. ઘણા વૈજ્ઞાનિકોનું માનવું છે કે જો ચંદ્ર પર મજબૂત બેઝ બની જાય, તો ભવિષ્યના મંગળ મિશનો સીધા ચંદ્ર પરથી જ લોન્ચ કરવામાં આવી શકે છે.

અમેરિકાએ જે દાવો કર્યો છે કે, ટ્રમ્પે જે વાણીવિલાસ કર્યો છે તે બાબત સવાલ ઊભો કરનારી ચોક્કસ છે કે, કોઈ ચંદ્ર ઉપર પોતાની માલિકી સ્થાપી શકે કે નહીં. આ સવાલનો જવાબ આશરે ૬૦ વર્ષ જૂના એક આંતરરાષ્ટ્રીય કરારમાંથી મળે છે. વર્ષ ૧૯૬૭માં વિશ્વના દેશોએ આઉટર સ્પેસ ટ્રીટી પર સહમતી દર્શાવી હતી. આ સંધિમાં સ્પષ્ટ જણાવાયું છે કે ચંદ્ર કે અન્ય કોઈ પણ ખગોળીય પિંડ કોઈ એક દેશની ખાનગી સંપત્તિ બની શકે નહીં. મતલબ બહુ સીધો છે, અમેરિકા ચંદ્ર પર પોતાનો ધ્વજ લગાવી દે, ઈમારતો ઊભી કરે કે કોઈ રિસર્ચ સેન્ટર સ્થાપી દે, તેનાથી ચંદ્રની જમીન અમેરિકાની થઈ જતી નથી. આ જ નિયમ ચીન, રશિયા, ભારત કે અન્ય કોઈ પણ દેશને પણ લાગુ પડે છે. એટલે કે, ચંદ્ર પર પહોંચવું અને ચંદ્રના માલિક બની જવું, આ બંને તદ્દન અલગ બાબતો છે.

મહત્ત્વની વાત એ છે કે, ટ્રમ્પનું નિવેદન સોશિયલ મીડિયા પર કરવામાં આવેલું એક રાજકીય નિવેદન છે. આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર તેને ચંદ્ર પર અમેરિકાના માલિકી હકની સત્તાવાર જાહેરાત ગણી શકાય નહીં. કાયદાકીય સ્થિતિ એકદમ સ્પષ્ટ છે કે, માત્ર પહોંચી જવાથી કે ઝંડો રોપી દેવાથી કોઈ દેશ ચંદ્ર પર પોતાનો અધિકાર સ્થાપી શકતો નથી. અન્ય સવાલ અહીંથી શરૂ થાય છે કે, જો ચંદ્રની જમીન કોઈની નથી, તો ત્યાંથી કાઢવામાં આવેલું પાણી, બરફ કે ખનીજ કોના ગણાશે? આ જ મુદ્દા પર વિશ્વભરના નિષ્ણાતો વચ્ચે તીવ્ર ચર્ચા ચાલી રહી છે. જાણકારોના મતે ચંદ્રની જમીન નહીં, ત્યાંનું પાણી સૌથી વધુ કિંમતી છે. ભવિષ્યમાં ચંદ્ર પર સૌથી કિંમતી સંપત્તિ સોનું કે ચાંદી નહીં, પરંતુ 'પાણીનો બરફ' સાબિત થશે. વૈજ્ઞાનિકો માને છે કે ચંદ્રના દક્ષિણ ધ્રુવના એવા વિસ્તારો છે જ્યાં સૂર્યપ્રકાશ ક્યારેય પહોંચતો નથી. આવા ખાડાઓમાં પાણી બરફ સ્વરૂપે જમા થયેલું છે. જો ત્યાંથી બરફ કાઢી શકાય, તો તેને પીવાલાયક પાણીમાં ફેરવી શકાય છે. તેમાંથી ઓક્સિજન અલગ કરીને શ્વાસ લેવા માટે ઉપયોગ કરી શકાય છે. હાઈડ્રોજન છૂટો પાડીને રોકેટ માટે બળતણ તૈયાર કરી શકાય છે.

ચંદ્ર પરથી સંસાધનો મેળવવાના મુદ્દે અમેરિકાએ ૨૦૧૫માં જ એક સ્થાનિક કાયદો પસાર કર્યો હતો. આ કાયદા હેઠળ અમેરિકન નાગરિકો અને ખાનગી કંપનીઓને અવકાશી સંસાધનો કાઢવાનો અને તેનો વ્યવસાયિક ઉપયોગ કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. જોકે, અમેરિકાનું કહેવું છે કે આનો અર્થ એ નથી કે તેઓ ચંદ્રના માલિક બની ગયા છે. આને સાદા ઉદાહરણથી સમજો : માની લો કે ચંદ્ર કોઈની જમીન નથી, પરંતુ કોઈ ખાનગી કંપની ત્યાં જઈને પાણી કે ખનીજ કાઢે છે. અમેરિકન કાયદાનું અર્થઘટન એવું છે કે જમીન પર કબજો કરવો અને તે જમીનમાંથી સંસાધનો મેળવવા એ બંને અલગ બાબતો છે. આંતરરાષ્ટ્રીય સ્તરે વિવાદનું મૂળ આ જ વલણ છે. અહીંયા ચર્ચા એવી છે કે, ધારો કે ભવિષ્યમાં કોઈ અમેરિકન કંપની ચંદ્ર પર જાય છે અને ૧૦૦ ટન બરફ કાઢી લે છે. તો શું એ બરફ તે ખાનગી કંપનીની મિલકત ગણાશે? તેનો કોઈ જવાબ નથી. બીજી તરફ વર્ષ ૧૯૭૯માં સંયુક્ત રાષ્ટ્ર હેઠળ એક કરાર થયો હતો, જેને મૂન એગ્રીમેન્ટ કહેવામાં આવે છે. તેમાં ચંદ્ર અને તેના કુદરતી સંસાધનોને સમગ્ર માનવજાતનો સહિયારો વારસો ગણાવવામાં આવ્યો છે. આ કરારનો હેતુ એ છે કે ચંદ્રના સંસાધનોનો લાભ માત્ર ગણ્યાગાંઠયા શક્તિશાળી દેશો કે અબજોપતિ કંપનીઓ સુધી સીમિત ન રહેવો જોઈએ, પરંતુ તેના માટે વૈશ્વિક વ્યવસ્થા હોવી જોઈએ જેથી તમામ દેશોને સરખો હિસ્સો મળે. જોકે, અમેરિકા સહિત વિશ્વની મોટી સ્પેસ શક્તિઓએ આ કરાર પર હસ્તાક્ષર કર્યા નથી. આથી જ ચંદ્રના ખનન નિયમો પર આજે પણ વૈશ્વિક સર્વસંમતિ નથી. જાણકારો માને છે કે, ટ્રમ્પનું 'ચંદ્ર આપણો છે' વાળું નિવેદન ભલે એક સોશિયલ મીડિયા પોસ્ટ હોય, પરંતુ તેણે અવકાશ ક્ષેત્રના આ સૌથી મોટા અવકાશી જિયોપોલિટિકલ સંઘર્ષને ફરી સપાટી પર લાવી દીધો છે.

ભવરોગની દવા અને મૃત્યુ સુધારનારી ઔષધિ વિધિપૂર્વક ભાગવત શ્રવણનો મહિમા

વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

જીવમાત્રને એક રોગ લાગેલો છે. આ રોગ કોઈ ડોક્ટરથી મટતો નથી. ડોક્ટર શરીરના રોગ મટાડે છે, પણ આત્માના રોગનું શું?જીવને ઈશ્વર નો, શ્રીકૃષ્ણનો વિયોગ થયો છે એ જ મોટામાં મોટો રોગ છે.આ વિયોગના કારણે જ કામ,ક્રોધ,લોભ મોહ,ભય,ચિંતા ઉત્પન્ન થયા છે. આ ભવરોગની એક જ દવા છે- ભાગવત.પણ દવા ગમે તેટલી સારી હોય,જો તેની સાથે પરેજી પાળવા માં ન આવે તો દવા કામ કરતી નથી. જેમ દવામાં ચરી પાળવી જોઈએ, તેમ કથામાં પણ તેની વિધિ જાળવવી જોઈએ. વિધિ વગરની કથા કાન સુધી જાય છે,પણ વિધિ પૂર્વક કરેલી કથા હૃદય સુધી જાય છે અને ભવરોગ મટાડે છે.

શુભ મુહૂર્તે કથાનો પ્રારંભ કરવો જોઈએ. કથા એ કોઈ મનોરંજન નથી, તે યજ્ઞ છે. યજ્ઞ હંમેશા શુભ મુહૂર્તમાં જ થાય.સૌથી મહત્વની વાત છે વક્તાના લક્ષણો. વક્તા કેવો હોવો જોઈએ?શાસ્ત્રમાં ચાર લક્ષણો બતાવ્યા છે. વક્તા બ્રાહ્મણ હોવો જોઈએ એટલે કે બ્રહ્મને જાણનારો,ધીર ગંભીર હોવો જોઈએ,દ્રષ્ટાંતકુશલ હોવો જોઈએ એટલે કે વાતને દાખલા દલીલથી સમજાવે તેવો, અને અતિ નિઃસ્પૃહ હોવો જોઈએ,તેને દ્રવ્યનો કે કીર્તિનો મોહ ન હોવો જોઈએ. પહેલું લક્ષણ વિરક્તપણું બતાવ્યું છે. વૈરાગ્ય એટલે શું? ભોગના અનેક પદાર્થો મળે છતાં મન તેમાં ન જાય તેનું નામ વૈરાગ્ય.જગતને છોડવાની જરૂર નથી, પરંતુ જગતને કામદ્દષ્ટિથી, ભોગદ્દષ્ટિથી ન જુઓ.

શુકદેવજી પણ જગતને જોતા હતા પણ નિર્વિકાર હતા.તેઓ વસ્ત્ર વગરના હતા,ત્યારે સ્ત્રીઓએ તેમને જોઈને વસ્ત્ર ન ઢાંક્યા,પણ પાછળ થી વસ્ત્ર પહેરેલા વ્યાસજીને જોઈને વસ્ત્ર ઢાંકી દીધા. કારણ પૂછ્યું તો કહ્યું કે શુકદેવજીની દ્દષ્ટિમાં વિકાર નથી,તેઓ દરેક સ્ત્રી-પુરુષને ભગવદભાવથી જુએ છે. આપણે જગતને જોઈએ ત્યારે આંખમાં વિકાર આવે છે. દોષદ્દષ્ટિ હોય ત્યાં સુધી દેવદ્દષ્ટિ થતી નથી. તેથી દરેક સ્ત્રી-પુરુષને ભગવદ ભાવથી જુઓ.

શ્રોતા માટે પણ વિધિ છે.સર્વ પ્રકાર ના ઘરબાર,દુકાન,ચિંતા છોડીને કથામાં બેસો.વક્તા-શ્રોતામનથી, આંખથી,વાણીથી, પ્રત્યેક ઈન્દ્રિયથી બ્રહ્મચર્ય પાળે. ઊર્ધ્વરેતા થયા વગર મન સ્થિર થતું નથી.ઊર્ધ્વરેતા બ્રહ્મ ચર્ય પાળવાથી થવાય છે.ક્રોધ કરવાથી પુણ્યનો ક્ષય થાય છે, માટે વક્તા-શ્રોતા ક્રોધ ન કરે.જે વિધિ પૂર્વક કથા શ્રવણ કરે છે તે વૈષ્ણવો યમપુરીમાં જતા નથી,વૈકુંઠમાં જાય છે.

વેદાંતનો અધિકાર સર્વને નથી.વેદાંત સાંભળવા માટે ચાર લાયકાત જોઈએ નિત્ય-અનિત્ય વસ્તુ વિવેક ષડ્ સંપત્તિ એટલે શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા,સમાધાન અને ફલ ભોગવિરાગ તથા મુમુક્ષુત્વ. આટલી તૈયારી વિના વેદાંત સમજાય નહીં. એટલે જ વેદોના ત્રણ વિભાગ કર્યા કર્મકાંડ,ઉપાસના કાંડ અને જ્ઞાનકાંડ અને તેના અધિ કારી જુદા ઠરાવ્યા. પણ ભાગવત સર્વને માટે છે બાળક, યુવાન, વૃદ્ધ,સ્ત્રી, પુરુષ, પાપી પુણ્યાત્મા સૌ ભાગવત સાંભળી શકે છે. સંસારનો જીવમાત્ર વ્યાસ નારાયણનો શિષ્ય છે. ભાગવતનો આશ્રય કરશો તો ભાગવત તમને ભગવાનની ગોદમાં બેસાડશે. તમને નિર્ભય અને નિઃસંદેહ બનાવશે.જે ભાગવતની કથા પ્રેમથી સાંભળે છે તેનો સંબંધ ભગવાન સાથે થાય છે, કારણ કે ભાગવતએ ભગવાનનું સાક્ષાત સ્વરૂપ છે,ભગવાનનું વાડ્મય સ્વરૂપ છે.ભગવાને પોતાનું સ્વરૂપ તો છુપાવ્યું છે,પણ નામ છુપાવ્યું નથી.

ભાગવતના શ્લોક ૧૮૦૦૦ કેમ છે? આમાં મોટું રહસ્ય છે.આઠપ્રકૃતિના આઠ -પાંચ મહાભૂત,મન,બુદ્ધિ અને અહંકાર અને નવમા ઈશ્વર.નવનો આંકડો પૂર્ણતા દર્શાવે છે.આઠ પ્રકૃતિ અને નવમા પરમાત્મા. ભાગવત આખી સૃષ્ટિ અને સૃષ્ટિના માલિક બંનેનું જ્ઞાન આપે છે.

ખાવું કેવી રીતે,બોલવું કેવી રીતે, ચાલવું કેવી રીતે,પત્ર લખવો કેવી રીતે, ઘરમાં રહેવું કેવી રીતે, સંસાર છોડવો કેવી રીતે બધું જ ભાગવત માં બતાવ્યું છે. આ એક જ ગ્રંથનો આશ્રય કરવાથી સઘળું જ્ઞાન મળશે.આ ગ્રંથ પૂર્ણ છે. ભાગવત એ ભગવાન નારાયણનું સ્વરૂપ છે. જગત અને ઈશ્વરનું, જીવ અને જગતનું, જીવ અને ઈશ્વરનું જ્ઞાન ભાગવતમાંથી મળશે.પણ કેવળ જાણેલું કામ આવશે નહીં,જીવનમાં ઉતારેલું કામ આવશે. ગાંધીજી પણ કહેતા કે અઢી મણ જ્ઞાન કરતાં પાશેર આચરણ શ્રેષ્ઠ છે. પ્રભુના દિવ્ય સદગુણોને જીવનમાં ઉતારો.

આપણે ઘણીવાર પૂર્વજન્મના વિચારોમાં ગૂંચવાઈ જઈએ છીએ. મારો પૂર્વજન્મ શું હતો? હું કોણ હતો? શાસ્ત્ર કહે છે, પૂર્વજન્મનો વિચાર ન કરો. આ જન્મ સુધારવા પ્રયત્ન કરો.

જનકરાજાની કથા પ્રસિદ્ધ છે. જનકરાજાએ પોતાના પૂર્વજન્મો જોવા ઋષિ યાજ્ઞવલ્ક્ય પાસે માગણી કરી. યાજ્ઞવલ્ક્યે તેમને તેમના પૂર્વજન્મો બતાવ્યા. જનકરાજાએ જોયું કે પોતાની પત્ની અગાઉના એક જન્મમાં પોતાની માતા હતી. આ જોઈને તેમને ખૂબ દુઃખ થયું,ગ્લાનિ થઈ. તેથી જ કહેવાય છે કે પૂર્વજન્મ યાદ ન રહેવો એ જ સારું છે. ઈશ્વરે વિસ્મૃતિ આપી છે તે કૃપા છે. પૂર્વ જન્મના વિચારો ન કરો,આ જન્મ જ સુધારો.

કથા એ પણ કીર્તનભક્તિનું જ સ્વરૂપ છે અને કીર્તનભક્તિ દ્વારા જે પરમાત્માના દર્શન થાય છે, તે કથા શ્રવણ દ્વારા પણ થઈ શકે છે.

ભાગવત એ મૃત્યુ સુધારનારી ઔષધિ છે. મૃત્યુ કોને નથી? મૃત્યુનો ડર કોને નથી? સૌને છે, એટલે સૌને આ ઔષધિની જરૂર છે. ભવરોગ મટાડવો હોય તો આ દવા લેવી જ પડે.

પરમાત્મા શ્રીકૃષ્ણનું નામસ્વરૂપ એ આ ભાગવત છે.પરમાત્માએ જગતમાં પોતાનું સ્વરૂપ છુપાવ્યું છે, પણ નામ છુપાવ્યું નથી, નામ પ્રગટ રાખ્યું છે. માટે પરમાત્માના નામ સાથે પ્રીતિ કરો. નામ સાથે પ્રીતિ થાય ત્યારે જ વાસના છૂટે છે. જ્યાં નામ છે ત્યાં પરમાત્માને પ્રકટ થવું જ પડે છે.

નામ એ પરમાત્મા કરતાં પણ શ્રેષ્ઠ છે. પ્રભુ એક વખત દર્શન આપીને જતા રહે, પણ નામ હંમેશા સાથે રહે છે. જે વ્યક્તિના પ્રત્યક્ષ દર્શન ન થયા હોય તેના નામને પકડી રાખો તો તેના દર્શન થશે જ.માટે ભાગવત એ પરમાત્માનું નામસ્વરૂપ છે, માટે તે દિવ્ય છે. તેનો આશ્રય કરો, તેની વિધિ પાળો-વિરક્ત બનો, દોષદ્દષ્ટિ છોડી દેવદ્દષ્ટિ કેળવો, બ્રહ્મચર્ય અને શાંતિથી શ્રવણ કરો.તો જ આ ભવ રોગની દવા તમારા હૃદયમાં અમૃત બનીને પ્રગટશે અને મૃત્યુના ભયમાં થી તમને મુક્ત કરશે. અસ્તુ.

ભાજપમાં સંગઠનાત્મક ફેરફારનો મોટો દોર, 24 પૂર્ણકાલીન કાર્યકરોને મહત્વની જવાબદારી

ભારતીય જનતા પાર્ટીએ રાજ્ય એકમોમાં લાંબા સમયથી ખાલી પડેલી સંગઠનાત્મક જવાબદારીઓને ભરવા માટે મોટાપાયે નિમણૂકો કરી છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને 24 પૂર્ણકાલીન કાર્યકરોને વિવિધ રાજ્યો અને સંગઠનાત્મક જવાબદારીઓ સોંપી છે. આ નિમણૂકોમાં ખાસ બાબત એ છે કે RSSમાંથી મોટી સંખ્યામાં નવા કાર્યકરોને ભાજપમાં ડેપ્યુટેશન પર મોકલવામાં આવ્યા નથી, પરંતુ ભાજપના સંગઠન સાથે પહેલેથી જ જોડાયેલા અને વિવિધ જવાબદારીઓ સંભાળી રહેલા સંઘના પૂર્ણકાલીન કાર્યકરોને નવી જવાબદારીઓ આપવામાં આવી છે. પક્ષના સંગઠનાત્મક માળખાને વધુ સક્રિય બનાવવા અને રાજ્યોમાં ખાલી પડેલી મહત્વની જગ્યાઓ ભરવા માટે આ ફેરફાર કરવામાં આવ્યો હોવાનું અહેવાલોમાં જણાવાયું છે.

ભાજપમાં સંગઠન મહાસચિવ એટલે કે જનરલ સેક્રેટરી ઓર્ગેનાઈઝેશનનું પદ અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ જવાબદારી સામાન્ય રીતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પૂર્ણકાલીન કાર્યકરોને સોંપવામાં આવે છે. સંગઠન મહાસચિવ પક્ષના ચૂંટાયેલા નેતા અથવા સરકારમાં રહેલા મંત્રીની જેમ જાહેર રાજકીય ભૂમિકા ભજવતા નથી, પરંતુ પક્ષના સંગઠનને જમીની સ્તરે મજબૂત રાખવાની જવાબદારી તેમના ખભા પર હોય છે. રાજ્ય એકમના પ્રમુખથી લઈને જિલ્લા અને મંડળ સ્તરના કાર્યકરો સુધી સંગઠન સાથે સતત સંપર્ક જાળવવો, વિવિધ સંગઠનાત્મક કાર્યક્રમોનું સંકલન કરવું અને પક્ષની આંતરિક વ્યવસ્થાને ગતિ આપવી તેમની મહત્વની જવાબદારીઓમાં સામેલ છે.

સંગઠન મહાસચિવની ભૂમિકા માત્ર ભાજપના સંગઠન પૂરતી મર્યાદિત નથી. RSS અને ભાજપ વચ્ચે સંકલન જાળવવામાં પણ આ પદ મહત્વનું માનવામાં આવે છે. સંઘના સંગઠન અને ભાજપના રાજકીય સંગઠન વચ્ચે સતત સંપર્ક રહે તે માટે સંગઠન મહાસચિવ મહત્વની કડી તરીકે કામ કરે છે. રાજ્યમાં પક્ષના સંગઠન સાથે સંકળાયેલા મુદ્દાઓ, કાર્યકરોની કામગીરી, સંગઠનના વિસ્તરણ અને વિવિધ કાર્યક્રમો અંગે સંઘ સાથે સંકલન સાધવાની જવાબદારી પણ આ હોદ્દા સાથે જોડાયેલી હોય છે. આ ઉપરાંત પક્ષ અને રાજ્ય

સરકાર વચ્ચે સંગઠનાત્મક સ્તરે સંકલન જાળવવામાં પણ તેમની ભૂમિકા રહે છે.

ભાજપની તાજેતરની નિમણૂકોનું મહત્વ એ માટે પણ છે કે લગભગ દસ જેટલા રાજ્યોમાં લાંબા સમયથી પૂર્ણકાલીન સંગઠન મહાસચિવની જગ્યાઓ ખાલી અથવા નિષ્ક્રિય હતી. હવે પક્ષે આ જગ્યાઓ પર જવાબદારીઓ સોંપીને રાજ્ય સંગઠનોને વધુ સક્રિય બનાવવાનો પ્રયાસ કર્યો છે. સંગઠન મહાસચિવની ગેરહાજરીમાં ઘણી વખત રાજ્ય એકમની સંગઠનાત્મક કામગીરી અન્ય નેતાઓ અથવા વધારાની જવાબદારી સંભાળતા કાર્યકરો દ્વારા ચલાવવામાં આવતી હતી. હવે પૂર્ણકાલીન કાર્યકરોને જવાબદારી સોંપાતા સંગઠનાત્મક કામગીરીને વધુ સ્પષ્ટ દિશા આપવાનો પ્રયાસ થયો છે.

આ સમગ્ર પ્રક્રિયામાં સૌથી મહત્વની બાબત એ છે કે ભાજપે નવા ચહેરાઓની મોટા પ્રમાણમાં પસંદગી કરવાને બદલે પહેલેથી જ સંગઠનમાં કામ કરી રહેલા અનુભવી પૂર્ણકાલીન કાર્યકરો પર વિશ્વાસ મૂક્યો છે. આ કાર્યકરો લાંબા સમયથી ભાજપ અને RSSના સંગઠન સાથે જોડાયેલા હોવાથી તેમને પક્ષના આંતરિક માળખા, કાર્યપદ્ધતિ અને સ્થાનિક સંગઠનની જરૂરિયાતોની જાણકારી હોવાનું માનવામાં આવે છે. તેથી નવા વ્યક્તિને જવાબદારી સોંપીને શરૂઆતથી સંગઠન સમજવાની પ્રક્રિયા કરવાને બદલે અગાઉથી સંગઠનમાં સક્રિય રહેલા કાર્યકરોને નવી જવાબદારી સોંપવામાં આવી છે.

તાજેતરની વ્યવસ્થામાં કેટલાક વરિષ્ઠ સંગઠન કાર્યકરોને એક કરતાં વધુ રાજ્યોની જવાબદારી પણ આપવામાં આવી છે. શિવપ્રકાશને આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને ગોવા જેવા રાજ્યોની સંગઠનાત્મક જવાબદારી સોંપવામાં આવી છે. બીજી તરફ સૌદાન સિંહને બિહાર, ઝારખંડ, ઓડિશા અને પશ્ચિમ બંગાળની જવાબદારી આપવામાં આવી છે. આ પ્રકારની જવાબદારીઓ દર્શાવે છે કે ભાજપે સંગઠનાત્મક રીતે અનુભવી કાર્યકરોનો ઉપયોગ વિવિધ રાજ્યોમાં પક્ષની કામગીરીને સંકલિત કરવા માટે કર્યો છે.

મહારાષ્ટ્રમાં પણ સંગઠનાત્મક ફેરફારો કરવામાં આવ્યા છે. અજેય જામવાલને મધ્યપ્રદેશ અને છત્તીસગઢની જવાબદારીમાંથી ખસેડીને મહારાષ્ટ્રની જવાબદારી સોંપવામાં આવી છે, જ્યારે સતીશ ધોંડને પણ મહારાષ્ટ્રમાં સંગઠનાત્મક જવાબદારી આપવામાં આવી છે. અલગ-અલગ રાજ્યોમાં જવાબદારી ધરાવતા કાર્યકરોના ફેરબદલનો હેતુ સંગઠનના અનુભવી નેતાઓની કુશળતાનો અન્ય રાજ્યોમાં ઉપયોગ કરવાનો હોવાનું પક્ષના સંગઠનાત્મક માળખાના સંદર્ભમાં જોવામાં આવે છે.

આ નિમણૂકોમાં માત્ર સંગઠન મહાસચિવની જવાબદારી જ નહીં, પરંતુ સંયુક્ત મહાસચિવ અને અન્ય મહત્વપૂર્ણ સંગઠનાત્મક હોદ્દાઓનો પણ સમાવેશ થાય છે. કેટલાક કાર્યકરોને ચોક્કસ મોરચા અને સંગઠનાત્મક વિભાગોની જવાબદારી આપવામાં આવી છે. આથી ભાજપે એક જ સમયે રાજ્યસ્તરથી લઈને વિવિધ સંગઠનાત્મક મોરચા સુધી જવાબદારીઓનું પુનર્ગઠન કર્યું છે. સંગઠનમાં કોણ કઈ જવાબદારી સંભાળશે તે અંગે સ્પષ્ટતા થતાં આગામી સમયગાળામાં પક્ષની આંતરિક કામગીરી વધુ વ્યવસ્થિત રીતે ચલાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

ભાજપ માટે સંગઠન મહાસચિવનું પદ ખાસ મહત્વનું એટલા માટે પણ છે કે આ હોદ્દો સામાન્ય રીતે ચૂંટણીની જાહેર રાજનીતિ કરતાં સંગઠનના વિસ્તરણ અને કાર્યકરોના નેટવર્ક પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે. બૂથ સ્તર સુધી સંગઠન ઊભું કરવું, જિલ્લા અને મંડળ એકમોને સક્રિય રાખવા, કાર્યકરો સાથે સતત સંપર્ક જાળવવો તથા પક્ષના કાર્યક્રમોનું જમીની સ્તરે અમલીકરણ થાય તેની દેખરેખ રાખવી જેવી કામગીરીમાં આ પદની ભૂમિકા રહે છે. પક્ષના સંગઠનને સતત સક્રિય રાખવા માટે આવા પૂર્ણકાલીન કાર્યકરોને મહત્વ આપવામાં આવે છે. RSS અને ભાજપ વચ્ચેના સંગઠનાત્મક સંબંધોના સંદર્ભમાં પણ તાજેતરની નિમણૂકોને મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

અમદાવાદ મંડળ દ્વારા 'સ્વચ્છતા હી સેવા 2026' અંતર્ગત રમતગમત પ્રવૃત્તિઓ, સ્વચ્છતા તથા 'સ્વચ્છતા સે સમૃદ્ધિ' અભિયાનનું આયોજન

અમદાવાદ, તા.28

રાષ્ટ્રવ્યાપી 'સ્વચ્છતા હી સેવા 2026' અભિયાન અંતર્ગત પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ, કચરા વ્યવસ્થાપન તથા જનભાગીદારીને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત 25 અને 26 સપ્ટેમ્બર 2026 દરમિયાન રમતગમતની પ્રવૃત્તિઓના માધ્યમથી સ્વચ્છતા તથા કાર્યક્રમો બાદ સ્વચ્છતા સુનિશ્ચિત કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો, જ્યારે 28 અને 29 સપ્ટેમ્બર 2026ના રોજ 'સ્વચ્છતા સે સમૃદ્ધિ' અંતર્ગત રેલવે સ્ક્રેપના પુનઃઉપયોગ, પ્લાસ્ટિક કચરાના પુનઃચક્રણ તથા અધિકૃત રિસાયકલર્સ સાથે અસરકારક કચરા વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવા સંબંધિત પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

25 અને 26 સપ્ટેમ્બર 2026ના રોજ 'Sports for Swachhta & Post-Event Cleanliness' અંતર્ગત રેલવે રમતગમત સંકુલો તથા રમતના મેદાનોમાં આયોજિત રમતગમતની પ્રવૃત્તિઓને ઝીરો-વેસ્ટ બનાવવાની દિશામાં વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું. રમતગમતના કાર્યક્રમો દરમિયાન ઉત્પન્ન થતા કચરાને ન્યૂનતમ રાખવા તથા કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સ્થળ પર સામૂહિક સ્વચ્છતા અભિયાન હાથ ધરી પરિસરને સ્વચ્છ રાખવા માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. આ માધ્યમથી રમતગમત સાથે સ્વચ્છતા તથા પર્યાવરણીય જવાબદારીને જોડીને સહભાગીઓ અને ઉપસ્થિત લોકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો.

અભિયાન અંતર્ગત ગણેશ વિસર્જન જેવા ઉત્સવો બાદ રેલવેની જમીન પર આવેલા જળાશયો તથા તેની આસપાસના વિસ્તારોની સ્વચ્છતા પર પણ વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું. જળાશયોની આસપાસ એકત્રિત થયેલા કચરાને દૂર કરવા તથા સ્વચ્છ અને સુરક્ષિત વાતાવરણ સુનિશ્ચિત કરવાની સાથે ફૂલો તથા અન્ય જૈવિક કચરાના કમ્પોસ્ટિંગને પ્રોત્સાહિત કરવામાં આવ્યું હતું. આ પહેલનો ઉદ્દેશ ધાર્મિક તથા સામાજિક કાર્યક્રમો બાદ ઉત્પન્ન થતા જૈવિક કચરાનું પર્યાવરણને અનુકૂળ રીતે વ્યવસ્થાપન કરવાનો છે.

28 અને 29 સપ્ટેમ્બર 2026ના રોજ 'સ્વચ્છતા સે સમૃદ્ધિ' અભિયાન અંતર્ગત *'કબાડ સે જુગાડ/કબાડ સે કલા'*ની સંકલ્પનાને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આ અંતર્ગત રેલવેની બિનઉપયોગી તથા સ્ક્રેપ સામગ્રી, જેમ કે જૂના સિગ્નલિંગ ઉપકરણો, કોચના પાટ્ર્સ તથા અન્ય ધાતુના સ્ક્રેપને રચનાત્મક રીતે ઉપયોગી વસ્તુઓ તથા કલાત્મક કૃતિઓમાં પરિવર્તિત કરવાની દિશામાં કામગીરી કરવામાં આવી રહી છે. આવી ઉપયોગી વસ્તુઓ તથા કલા સ્થાપનાઓને રેલવે સ્ટેશનો, રેલવે કોલોનીઓ તથા વર્કશોપમાં પ્રદર્શિત કરવાનો હેતુ કચરાના પુનઃઉપયોગ પ્રત્યે જાગૃતિ વધારવાનો તથા સ્વચ્છતાને સર્જનાત્મકતા સાથે જોડવાનો છે.

આ ઉપરાંત, પ્લાસ્ટિક રિસાયક્લિંગ પહેલ અંતર્ગત મોટા પ્રમાણમાં પ્લાસ્ટિક કચરો ઉત્પન્ન કરતા સ્થળો, જેમ કે રેલવે સ્ટેશનો અને કેન્ટીનને અધિકૃત પ્લાસ્ટિક રિસાયકલર્સ સાથે જોડવા પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. આ પહેલ દ્વારા સ્ટેશન પરિસર તથા રેલવે કોલોનીઓમાંથી એકત્રિત થતા પ્લાસ્ટિક કચરાના યોગ્ય સંગ્રહ, અલગ કરવું તથા પુનઃચક્રણની પ્રક્રિયાને વધુ સુદ્રઢ બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

અભિયાન અંતર્ગત સ્ટેશનો તથા રેલવે કોલોનીઓમાંથી એકત્રિત કરવામાં આવતા પ્લાસ્ટિક કચરાને અધિકૃત રિસાયકલર્સ સુધી પહોંચાડવા માટેના ફોરવર્ડ લિન્કેજને મજબૂત કરવાની દિશામાં પણ કામગીરી કરવામાં આવી રહી છે. તેનાથી પ્લાસ્ટિક કચરાના વૈજ્ઞાનિક તથા પર્યાવરણને અનુકૂળ નિકાલને સુનિશ્ચિત કરવાની સાથે કચરાને સંસાધન તરીકે પુનઃઉપયોગમાં લેવાની વ્યવસ્થાને પણ પ્રોત્સાહન મળશે.

અમદાવાદ મંડળ દ્વારા 'સ્વચ્છતા હી સેવા 2026' અંતર્ગત આયોજિત આ પ્રવૃત્તિઓ સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ, કચરાના પુનઃચક્રણ, પુનઃઉપયોગ તથા જનભાગીદારીનો સંદેશ અસરકારક રીતે આગળ ધપાવી રહી છે. રમતગમતની પ્રવૃત્તિઓને ઝીરો-વેસ્ટ બનાવવાથી લઈને રેલવેના સ્ક્રેપનો રચનાત્મક ઉપયોગ કરવા તથા પ્લાસ્ટિક કચરાના પુનઃચક્રણ સુધી, મંડળ દ્વારા સ્વચ્છ, હરિત અને ટકાઉ રેલવે પરિસરના નિર્માણની દિશામાં સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

લોલ-કડી રેલખંડ વચ્ચે આવેલા રેલવે ફાટક નં. 17 અને 15 ઓવરહોલિંગ કાર્ય માટે બંધ રહેશે

અમદાવાદ, તા.28

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના કલોલ-કડી રેલખંડ વચ્ચે આવેલા રેલવે ફાટક નં. 17 અને 15 ઓવરહોલિંગ તથા રબરાઈઝ્ડ લેવલ ક્રોસિંગ સરફેસના કામને કારણે વાહનવ્યવહાર માટે બંધ રહેશે. તેની વિગતો નીચે મુજબ છે: રેલવે ફાટક નં. 17 (કિમી 18/17-19): તા. 01.10.2026ના સવારે 08:00

વાગ્યાથી તા. 02.10.2026ના સાંજે 20:00 વાગ્યા સુધી (બે દિવસ) બંધ રહેશે. આ સમયગાળા દરમિયાન માર્ગ ઉપયોગકર્તાઓ રેલવે ફાટક નં. 15 પરથી અવરજવર કરી શકશે.

રેલવે ફાટક નં. 15 (કિમી 17/01-03) : તા. 03.10.2026ના સવારે 08:00 વાગ્યાથી તા. 04.10.2026ના સાંજે 20:00 વાગ્યા સુધી (બે દિવસ) બંધ રહેશે. આ સમયગાળા દરમિયાન માર્ગ ઉપયોગકર્તાઓ રેલવે ફાટક નં. 17 પરથી અવરજવર કરી શકશે.

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) ની વેતન મર્યાદા ₹15,000થી વધારી ₹25,000 કરવામાં આવી

અમદાવાદ, તા.28

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) હેઠળ યોગદાન માટેની વેતન મર્યાદા 15,000થી વધારીને 25,000 પ્રતિ માસ કરવામાં આવી એ કામદારો માટે સામાજિક સુરક્ષાના વ્યાપને વધુ મજબૂત બનાવવા અને તેમના લાંબા ગાળાના નાણાકીય ભવિષ્યને સુરક્ષિત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. આ મહત્વપૂર્ણ નિર્ણયને આવકારતાં, શ્રી યોગેન્દ્ર સિંહ શેખાવત, પ્રાદેશિક ભવિષ્ય નિધિ કમિશનર-I, કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO), પ્રાદેશિક કચેરી વટવાએ જણાવ્યું હતું કે, "15,000થી 25,000 સુધીની વેતન મર્યાદામાં કરવામાં આવેલો વધારો કામદારોની સામાજિક સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. તે કર્મચારીઓને તેમની નિવૃત્તિ માટેની બચત વધારવા અને તેમના નાણાકીય ભવિષ્યને વધુ સુરક્ષિત બનાવવાની વધુ તક પ્રદાન કરશે. કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) કામદારોને સામાજિક સુરક્ષાના લાભો પારદર્શક, સરળતાથી ઉપલબ્ધ અને કાર્યક્ષમ રીતે પ્રાપ્ત થાય તે સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે." 15,000ની અગાઉની વેતન મર્યાદા સપ્ટેમ્બર 2014થી અમલમાં હતી. હવે તેને વધારીને 25,000 કરવામાં આવતાં વર્તમાન વેતન માળખા તથા કર્મચારીઓની બદલાતી નાણાકીય જરૂરિયાતોને ધ્યાનમાં લેવામાં આવી છે. આ નિર્ણયથી કર્મચારીઓ માટે પ્રોવિડન્ટ ફંડમાં વધુ સંચયની શક્યતા ઊભી થશે, જેનાથી નિવૃત્તિ માટેની તેમની લાંબા ગાળાની નાણાકીય તૈયારી વધુ મજબૂત બનવામાં યોગદાન મળી શકે છે. આ ઉપરાંત, તે કામદારો માટે ઔપચારિક સામાજિક સુરક્ષાના વ્યાપને વિસ્તૃત કરવાના વ્યાપક ઉદ્દેશને પણ સમર્થન આપે છે.

સ્વસ્થ હૃદય, નિરોગી ગુજરાત: ૨૯ સપ્ટેમ્બર 'વિશ્વ હૃદય દિવસ' પર ગુજરાત સરકારની ઉત્કૃષ્ટ કાર્ડિયાક કેર ક્રાંતિ

અમદાવાદ, તા.28

દર વર્ષે ૨૯ સપ્ટેમ્બરે ઉજવાતો 'વિશ્વ હૃદય દિવસ' સમગ્ર માનવજાતને હૃદયના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કરવાનો અને હૃદયરોગથી બચવાના ઉપાયો અપનાવવાનો સંદેશ આપે છે. કોઈપણ રાજ્યની ખરી સમૃદ્ધિ તેના નાગરિકોના ઉત્તમ સ્વાસ્થ્યમાં છુપાયેલી હોય છે. આજના સમયમાં વધતા જતા હૃદયરોગના જોખમો વચ્ચે ગુજરાત સરકારે જે રીતે રાજ્યમાં આરોગ્ય ક્ષેત્રે ખાસ કરીને કાર્ડિયાક કેર (હૃદય રોગની સારવાર) ના ક્ષેત્રે ક્રાંતિકારી કામગીરી કરી છે, તે સમગ્ર દેશ માટે એક આદર્શ ઉદાહરણ બની ચૂક્યું છે. ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૬ના આ વિશેષ અવસરે, રાજ્યના દરેક નાગરિકના હૃદયને સુરક્ષિત રાખવા માટે ગુજરાત સરકારની પ્રતિબદ્ધતા ખરેખર પ્રશંસનીય છે.

ગુજરાત સરકારે હૃદયરોગની સારવારને માત્ર મોટા શહેરોના મોંઘા સુપર-સ્પેશિયાલિટી હોસ્પિટલો સુધી સીમિત ન રાખતા, તેને છેવાડાના સામાન્ય અને ગરીબ માનવી સુધી મફત અને સરળતાથી પહોંચાડવાનું ભગીરથ કાર્ય કર્યું છે. અમદાવાદ ખાતે આવેલી 'યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર'ને વિશ્વસ્તરીય સુવિધાઓથી સજ્જ કરીને એશિયાની સૌથી મોટી અને આધુનિક હૃદયરોગની સરકારી હોસ્પિટલ બનાવવામાં આવી છે. આ ઉપરાંત, રાજકોટ, સુરત, વડોદરા અને જામનગર જેવા પ્રાદેશિક સેન્ટરોમાં પણ કાર્ડિયાક સુવિધાઓનો વિસ્તાર કરીને નાગરિકોને પોતાના ઘર આંગણે જ સમયસર સારવાર મળે તેવી સુદ્રઢ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

સરકારની જનકલ્યાણકારી યોજનાઓ હૃદયરોગના દર્દીઓ માટે સંજીવની સમાન સાબિત થઈ છે. 'મુખ્યમંત્રી અમૃતમ કાર્ડ' અને 'આયુષ્યમાન ભારત યોજના' હેઠળ નાનામાં નાના પરિવારોને પણ હાર્ટ એટેક, બાયપાસ સર્જરી, એન્જિયોપ્લાસ્ટી અને સ્ટેન્ટ મૂકવા જેવી ખર્ચાળ સારવાર સંપૂર્ણપણે મફતમાં મળી રહી છે. આ સિવાય, બાળકોમાં જન્મજાત જોવા મળતા હૃદયરોગ (Congenital Heart Defects) માટે 'બાલ સખા યોજના' અને શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ હજારો બાળકોની મફત હાર્ટ સર્જરી કરાવીને સરકારે માસૂમ બાળકોને નવજીવન આપ્યું છે.

હૃદયરોગના ઈમરજન્સી સમયમાં 'ગોલ્ડન અવર'નું અત્યંત મહત્વ હોય છે. ગુજરાત સરકારની ઈમરજન્સી મેડિકલ સર્વિસ '૧૦૮ એમ્બ્યુલન્સ'માં એડવાન્સ લાઈફ સપોર્ટ સિસ્ટમ, ઈસીજી મશીન અને તાલીમબદ્ધ પેરામેડિકલ સ્ટાફની સુવિધા હોવાથી દર્દીને હોસ્પિટલ પહોંચતા પહેલાં જ પ્રાથમિક સારવાર મળી રહે છે, જેનાથી હજારો લોકોના જીવ બચાવી શકાયા છે. આ સાથે જ, રાજ્યભરમાં રમત-ગમત, યોગ, સિનિયર સિટીઝન હેલ્થ કેમ્પ અને હેલ્ધી લાઈફસ્ટાઈલ અંગે જાગૃતિ અભિયાનો ચલાવીને સરકારે 'પ્રિવેન્ટિવ હેલ્થકેર' (રોગ થતાં પહેલાંની કાળજી) પર પણ સમાન ભાર મૂક્યો છે. ૨૯ સપ્ટેમ્બરના આ વિશ્વ હૃદય દિવસે, રાજ્યના દરેક નાગરિકનું હૃદય ધબકતું રહે અને ગુજરાત નિરોગી તથા મજબૂત બને તેવા વિઝન સાથે અવિરત સેવા આપતી ગુજરાત સરકારની આ આરોગ્ય ક્રાંતિ અને સંવેદનશીલ સુશાસન છે.

રાજભાષા તરીકે હિન્દીએ રાષ્ટ્રીય સ્તરે સંવાદ સ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે – પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

ડાક વિભાગ દ્વારા હિન્દી પખવાડિયાનો સમાપન સમારોહ યોજાયો, પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે વિજેતાઓને પુરસ્કૃત કર્યાં

રાજભાષા હિન્દીને પરિવર્તન અને વિકાસની ભાષા તરીકે નવા આયામો મળ્યા – પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

અમદાવાદ, તા.28

હિન્દી એક સમૃદ્ધ, સશક્ત અને અભિવ્યક્તિની દૃષ્ટિએ સક્ષમ ભાષા છે. રાજભાષા તરીકે હિન્દીએ રાષ્ટ્રીય સ્તરે સંવાદ સ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. જરૂરિયાત એ છે કે આપણે હિન્દીને માત્ર હિન્દી દિવસ અથવા પખવાડિયા પૂરતી મર્યાદિત ન રાખીએ, પરંતુ જ્ઞાન, વ્યવહાર, વહીવટ, ટેકનોલોજી અને સર્જનાત્મકતાના વિવિધ ક્ષેત્રોમાં તેના સ્વાભાવિક અને અસરકારક ઉપયોગને સતત પ્રોત્સાહન આપીએ. ઉપરોક્ત ઉદ્ગારો વરિષ્ઠ સાહિત્યકાર તથા ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે 28 સપ્ટેમ્બર, 2026ના રોજ ક્ષેત્રીય કાર્યાલય, અમદાવાદ ખાતે આયોજિત 'હિન્દી પખવાડિયા'ના સમાપન અને પુરસ્કાર વિતરણ સમારોહની

અધ્યક્ષતા કરતાં વ્યક્ત કર્યા હતા. આ પ્રસંગે હિન્દી પખવાડિયા દરમિયાન આયોજિત વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને તેમણે હિન્દી પુસ્તકો અને પ્રશસ્તિપત્ર એનાયત કરીને પુરસ્કૃત કર્યા હતા.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, હિન્દીની મધુરતામાં 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવના સમાયેલી છે અને તેની સરળતામાં ગહન જ્ઞાન સમાયેલું છે. હિન્દીને પરિવર્તન અને વિકાસની ભાષા તરીકે એક નવો આયામ મળ્યો છે. હિન્દીની સૌથી મોટી શક્તિ તેના બોલનારાઓની વિશાળ સંખ્યા છે. આપણને હિન્દી પર ગર્વ છે, કારણ કે તે માત્ર આપણી માતૃભાષા અને રાજભાષા જ નથી, પરંતુ આપણી સંસ્કૃતિ, સભ્યતા અને આત્મસન્માનનું પ્રતીક પણ છે. તેથી હિન્દીને અપનાવવી, તેનો ઉપયોગ કરવો અને તેના વિકાસમાં સહભાગી બનવું દરેક ભારતીયની ફરજ છે.

હિન્દી પખવાડા દરમિયાન આયોજિત વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યા. નિબંધ લેખન સ્પર્ધામાં યોગેશ રામાનુજ, રાજેશ કુમાર અને મૌલિક દેસાઈને , પ્રશ્નોત્તરી સ્પર્ધામાં દર્શન શ્રીમાળી, સિદ્ધિ દરજી અને મનીષા બગાનીને, અનુવાદ સ્પર્ધામાં મૌલિક દેસાઈ, મૌલિક દવે અને કનિકા અગ્રવાલને, હિન્દી કાવ્ય પઠન સ્પર્ધામાં અભિષેક પીઠડિયા, યોગેશ રામાનુજ અને નિશા પટેલને, હિન્દી વ્યાકરણ સ્પર્ધામાં હિમાંશુ પ્રજાપતિ, કૌશલ પટેલ અને દિલીપકુમાર પગીને અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. તાત્કાલિક ભાષણ સ્પર્ધામાં આર. ટી. પટેલ અને અભિષેક પીઠડિયાને પ્રથમ પુરસ્કાર, જ્યારે રામસ્વરૂપ મંગવા અને યોગેશ રામાનુજને અનુક્રમે દ્વિતીય અને તૃતીય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. હિન્દી અંતાક્ષરી સ્પર્ધામાં ભરત રેગર, કલ્પેશ પરમાર, પાયલ ટી. પટેલ, ભાવેશ ભરવાડ અને સુરેખા દેસાઈને પ્રથમ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા.

કાર્યક્રમ દરમિયાન સહાયક નિદેશક (રાજભાષા) અલ્પેશ શાહે સ્વાગત પ્રવચન, સહાયક નિયામક વી. એમ. વહોરાએ આભારવિધિ તથા અભિષેક પીઠડિયાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ પ્રસંગે સહાયક નિદેશક રિતુલ ગાંધી, વરિષ્ઠ લેખાધિકારી પૂજા રાઠોર, સહાયક અધિક્ષક બિરંગ શાહ, જીનેશ પટેલ, રમેશ પટેલ, રોનક શાહ, સહાયક લેખાધિકારી સુભાષ બારુપાલ, રામસ્વરૂપ મંગવા, ડાક નિરીક્ષક પાયલ પટેલ, યોગેશ પંચોલી, રવિ રાવત સહિતના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સુરત ટેક્સટાઇલ માર્કેટમાં ભીષણ આગ: સંગીની હબ-2ના પહેલા માળે 7 દુકાનો બળીને ખાખ

સુરત, તા.28



સુરતમાં ફરી એકવાર કાપડ બજારમાં આગની ગંભીર ઘટના સામે આવી છે. સુરતની સંગીની હબ-2 ટેક્સટાઇલ માર્કેટના પહેલા માળે અચાનક ભીષણ આગ ભભૂકી ઊઠતાં સમગ્ર સંકુલમાં અફરાતફરી મચી ગઈ છે. ચાલુ માર્કેટ દરમિયાન લાગેલી આગને કારણે વેપારીઓ, ખરીદારો અને શ્રમિકોમાં ભારે ગભરાટ ફેલાયો છે. આ ઘટનાની જાણ થતાં જ સુરતના અલગ-અલગ ફાયર સ્ટેશનો પરથી 10થી વધુ ગાડીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને 3-4 કલાકની જેહમત બાદ આગ કાબૂમાં આવી હતી. આ દુર્ઘટનામાં 7 દુકાનો બળીને ખાક થઈ ગઈ હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, સંગીની હબ-2 ટેક્સટાઇલ માર્કેટમાં સામાન્ય દિવસની જેમ ધમધમાટ ચાલી રહ્યો હતો ત્યારે માર્કેટના પહેલા માળે આવેલી દુકાનમાંથી અચાનક ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને ધુમાડાના કાળા ડિબાંગ ગોટેગોટા ચારેતરફ ફેલાઈ ગયા હતા. ધુમાડો સમગ્ર બિલ્ડિંગમાં પ્રસરી જતાં શ્વાસ લેવામાં પણ તકલીફ ઊભી થઈ હતી, જેને પગલે માર્કેટમાં હાજર લોકોમાં નાસભાગ મચી ગઈ હતી અને લોકો જીવ બચાવવા માટે બહાર દોડી આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં જ સુરત ફાયર કંટ્રોલ રૂમ દ્વારા શહેરના જુદા-જુદા વિસ્તારોમાંથી 15થી વધુ ફાયર ટેન્ડરો તાબડતોબ ઘટનાસ્થળે રવાના કરાયા હતા. ફાયર જવાનોએ તાત્કાલિક માર્કેટ ખાલી કરાવીને બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી. કાપડનો મોટો જથ્થો હોવાને કારણે આગ ઝડપથી આગળ વધી રહી છે, જેને રોકવા માટે ફાયર વિભાગ દ્વારા ચારેય તરફથી પાણીનો સતત મારો ચલાવવામાં આવી રહ્યો છે. જોકે, હજુ સુધી આગ સંપૂર્ણપણે નિયંત્રણમાં આવી શકી નથી અને તેને કાબૂમાં લેવાના સઘન પ્રયાસો ચાલુ છે. દિવાળી તહેવાર પહેલા માર્કેટમાં કરોડો રૂપિયાના કાપડનો સ્ટોક હોવાથી આગ અન્ય દુકાનોમાં ફેલાય નહીં તે માટે વેપારીઓમાં ભારે ચિંતા અને ભયનો માહોલ સર્જાયો છે. આગ લાગવાનું પ્રાથમિક કારણ શોર્ટ સર્કિટ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઘટનાસ્થળે ફાયરના ઉચ્ચ અધિકારીઓ અને સ્થાનિક પોલીસનો કાફલો પણ પહોંચી ગયો છે અને પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. આગ સંપૂર્ણ કાબૂમાં આવ્યા બાદ જ નુકસાનીનો સાચો આંકડો જાણી શકાશે.

ડિવિઝનલ ફાયર ઓફિસર ક્રિષ્ણા મોડે જણાવ્યા મુજબ, પાંચ-સાત દુકાનો ભેગી કરીને બનાવેલી એક દુકાનના માળિયામાં (મેઝેનાઈન ફ્લોર) આ આગ ભભૂકી ઊઠી હતી, જે જોતજોતામાં આખી દુકાનમાં ચારેય તરફ ફેલાઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ સુરત ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને પરિસ્થિતિને કાબૂમાં લેવાના પ્રયાસો શરૂ કર્યા હતા. દુકાનમાં સિન્થેટિક કાપડ, સાડીઓ અને રો-મટિરિયલનો જથ્થો હોવાને કારણે ભારે ધુમાડો, હીટ અને રેડિયેશન સર્જાયા હતા, જેનાથી કામગીરી ખૂબ પડકારજનક બની હતી. ફાયર ટીમે એક તરફથી સ્પ્રે અને અન્ય લાઇનથી વોટર અટેક કરીને તેમજ બહારથી બ્રોન્ટો અને ટીએલટી (સ્કાઈલિફ્ટ) જેવા સાધનોનો ઉપયોગ કરીને આગ પર નિયંત્રણ મેળવ્યું હતું. આ ફાયર ફાઈટિંગ દરમિયાન ફાયર વિભાગના એક કર્મચારી રાજેશ ડાભી ફસાઈ જતાં તેમને રેસ્ક્યુ કરી તાત્કાલિક સ્મિમેર હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં તેમની હાલત સામાન્ય અને સ્થિર છે.

બિલ્ડિંગની ફાયર સેફ્ટી સિસ્ટમ કાર્યરત હોવાથી ફાયર ફાઈટરોને પાણી ભરવામાં અને કામગીરી કરવામાં ઘણી મદદ મળી હતી. બપોરે આશરે 3 વાગ્યે લાગેલી આ આગ પર કાબૂ મેળવતાં ફાયર વિભાગને આશરે 3થી 4 કલાક જેટલો સમય લાગ્યો હતો અને સાંજ સુધીમાં સમગ્ર પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં લઈ લેવામાં આવી હતી. વિમલ સિંગ (વેપારી) એ જણાવ્યું હતું કે, આ આગ શોર્ટ સર્કિટના કારણે લાગી છે કે અન્ય કોઈ કારણસર, તે હજુ ચોક્કસ જાણી શકાયું નથી અને તપાસ બાદ જ સાચી હકીકત સામે આવશે. તેમણે જણાવ્યું કે આ આગની દુર્ઘટનામાં અંદાજે કરોડો રૂપિયાનું મોટું આર્થિક નુકસાન થયું છે.

તેઓ જણાવે છે કે, દિવાળીના તહેવારની સીઝન હોવાના કારણે વેપારીઓ મોટા પ્રમાણમાં માલ મંગાવી રહ્યા છે. ગોડાઉનની અંદર, માળિયાં બનાવીને તેમજ બહાર ખુલ્લા પેસેજમાં પણ નિયમો વિરુદ્ધ મર્યાદા બહાર માલ ઠાંસી-ઠાંસીને ભરી દેવામાં આવે છે. આવા ભરાવાના કારણે જ્યારે આગ લાગે છે ત્યારે ફાયર બ્રિગેડના જવાનોને અંદર પાણીનો છંટકાવ કરવામાં ભારે મુશ્કેલી પડે છે.

અમદાવાદ ખાતે "આંગણ મિલન સેવા" અંતર્ગત વિશેષ સન્માન સમારોહ યોજાયો

બાળ પોષણ, આરોગ્ય અને સર્વાંગી વિકાસ માટે સંકલિત પ્રયાસોનો સંદેશ અપાયો

અમદાવાદ, તા.28

મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર તથા અમદાવાદ મહાનગરપાલિકા સંચાલિત ICDSના સંયુક્ત ઉપક્રમે વિરાટનગર, અમદાવાદ ખાતે "આંગણ મિલન સેવા" અંતર્ગત વિશેષ સન્માન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં નિકોલના ધારાસભ્ય જગદીશ વિશ્વકર્મા, અમદાવાદના મેયર હિતેશ બારોટ કાર્યક્રમનો હેતુ બાળકોના પોષણ, આરોગ્ય અને સર્વાંગી વિકાસ અંગે જાગૃતિ કેળવવા તેમજ આંગણવાડી કાર્યકરોની સેવાઓને બિરદાવવાનો હતો.

કાર્યક્રમ દરમિયાન MAM (Moderate Acute Malnutrition) કેટેગરીમાંથી નોર્મલ કેટેગરીમાં આવેલા બાળકોને વિશેષ પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે બાળકોને કીટનું વિતરણ કરી તેમના પોષણમાં થયેલા સુધારાને બિરદાવવામાં આવ્યો હતો. આંગણવાડી કેન્દ્રો દ્વારા બાળકોના વજન, ઊંચાઈ, વૃદ્ધિ અને પોષણની સ્થિતિનું નિયમિત મોનિટરિંગ કરવામાં આવે છે. MAM કેટેગરીના બાળકોના વાલીઓને સંતુલિત આહાર, THR તથા ઉપલબ્ધ પોષણલક્ષી સેવાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવે છે.

બાળકોના પોષણ, આરોગ્ય, સંભાળ અને સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતી આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોનું પ્રશસ્તિપત્ર/સન્માનપત્ર એનાયત કરી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યકરો અને વાલીઓ સાથે સંવાદ

કાર્યક્રમ દરમિયાન આંગણવાડી કાર્યકરો તથા વાલીઓ સાથે સીધો સંવાદ કરવામાં આવ્યો હતો.

બાળકોને મળતા પોષણ, નાસ્તો, વિવિધ પ્રવૃત્તિઓ, આરોગ્ય અને વૃદ્ધિની દેખરેખ તેમજ આંગણવાડી સેવાઓના લાભ અંગે માહિતી મેળવવામાં આવી હતી.

વાલીઓને બાળકોને પૌષ્ટિક આહાર આપવા, આંગણવાડીની સેવાઓનો નિયમિત લાભ લેવા તથા બાળકના આરોગ્ય અને વિકાસ અંગે સતત જાગૃત રહેવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમના અંતિમ તબક્કામાં માનનીય મુખ્યમંત્રીના સંદેશનું કિશોરી દ્વારા વાંચન કરવામાં આવ્યું હતું. સંદેશમાં બાળ પોષણ, આરોગ્ય અને સર્વાંગી વિકાસના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ પ્રસંગે રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષ ધર્મિષ્ઠાબેન ગજ્જર, ડેપ્યુટી મેયર અંજુબેન ચિત્તરંજન શાહ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ મહેશચંદ્ર પટેલ, સહિતના પદાધિકારીઓ, અધિકારીઓ, કાઉન્સિલરઓ, ICDSના અધિકારીઓ-કર્મચારીઓ, આંગણવાડી કાર્યકર-તેડાગર બહેનો, બાળકો તથા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

હિટમેન રોહિત શર્મા બસમાંથી ઊતરતી વખતે લપસી પડ્યા, વિરાટ કોહલીનું રિએક્શન વાઈરલ

નવી દિલ્હી, તા.28

ટીમ ઈન્ડિયાના સ્ટાર બેટ્સમેન રોહિત શર્મા સાથે મોટી દુર્ઘટના થતાં થતાં ટળી. વેસ્ટઈન્ડિઝ સામે પ્રથમ વનડે જીત્યા બાદ જ્યારે હિટમેન ટીમ સાથે બસ દ્વારા હોટેલ પરત ફરી રહ્યા હતા, ત્યારે તેઓ બસમાંથી ઉતરતી વખતે પડી ગયા. સારી વાત એ રહી કે તેમને કોઈપણ પ્રકારની ઈજા થઈ નથી. બસમાંથી પહેલા જ ઉતરી ચૂકેલા વિરાટ કોહલીની પ્રતિક્રિયા વાઈરલ થઈ રહી છે. જણાવી દઈએ કે, શુભમન ગિલના નેતૃત્વ હેઠળની ટીમ ઈન્ડિયાએ પ્રથમ વનડેમાં વેસ્ટઈન્ડિઝને 8 વિકેટે હરાવીને 3 મેચની શ્રેણીમાં 1-0થી લીડ મેળવી લીધી છે. આ દરમિયાન કોહલી અને શુભમન ગિલે સદી ફટકારી હતી, જ્યારે કુલદીપ યાદવ 4 વિકેટ લઈને પ્લેયર ઓફ ધ મેચ બન્યા હતા.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર રોહિત શર્માનો બસમાંથી પડવાનો વીડિયો ઝડપથી વાઈરલ થઈ રહ્યો છે. જેમાં જોવા મળી રહ્યું છે કે જ્યારે હિટમેન બસમાંથી ઉતરી રહ્યા હતા ત્યારે સીડી પર તેમનો પગ લપસી જાય છે અને તેઓ નીચે પડી જાય છે. ત્યાં હાજર કેટલાક સ્ટાફ સાથે એક પોલીસકર્મી તરત જ હરકતમાં આવ્યા અને રોહિત શર્માને ઊભા કર્યા. સારી વાત એ રહી કે રોહિતને કોઈ પણ પ્રકારની ઈજા થઈ નથી.

કેટલાક ખેલાડીઓ પહેલાથી જ બસમાંથી ઉતરી ચૂક્યા હતા અને હોટેલનો સ્ટાફ ભારતીય ટીમની જીતના સેલિબ્રેશન માટે બહાર ઊભો હતો. બધા લોકો તાલીઓ પાડી રહ્યા હતા, પરંતુ વિરાટ કોહલીનું ધ્યાન રોહિત શર્મા પર ગયું. તેઓ પાછળ ફરીને રોહિત તરફ જોતા નજરે પડ્યા.

વેસ્ટઈન્ડિઝે પહેલા બેટિંગ કરતા ભારત સામે 296 રનનો ટાર્ગેટ મૂક્યો હતો. આ સ્કોરનો પીછો કરવા ઉતરેલી ટીમ ઈન્ડિયાને રોહિત શર્મા અને શુભમન ગિલની ઓપનિંગ જોડીએ સારી શરૂઆત અપાવી હતી. બંનેએ પ્રથમ વિકેટ માટે 12 ઓવરમાં 74 રન જોડ્યા હતા. હિટમેનને આ મેચમાં સારી શરૂઆત મળી, તેમણે 2 ચોગ્ગા અને 3 ગગનચુંબી છગ્ગાની મદદથી 32 રન બનાવ્યા, પરંતુ તેઓ પોતાની આ શરૂઆતને મોટી ઈનિંગમાં બદલી શક્યા નહીં. તેમને અલઝારી જોસેફે આઉટ કરીને પેવેલિયનનો રસ્તો બતાવ્યો. ત્યારબાદ બેટિંગ કરવા આવેલા વિરાટ કોહલીએ કેપ્ટન શુભમન ગિલ સાથે 151 રનની ભાગીદારી કરીને ટીમને જીતના માર્ગે પહોંચાડી. આ દરમિયાન બંને બેટ્સમેનોએ સદી ફટકારી. ગિલ 110 રન બનાવીને આઉટ થઈ ગયા, જ્યારે કોહલીએ 139 રનની અણનમ ઈનિંગ રમી. ભારત અને વેસ્ટઈન્ડિઝ વચ્ચે બીજી વનડે બુધવાર, 30 સપ્ટેમ્બરે ગુવાહાટીમાં રમાવાની છે.

1159 દિવસ પછી પ્લેયર ઑફ ધ મેચ બન્યો છતાં કેમ ખુશ નહોતો કુલદીપ? વિરાટ-ગિલ માટે કહી દીધી આ વાત!

નવી દિલ્હી, તા.28

વિરાટ કોહલી અને શુભમન ગિલની ધમાકેદાર સદીની મદદથી ભારતે પ્રથમ વન-ડેમાં વેસ્ટઈન્ડિઝને 8 વિકેટે હરાવ્યું છે. ત્રણ મેચની સીરિઝનો આ પ્રથમ મુકાબલો તિરુવનંતપુરમમાં રમાયો હતો. મેચમાં વેસ્ટઈન્ડિઝે ટોસ હારીને પ્રથમ બેટિંગ કરતાં 295 રન બનાવ્યા હતા. આ દરમિયાન ટીમ ઈન્ડિયા તરફથી બોલિંગમાં કુલદીપ યાદવે સૌથી વધુ 4 વિકેટ ઝડપી હતી. કુલદીપની શાનદાર બોલિંગના કારણે જ વેસ્ટઈન્ડિઝ 300 રનનો આંકડો પાર નહોતું કરી શક્યું. આ જ કારણે મેચ પૂર્ણ થયા બાદ કુલદીપને પ્લેયર ઑફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો, પરંતુ ટીમ ઈન્ડિયાનો આ ખેલાડી આ ઍવૉર્ડ લેવામાં થોડો ખચકાટ અનુભવી રહ્યો હતો. કુલદીપે ઍવૉર્ડ લેતી વખતે સ્વીકાર્યું કે, મને પ્લેયર ઑફ ધ મેચનો ઍવૉર્ડ કેમ મળ્યો છે તે અંગે થોડો સંકોચ અનુભવાઈ રહ્યો છે. વેસ્ટઈન્ડિઝ સામેના મુકાબલામાં વિરાટ અને ગિલની સદી છતાં જ્યારે કુલદીપને પ્લેયર ઑફ ધ મેચ પસંદ કરવામાં આવ્યો, ત્યારે તે પોતે પણ હેરાન હતો. તેણે કહ્યું, 'સાચું કહું તો મને મેન ઑફ ધ મેચનો ઍવૉર્ડ લેતી વખતે થોડો સંકોચ અનુભવાઈ રહ્યો છે, કારણ કે જે રીતે વિરાટ ભાઈ અને ગિલે બેટિંગ કરી, તે ખરેખર શાનદાર હતી. મારા મતે આ નિર્ણય કંઈક અલગ પણ હોઈ શકતો હતો.'

તમને જણાવી દઈએ કે, કુલદીપ યાદવ શાનદાર ફોર્મમાં હોવા છતાં તેને સતત પ્લેઈંગ ઈલેવનમાં તક નહોતી મળી રહી, પરંતુ જેવો તેને મેદાનમાં ઉતારવામાં આવ્યો, તેણે મેચ વિનિંગ પર્ફોર્મન્સ આપ્યું. આ જ કારણ છે કે કુલદીપ વન-ડેમાં 1159 દિવસ પછી પ્લેયર ઑફ ધ મેચ બન્યો છે. આ પહેલા કુલદીપ 27 જુલાઈ 2023ના રોજ વેસ્ટઈન્ડિઝ સામે જ બાર્બાડોસમાં 4 વિકેટ ઝડપીને પ્લેયર ઑફ ધ મેચ બન્યો હતો. વેસ્ટઈન્ડિઝ સામેના મુકાબલામાં ટીમ ઈન્ડિયા માટે વિરાટ કોહલી અને શુભમન ગિલે શાનદાર સદીની ઈનિંગ્સ રમી હતી. વિરાટે 88 બોલમાં 10 ચોગ્ગા અને 9 છગ્ગાની મદદથી અણનમ 139 રન બનાવ્યા હતા. તો બીજી તરફ, કપ્તાન શુભમન ગિલ 108 બોલમાં 110 રન બનાવીને આઉટ થયો હતો.

બાંગ્લાદેશે દુનિયાની સૌથી અનોખી ક્રિકેટ ટુર્નામેન્ટ 'D3' લોન્ચ કરી.....

નવી દિલ્હી, તા.28

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ એટલે કે BCB એ દુનિયાની એક અનોખી ક્રિકેટ ટુર્નામેન્ટ લોન્ચ કરી દીધી છે. BCBએ ફ્રેન્ચાઈઝી બેઝ્ડ એક ટૂર્નામેન્ટ લોન્ચ કરી છે, જેમાં કોઈ એક ફોર્મેટના મેચ આયોજિત નહીં થાય, પરંતુ ત્રણેય ફોર્મેટની મેચ રમાશે. આ ટૂર્નામેન્ટને બાંગ્લાદેશે ડોમેસ્ટિક 3 એટલે કે 'D3' ટ્રોફી નામ આપ્યું છે, જેની શરૂઆત 2026-27ના ડોમેસ્ટિક સીઝનથી થવાની છે. રવિવાર 27 સપ્ટેમ્બરે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે આ નવી ટૂર્નામેન્ટની જાહેરાત કરી છે.

6 કંપનીઓએ ફ્રેન્ચાઈઝી ખરીદી છે, જે D3 ટ્રોફીમાં હિસ્સો લેશે. ટીમો દરેક સીઝનમાં ત્રણ ટૂર્નામેન્ટ રમશે, જેમાં ફર્સ્ટ-ક્લાસ, લિસ્ટ A અને T20 ફોર્મેટ સામેલ છે. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ દરેક ફ્રેન્ચાઈઝી સાથે ત્રણ વર્ષની ડીલ સાઈન કરશે. D3 ટ્રોફીની શરૂઆત T20 કોમ્પિટિશનથી થશે, જેને લઈને સંભાવના છે કે તેની શરૂઆત આ જ વર્ષે 15 ડિસેમ્બરથી થઈ શકે છે. ત્યારબાદ ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટ અને પછી વન-ડે ટૂર્નામેન્ટ આ D3 ટ્રોફીમાં આયોજિત થશે. ડિસેમ્બરથી મે સુધી આ ટૂર્નામેન્ટ આયોજિત થવાની સંભાવના છે. જાન્યુઆરીમાં ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ અને મે માં વન-ડે ક્રિકેટ શરૂ થશે.

BCB પ્રેસિડન્ટ તમીમ ઈકબાલે કહ્યું કે, આ ટૂર્નામેન્ટ 'દેશના ઘરેલુ ક્રિકેટમાં રંગ પાછો લાવવા' માટે શરૂ કરવામાં આવી છે. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના જૂના સ્પોન્સર વોલ્ટોને એક ફ્રેન્ચાઈઝી ખરીદી છે, જ્યારે એક્મે લેબોરેટરીઝ, ACE બ્લૂ સ્ટાર, સિટીઝન્સ બેંક, સેવન રિંગ્સ સિમેન્ટ અને ફોર્ચ્યુન ગ્રુપ અન્ય ફ્રેન્ચાઈઝીઓના માલિક છે. સમાચાર છે કે માલિક દરેક સીઝન માટે BCBને 2.5 કરોડ બાંગ્લાદેશી ટકા એટલે કે લગભગ 203,283 યુએસ ડોલર આપશે, જેમાં મેચ ફી પણ સામેલ હશે. આ સિવાય પણ બોર્ડે આ ટૂર્નામેન્ટ સાથે જોડાયેલી ઘણી જાહેરાતો કરી છે. BCB આ અઠવાડિયાના અંતમાં ટીમ મેનેજમેન્ટ પસંદ કરવા માટે એક ડ્રાફ્ટ રાખશે, જ્યાં ફ્રેન્ચાઈઝી કોમ્પિટિશન માટે પોતાની પસંદના કોચ માટે બોલી લગાવી શકે છે.

કોહલીની 55મી તો ગિલની 10મી વન-ડે સદી: મેચ જીત્યા પછી કેપ્ટને કિંગ કોહલી માટે કહી દિલની વાત!

નવી દિલ્હી, તા.28

તિરુવનંતપુરમમાં રમાયેલી પ્રથમ વન-ડે મેચમાં ભારતે વેસ્ટઈન્ડિઝને 8-વિકેટે કારમી હાર આપી. કેપ્ટન શુભમન ગિલ અને રન મશીન વિરાટ કોહલીની શાનદાર સદીઓની મદદથી ટીમ ઈન્ડિયાએ આ મેચ ખૂબ જ સરળતાથી પોતાના નામે કરી લીધી.

મેચ બાદ કેપ્ટન ગિલની સોશિયલ મીડિયા પર કરવામાં આવેલી એક પોસ્ટ ઈન્ટરનેટ પર વાયુ વેગે વાઈરલ થઈ રહી છે. મેચમાં શાનદાર સદી ફટકાર્યા બાદ કેપ્ટન શુભમન ગિલે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ X પર વિરાટ કોહલી સાથે એક ફોટો શેર કરતા ગિલે માત્ર 4 શબ્દોમાં ખૂબ જ રમૂજ અંદાજમાં લખ્યું કે, 'બહુ જ સારી ઈનિંગ્સ રમી'.

ગિલનો આ અંદાજ ચાહકોને ખૂબ પસંદ આવી રહ્યો છે અને તેનું આ ટ્વીટ સોશિયલ મીડિયા પર ઝડપથી વાઈરલ થઈ રહ્યું છે. વેસ્ટઈન્ડિઝ સામે શુભમન ગિલ અને વિરાટ કોહલી બંને જ બેટ્સમેનોએ કમાલની ઈનિંગ્સ રમીને ટીમની જીતમાં મહત્વપૂર્ણ યોગદાન આપવાનું કામ કર્યું.

મેચ દરમિયાન શુભમન ગિલને 11 રનના વ્યક્તિગત સ્કોર પર જીવનદાન મળ્યું, જેનો તેણે પૂરો ફાયદો ઉઠાવ્યો. તેણે પોતાની શાનદાર ઈનિંગ્સ દરમિયાન 49 બોલમાં પોતાની ફિફ્ટી પૂરી કરી અને બાદમાં પોતાની 10મી વન-ડે સદી ફટકારી દીધી. ગિલે 108 બોલમાં 13 ચોગ્ગા અને 1 છગ્ગાની મદદથી કુલ 110 રનની ધમાકેદાર ઈનિંગ્સ રમી. જોકે, સદી પૂરી કર્યા બાદ તે રોસ્ટન ચેઝના બોલ પર આઉટ થઈ ગયો.

મેચ બાદ વાતચીત કરતી વખતે ગિલે ખુલ્લીને પોતાની લાગણીઓ વ્યક્ત કરી. તેણે કહ્યું કે, ઈમાનદારીથી કહું તો જ્યારે હું આઉટ થયો ત્યારે મને લાગ્યું કે મારે મેચ ફિનિશ કરીને આવવું જોઈતું હતું. અંત સુધી ક્રીઝ પર ટકી રહેવું શાનદાર હોત, જોકે આ ઈનિંગ્સ મારા માટે ખૂબ સંતોષકારક રહી.

વિરાટ કોહલીના વખાણ કરતા ગિલે કહ્યું કે, 'કોહલી પોતાની કરિયરના આ તબક્કે રમતનો ભરપૂર આનંદ માણી રહ્યો છે અને ખુલ્લીને બેટિંગ કરી રહ્યો છે. જે ખેલાડી દેશ માટે આટલી મેચો જીતાડી ચૂક્યો હોય, તેને બસ પોતાના હિસાબે રમવાની છૂટ આપવી જોઈએ. જ્યારે તે પોતાની લયમાં હોય છે ત્યારે એકલા હાથે મેચ જીતાડી શકે છે.'

આ મેચમાં કોહલીએ પોતાની વન-ડે કરિયરની 55મી સદી ફટકારવાની સાથે-સાથે વનડેમાં પોતાના 15,000 રન પણ પૂરા કરી લીધા. ગિલ અને કોહલીની આ શાનદાર પાર્ટનરશિપ ભારતીય ક્રિકેટ ફેન્સ લાંબા સમય સુધી યાદ રાખશે.

ગુજરાતમાં મમૂટીના માથે તિલક જોઈ કટ્ટરપંથીઓ ભડક્યા! અભિનેતા હરીશ્રી યુસુફે ટ્રોલર્સને બરાબરના ખખડાવ્યા

મુંબઈ, તા.28

મલયાલમ સિનેમાના મેગાસ્ટાર મમૂટી હાલ પોતાની કોઈ ફિલ્મને લઈને નહીં, પરંતુ કપાળ પર લગાવેલા તિલકના કારણે ચર્ચા અને વિવાદમાં આવ્યા છે. 72મા નેશનલ ફિલ્મ એવોર્ડ્સના કાર્યક્રમ સંદર્ભે ગુજરાત પહોંચેલા મમૂટીનું અહીંની સંસ્કૃતિ મુજબ પરંપરાગત રીતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સ્વાગત દરમિયાન તેમના કપાળ પર કુમકુમ તિલક લગાવવામાં આવ્યું હતું. આ તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ કેટલાક કટ્ટરપંથી યુઝર્સે તેના પર વાંધો ઉઠાવવાનું શરૂ કર્યું હતું. અબ્બાસ નામના એક યુઝરે તો તેને 'ધાર્મિક અપરાધ' ગણાવી દીધો હતો અને કહ્યું કે એક મુસ્લિમ હોવાના નાતે મમૂટીએ તિલક ન લગાવવું જોઈતું હતું.

આ વિવાદ વકરતાં મલયાલમ અભિનેતા અને જાણીતા સ્ટેન્ડ-અપ કોમેડિયન હરિશ્રી યુસુફે સોશિયલ મીડિયા પર વીડિયો પોસ્ટ કરીને ટ્રોલર્સ અને કટ્ટરવાદી વિચારસરણી ધરાવતા લોકોની આકરી ઝાટકણી કાઢી છે. તેમણે જણાવ્યું કે કલાકારોની વિચારસરણી ક્યારેય સંકુચિત ન હોવી જોઈએ અને કોઈપણ ભારતીય સાંસ્કૃતિક પરંપરા કે આતિથ્ય સત્કારને ધર્મના ચશ્માથી જોવું તદ્દન ખોટું છે.

મોટા સત્તાવાર કાર્યક્રમો અને પ્રતિષ્ઠિત હોટલોમાં અતિથિ દેવો ભવ:ની ભાવના સાથે મહેમાનોનું તિલક લગાવીને સ્વાગત કરવું એ ભારતની સામાન્ય સામાજિક પરંપરા છે. આ પરંપરાગત સ્વાગતને કોઈ ધાર્મિક ગુનો ગણાવવો એ અત્યંત સંકુચિત માનસિકતા દર્શાવે છે. યુસુફે આવા ટીકાકારોને 'કૂવાના દેડકા' ગણાવીને ખરી-ખોટી સંભળાવી હતી.

યુસુફે તિલક, ક્રોસનું ચિહ્ન અને નમાઝ/પ્રાર્થના જેવા વિવિધ ધાર્મિક પ્રતીકોનો ઉલ્લેખ કરતાં કહ્યું કે આસ્થાનો સાચો અર્થ માણસોને એકબીજા સાથે લડાવવાનો નથી, પરંતુ માનવીને અંદરથી સારો અને સજ્જન બનાવવાનો છે. તેમણે લોકોને અપીલ કરી કે સોશિયલ મીડિયા પર સાંપ્રદાયિક તણાવ ફેલાવતી વાતોથી દૂર રહેવું જોઈએ. મમૂટી માત્ર એક મહાન કલાકાર જ નથી, પરંતુ સમાજસેવામાં પણ મોટો ફાળો આપે છે; તેથી ધર્મના નામે નિશાન બનાવવાને બદલે તેમના કામ અને કલાનું સન્માન થવું જોઈએ.

ઉલ્લેખનીય છે કે 72મા નેશનલ ફિલ્મ એવોર્ડ્સમાં મમૂટીને તેમની સુપરહિટ મલયાલમ ફિલ્મ 'ભ્રમયુગમ' માટે બેસ્ટ એક્ટરનો પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત થયો છે. તેમણે આ એવોર્ડ અભિનેતા કાર્તિક આર્યન (ફિલ્મ 'ચંદુ ચેમ્પિયન') સાથે સંયુક્ત રીતે શેર કર્યો છે. બેસ્ટ એક્ટર કેટેગરીમાં મમૂટીનો આ કારકિર્દીનો ચોથો નેશનલ ફિલ્મ એવોર્ડ છે.

લોકો જે ગીત પર દુલ્હનની એન્ટ્રી પર વગાડે છે તે દુનિયા છોડવા માટે લખાયું હતું! કૈલાશ ખેરની વાત સાંભળી રડી પડશો

મુંબઈ, તા.28

લગ્નોમાં દુલ્હનની એન્ટ્રી અને વરમાળા વખતે વાગતા કૈલાશ ખેરના આ પ્રખ્યાત ગીતને સાંભળીને ભાગ્યે જ કોઈના મનમાં તેની કહાનીનો ખ્યાલ આવતો હશે. આ ગીતના બોલ ભલે દુલ્હા-દુલ્હનના મિલનનો અહેસાસ કરાવતા હોય, પરંતુ આની પાછળની કહાની અત્યંત ભાવુક અને જીવન-મૃત્યુ સાથે જોડાયેલી છે. કૈલાશ ખેરે જણાવ્યું કે, મેં આ ગીત કોઈ લગ્ન કે પ્રેમ કહાની માટે નહીં, પરંતુ પોતાના પિતાના દેવગમન પર લખ્યું હતું.

કૈલાશ ખેરે રણવીર અલ્લાહબાદિયાના પોડકાસ્ટમાં કહ્યું કે, ''પિયા ઘર આવાંગે'આ ગીત પર લોકો રીલ બનાવે છે અને બોલે છે, આ ગીત કૈલાશ ખેરનું છે. આ લગ્નોમાં ગાવા માટે નથી, પરંતુ દુનિયા છોડવા માટે લખાયું છે. ક્યારેક-ક્યારેક અમારી ટીમ બતાવે છે તે રીલ. તેઓ કહે છે, તેમની માતા જ્યારે જતી રહી હતી ત્યારે કૈલાશ ખેરે પોતાની માતા તરફથી પોતાના પિતા માટે આ ગીત બનાવ્યું હતું. જોકે, ત્યારે મારી માતા નહોતી ગુજરી, મારા પિતાનું નિધન થઈ ગયુ હતું.'

કૈલાશ ખેરે આગળ કહ્યું કે, 'હું પિતાજીની અવસ્થા જોઈ રહ્યો હતો. મારા પિતાજી મેડિટેશન કરતા હતા. તેમનું મેડિટેશન કરતાં-કરતાં નિધન થઈ ગયુ હતું. તો તેઓ હરિ ઓમ, હરિ ઓમ, હરિ ઓમ પહેલા ધીમે-ધીમે બોલી રહ્યા હતા. પછીથી ખૂબ જોરથી બોલવા લાગ્યા. જેમ કોઈ આનંદમાં ખૂબ જોર-જોરથી ગીત ગાઈ રહ્યું હોય. હરિ ઓમ, હરિ ઓમ, હરિ ઓમ. અને હું પિતાજીની તે અવસ્થા જોઈ રહ્યો હતો અને આમ કરતાં-કરતાં તેઓ હસતાં-હસતાં ચાલ્યા ગયા. તો તે જે આનંદ મેં જોયો, મેં તે આનંદને, તે મિલનને આ ગીતમાં બતાવ્યો છે. 'ચોક પુરાઓ, માટી રંગાઓ, આજ મેરે પિયા ઘર આવાંગે. ખબર સુનાઉ જો, ખુશી રે બતાઉ જો, આજ મેરે પિયા ઘર આવાંગે. એરી સખી મંગલ ગાઓ રી, ધરતી અંબર સજાઓ રી, ઉતરેગી આજ મેરે પી કી સવારી, અરી કોઈ કાજલ લાઓ રી, મોહે કાલા ટીકા લગાઓ રી, ઉનકી છબ સે દિખૂ મેં તો પ્યારી, લક્ષ્મી જી વારો નજર ઉતારો.' આ મેં પિતાજીના દેવલોક ગમન પર લખ્યું છે.'

કૈલાશ ખેરના ખોળામાં તેમના પિતાજીએ છેલ્લા શ્વાસ લીધા હતા. કૈલાશ ખેરે જણાવ્યું કે, 'દેવલોક ગમન વખતે મારા પિતાજી મારા ખોળામાં હતા અને તે દિવસે મારો શો હતો. તો બ્રહ્મ મુહૂર્તમાં આ થયું અને પછી અમે અમારા પિતાજીના અંતિમ સંસ્કાર કર્યા પછી સાંજે શો કર્યો. તો શોમાં તો બધાને ખુશ રાખવાના હોય છે, તો વિચારો તે સમયે અમારી સ્થિતિ કેવી હશે. તો દેવ ગમનથી આ ગીત નીકળ્યું, આજ મેરે પિયા ઘર આવાંગે. આજે તમે હેરાન થઈ જશો વિવાહમાં વાગે છે અને વરમાળા વખતે આ ગીત વાગે છે.'

WWE અને AEWના સ્ટાર રેસલર PACનું 40 વર્ષની વયે અચાનક નિધન, એક દિવસ પહેલાં જ લડ્યો હતો મેચ!

મુંબઈ, તા.28

WWEની દુનિયામાંથી એક દુ:ખદ સમાચાર સામે આવ્યા છે, જેમાં 40 વર્ષીય જાણીતા રેસલર પૅક (PAC)નું અચાનક નિધન થયું છે. મૃત્યુના એક દિવસ પહેલા જ તે રેસલિંગ રિંગમાં ઉતાર્યો હતો. જોકે, તેના મૃત્યુનું ચોક્કસ કારણ હજુ સુધી સત્તાવાર રીતે બહાર આવ્યું નથી, પરંતુ પ્રાથમિક અટકળો મુજબ હાર્ટ અટેકને કારણે તેનું અવસાન થયું હોવાનું માનવામાં આવે છે. પૅક હાલમાં 'ઓલ એલીટ રેસલિંગ' (AEW) કંપની સાથે જોડાયેલો હતો.

ઓલ એલીટ રેસલિંગ (AEW) એ પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર પૅકના નિધનની પુષ્ટિ કરતા શોક વ્યક્ત કર્યો છે. AEWમાં તેનું રિંગ નેમ 'પૅક' હતું, જ્યારે તેનું મૂળ નામ બેન્જામિન સેટરલી (Benjamin Saterley) હતું અને તે ઈંગ્લેન્ડના ન્યૂકેસલનો રહેવાસી હતો. AEWમાં જોડાતા પહેલા તે WWEમાં 'નેવિલ' (Neville)ના નામે રિંગમાં શાનદાર પ્રદર્શન કરતો હતો. ક્રૂઝરવેટ કેટેગરીમાં તેને અત્યંત કુશળ અને હાઈ-ફ્લાઈંગ રેસલર તરીકે ઓળખવામાં આવતો હતો.

કંપનીના જણાવ્યા અનુસાર, પૅક પોતાના નિધનના માત્ર એક દિવસ પહેલા એટલે કે 26 સપ્ટેમ્બરના રોજ 'પે પર વ્યુ' (Pay-Per-View) મેચ માટે રિંગમાં ઉતર્યો હતો. તેના અચાનક નિધનના કારણે AEW અને WWE સહિત વિશ્વભરના રેસલિંગ પ્રશંસકોમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. પૅક 2019માં AEW સાથે જોડાયો હતો અને પોતાના શાનદાર 'હાઈ-ફ્લાઈંગ' મૂવ્સ તેજ કૌશલ્યથી લાખો ફેન્સનું દિલ જીતી લીધું હતું. કંપનીએ તેમના પરિવાર, મિત્રો અને પ્રશંસકો પ્રત્યે પોતાની સંવેદનાઓ વ્યક્ત કરી છે.

એક શરત પર અનિલ કપૂર સાથે લગ્ન કર્યા હતા પત્ની સુનીતાએ, 42 વર્ષ પછી ફોડ પાડ્યો

મુંબઈ, તા.28

બોલિવૂડના 'ઝકાસ કિંગ' અનિલ કપૂર રીયલ લાઈફમાં એક આદર્શ ફેમિલી મેન તરીકે જાણીતા છે. તેઓ પોતાની પત્ની સુનીતા અને બાળકોની અત્યંત નજીક છે. તાજેતરમાં ટેલિવિઝન રિયાલિટી શો 'ઈન્ડિયા કે ટોપ 1 પર્સેન્ટ'ના એક એપિસોડ દરમિયાન સ્પર્ધક સાથે વાતચીત કરતી વખતે અનિલ કપૂરે પોતાના લગ્નજીવન સાથે જોડાયેલો એક રસપ્રદ અને પ્રેરણાદાયી કિસ્સો શેર કર્યો હતો.

અનિલ કપૂરે જણાવ્યું કે સુનીતાએ લગ્ન કરતાં પહેલાં તેમની સામે એક સ્પષ્ટ અને ખાસ શરત મૂકી હતી. સુનીતાએ સાફ કહી દીધું હતું કે તેઓ લગ્ન પછી ક્યારેય રસોડામાં પગ નહીં મૂકે. અનિલ કપૂરે આ અંગે વિગતવાર વાત કરતાં કહ્યું: 'મારી પત્ની સુનીતાએ શરત રાખી હતી કે તે મારી સાથે ત્યારે જ લગ્ન કરશે જ્યારે તેને કિચનમાં જવું ન પડે. તેની આ શરત સાંભળ્યા પછી મેં વિચાર્યું કે મારે જીવનમાં સખત મહેનત કરવી પડશે અને એટલા સફળ બનવું પડશે કે જેથી તેને ક્યારેય રસોડામાં જવું ન પડે. મેં તે જવાબદારી સંપૂર્ણપણે નિભાવી અને આજે પણ સુનીતા ક્યારેય રસોડામાં ગઈ નથી.'

પત્નીની આ એક શરતે જ તેમને જીવનમાં વધુ મહેનત કરવા અને બોલિવૂડમાં મોટું સ્થાન હાંસલ કરવાની પ્રેરણા પૂરી પાડી હતી.

અનિલ કપૂર અને સુનીતાના લગ્ન વર્ષ 1984માં થયા હતા, પરંતુ તેમની પ્રેમ કહાની લગ્નના એક દાયકા પહેલાં એટલે કે વર્ષ 1973માં શરૂ થઈ ગઈ હતી. એક જૂના ઈન્ટરવ્યુમાં અનિલ કપૂરે જણાવ્યું હતું કે જ્યારે તેઓ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા, ત્યારે તેમના એક મિત્રએ સુનીતાને અનિલનો નંબર આપ્યો હતો. તે સમયે સુનીતા એક સફળ અને જાણીતી મૉડેલ હતી. મિત્રના કહેવા પર સુનીતાએ અનિલને એક પ્રૅન્ક કૉલ કર્યો હતો. સુનીતાનો અવાજ સાંભળતાં જ અનિલ કપૂર તેના પ્રેમમાં પડી ગયા હતા અને ત્યારથી બંનેનો સાથ અવિરત ચાલુ છે. અનિલ કપૂરે જણાવ્યું કે તેમના લગ્ન કોઈ મોટા આડંબર વિના અત્યંત સાદગીપૂર્વક યોજાયા હતા. માત્ર 30 મિનિટના ટૂંકા સમયગાળામાં લગ્નની તમામ વિધિઓ પૂર્ણ થઈ ગઈ હતી.

₹2,000થી વધુના UPI પેમેન્ટ પર 0.4% MDR, સુપ્રીમ કોર્ટે રોક લગાવવાનો ઇનકાર કર્યો

નવી દિલ્હી, તા.28

દેશમાં ડિજિટલ પેમેન્ટ માટે સૌથી વધુ ઉપયોગમાં લેવાતી UPI વ્યવસ્થામાં 15 ઓક્ટોબરથી મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. 2,000થી વધુની કેટલીક મર્ચન્ટ UPI ચુકવણીઓ પર 0.4 ટકા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) લાગુ કરવાની વ્યવસ્થા સામે સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલી જનહિત અરજી પર સોમવારે સુનાવણી થઈ હતી. ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની ત્રણ સભ્યોની બેન્ચે નવા ચાર્જના અમલ પર હાલ રોક લગાવવાનો ઇનકાર કર્યો છે. જોકે, કોર્ટે કેન્દ્ર સરકારને નોટિસ પાઠવીને આ ચાર્જ લાદવાનો કાયદાકીય અને નીતિગત આધાર શું છે તે અંગે જવાબ માંગ્યો છે.

આ મામલો વકીલ અંજન દત્તા દ્વારા દાખલ કરવામાં આવેલી જનહિત અરજી સાથે જોડાયેલો છે. અરજીમાં કેન્દ્ર સરકાર દ્વારા 14 સપ્ટેમ્બરે જાહેર કરાયેલી નોટિફિકેશન અને 15 સપ્ટેમ્બરે જાહેર કરાયેલા MDR માળખાને પડકારવામાં આવ્યું છે. અરજદાર તરફથી દલીલ કરવામાં આવી છે કે UPI વ્યવહારો પર આ પ્રકારની ફી લાદતા પહેલાં પૂરતી કાયદાકીય સુરક્ષા, પારદર્શિતા અને જાહેર ચર્ચાની પ્રક્રિયા અપનાવવામાં આવી નથી. અરજીમાં Payment and Settlement Systems Act, 2007ની કલમ 10A હેઠળ સરકારને મળતી સત્તાના ઉપયોગ અંગે પણ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે.

કેન્દ્ર સરકાર તરફથી સુપ્રીમ કોર્ટમાં એવી દલીલ કરવામાં આવી છે કે નવા નિયમનો સામાન્ય લોકો વચ્ચે થતા UPI ટ્રાન્સફર પર કોઈ સીધી અસર નહીં પડે. એટલે કે એક વ્યક્તિ પોતાના પરિવારના સભ્ય, મિત્ર અથવા અન્ય વ્યક્તિને UPI દ્વારા પૈસા મોકલે છે તેવા Person-to-Person એટલે કે P2P વ્યવહારો પર આ MDR લાગુ થવાનો નથી. આ ચાર્જ મુખ્યત્વે નિર્ધારિત Person-to-Merchant એટલે કે P2M વ્યવહારો માટે છે, જેમાં ગ્રાહક દુકાનદાર કે વેપારીને UPI મારફતે ચુકવણી કરે છે.

નવા માળખા પ્રમાણે 15 ઓક્ટોબરથી સામાન્ય કેટેગરીના 2,000થી વધુના પાત્ર P2M UPI વ્યવહારો પર 0.4 ટકા MDR લાગુ થશે. જોકે, આ ચાર્જ ગ્રાહક પાસેથી સીધો વસૂલવાનો નથી, પરંતુ વેપારી તરફથી ચૂકવવાનો રહેશે. 2,000 અથવા તેનાથી ઓછી રકમની ચુકવણી પર MDR નહીં લાગે. તેવી જ રીતે, 75,000 કે તેથી વધુના પાત્ર વ્યવહાર માટે MDRની મહત્તમ મર્યાદા 300 પ્રતિ ટ્રાન્ઝેક્શન રાખવામાં આવી છે. એટલે કે કોઈ વેપારીને 1 લાખની UPI ચુકવણી મળે તો પણ સામાન્ય MDR 300થી વધુ નહીં હોય. નવા નિયમમાં નાના વેપારીઓને પણ રાહત આપવામાં આવી છે. જે નાના વેપારીઓની UPI મારફતે માસિક આવક નિર્ધારિત 1 લાખની મર્યાદા સુધી છે, તેઓ પાત્ર છૂટ હેઠળ MDRથી બહાર રહેશે. તેથી માત્ર કોઈ ગ્રાહકે 2,000થી વધુની ચુકવણી કરી છે એટલા માટે દરેક દુકાનદારને ચાર્જ ભરવો પડશે એવું નથી. નાના વેપારીઓ માટે લાગુ પડતી મુક્તિ અને વ્યવહારની કેટેગરી પણ મહત્વની રહેશે.

આ નવા નિયમનો હેતુ UPI પેમેન્ટ ઈકોસિસ્ટમમાં થતા ખર્ચ અને તેમાં જોડાયેલી બેંકો તથા પેમેન્ટ કંપનીઓ માટે આવકનું માળખું ઊભું કરવાનો હોવાનું જણાવવામાં આવે છે. UPI દેશમાં લાંબા સમયથી ગ્રાહકો અને વેપારીઓ માટે મોટા ભાગે શૂન્ય-MDR માળખા પર ચાલી રહ્યું હતું. હવે પ્રથમ વખત નિર્ધારિત ઊંચી કિંમતના મર્ચન્ટ ટ્રાન્ઝેક્શન માટે MDRની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. જોકે, આને UPI પર ગ્રાહકો પાસેથી વસૂલાતો સામાન્ય ચાર્જ અથવા સરકારી ટેક્સ તરીકે જોવો યોગ્ય નથી; MDR પેમેન્ટ ઈકોસિસ્ટમમાં રહેલા ભાગીદારો વચ્ચે વહેંચાતી ફી છે.

MDR એટલે Merchant Discount Rate. જ્યારે ગ્રાહક કોઈ વેપારીને ડિજિટલ માધ્યમથી ચુકવણી કરે છે ત્યારે પેમેન્ટને પ્રોસેસ કરવા માટે બેંક, પેમેન્ટ સર્વિસ પ્રોવાઇડર અને અન્ય સંબંધિત સંસ્થાઓની વ્યવસ્થા કામ કરે છે. આ પ્રક્રિયાના ખર્ચ માટે વેપારી પાસેથી MDR લેવામાં આવે છે. UPIના નવા નિયમમાં પણ આ ફી વેપારી તરફથી ચૂકવવાની છે, ગ્રાહક પાસેથી સીધી રીતે વસૂલવાની નથી. જોકે, વેપારીઓ પર વધતા ખર્ચનો તેઓ પોતાના વ્યવસાય અને ભાવ નક્કી કરવાની પ્રક્રિયામાં કેવી રીતે સામનો કરે છે તે અલગ મુદ્દો બની શકે છે.

ઉદાહરણ તરીકે, જો કોઈ પાત્ર વેપારીને 3,000ની UPI ચુકવણી મળે તો 0.4 ટકાના દરે MDR 12 થાય છે. 10,000ની ચુકવણી પર આ રકમ 40 અને 50,000ની ચુકવણી પર 200 બને છે. 75,000ની ચુકવણી પર ગણતરી પ્રમાણે MDR 300 થાય છે અને ત્યારબાદ વધુ રકમના વ્યવહારમાં પણ મહત્તમ MDR 300 જ રહેશે. આથી મોટા મૂલ્યના વ્યવહારો માટે મહત્તમ ચાર્જની મર્યાદા નક્કી કરવામાં આવી છે.

દિવાળી-દશેરા પર 102 ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો દોડશે: ટિકિટોની બુકિંગ શરૂ, સમય અને રૂટ્સની વિગતો જાણો

નવી દિલ્હી, તા.28

આગામી દિવાળી અને દશેરા જેવા મોટા તહેવારોની સિઝનમાં મુસાફરોની ભારે ભીડને ધ્યાનમાં રાખીને ભારતીય રેલવે દ્વારા એક મોટો અને રાહતરૂપ નિર્ણય લેવામાં આવ્યો છે. તહેવારો દરમિયાન પોતાના વતન કે અન્ય શહેરોમાં જવા માંગતા મુસાફરોને મુસાફરીમાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે રેલવે દ્વારા કુલ ૧૦૨ જેટલી ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો દોડાવવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ તમામ વિશેષ ટ્રેનો આગામી ૧૦ ઑક્ટોબરથી શરૂ થઈને ૨૪ નવેમ્બર સુધીના સમયગાળા દરમિયાન ચલાવવામાં આવશે. મુસાફરોની સુવિધા માટે આ સ્પેશિયલ ટ્રેનોનું ટિકિટ બુકિંગ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. જોકે, આ સ્પેશિયલ ટ્રેનો હોવાને કારણે તેમાં મુસાફરી કરવા માટે યાત્રીઓએ સામાન્ય ભાડા કરતાં વિશેષ ચાર્જ ચૂકવવો પડશે. ટિકિટ બુકિંગની પ્રક્રિયાને અત્યંત સરળ બનાવવા માટે મુસાફરો આઈઆરસીટીસી (IRCTC) ની સત્તાવાર મોબાઈલ એપ, રેલવેની સત્તાવાર વેબસાઈટ (irctc.co.in), નજીકના રેલવે રિઝર્વેશન સેન્ટર અથવા RailOne એપના માધ્યમથી પોતાની ટિકિટ ઘરે બેઠા કે કેન્દ્ર પર જઈને બુક કરાવી શકે છે. આ સ્પેશિયલ ટ્રેનો શરૂ થવાથી મુખ્યત્વે મુંબઈ, ચેન્નાઈ, લાતૂર, કોલ્હાપુર અને કલબુર્ગી જેવા મહત્વના શહેરો વચ્ચેની કનેક્ટિવિટી વધુ મજબૂત બનશે અને તહેવારોમાં થતો ટ્રાફિક હળવો થશે. આ તહેવારી ટ્રેનોના સમયપત્રક અને રૂટ પર નજર કરીએ તો, છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (CSMT) મુંબઈથી ચેન્નઈ વચ્ચે એક સાપ્તાહિક વિશેષ ટ્રેન દોડાવવામાં આવશે. આ ટ્રેન ૧૫ ઑક્ટોબરથી લઈને ૧૯ નવેમ્બર સુધીના સમયગાળામાં બંને દિશામાં કુલ ૬-૬ ફેરા કરશે, જેનાથી દક્ષિણ ભારત તરફ જતા મુસાફરોને મોટી રાહત મળશે. ચેન્નઈ બીચથી છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (CSMT) મુંબઈ તરફ આવતી આ વિશેષ ટ્રેન દર ગુરુવારે વહેલી સવારે ૪ વાગ્યે રવાના થશે અને પોતાની મુસાફરી પૂર્ણ કરીને બીજા દિવસે સવારે ૪ વાગ્યે મુંબઈ પહોંચશે. આ લાંબા અંતરની સફર દરમિયાન મુસાફરોની સગવડ માટે ટ્રેન દાદર, થાણે, પુણે, સોલાપુર, કલબુર્ગી, ગુન્ટકલ, રેણિગુન્ટા અને પેરંબુર જેવા મહત્વના રેલવે સ્ટેશનો પર ઊભી રહેશે.

મુંબઈથી લાતૂર તરફ જતા મુસાફરો માટે પણ રેલવે દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. CSMT મુંબઈ અને લાતૂર વચ્ચે અઠવાડિયામાં બે દિવસ માટે સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવશે. આ ટ્રેન ૧૩ ઑક્ટોબરથી શરૂ થઈને ૨૪ નવેમ્બર વચ્ચે બંને દિશાઓમાં કુલ ૧૩-૧૩ ફેરા પૂરા કરશે. સમયપત્રક મુજબ, CSMT મુંબઈ-લાતૂર વિશેષ ટ્રેન દર મંગળવારે અને ગુરુવારે મધ્યરાત્રિએ ૧૨:૩૫ વાગ્યે મુંબઈથી પોતાની સફર શરૂ કરશે અને તે જ દિવસે સવારે ૧૧:૪૦ વાગ્યે લાતૂર પહોંચી જશે. તેવી જ રીતે પરત ફરતી વખતે આ લાતૂર-CSMT મુંબઈ વિશેષ ટ્રેન એ જ દિવસોમાં એટલે કે મંગળવાર અને ગુરુવારે સાંજે ૪:૩૦ વાગ્યે લાતૂરથી રવાના થશે અને રાતની મુસાફરી બાદ બીજા દિવસે વહેલી સવારે ૪:૧૦ વાગ્યે મુંબઈ પરત ફરશે.

આ અઠવાડિયે બેંકો 5 દિવસ ધમધમશે: બેંકિંગ સેવાઓ સામાન્ય રીતે ચાલુ રહેશે, 2 ઑક્ટોબર સિવાય કામકાજ નહીં અટકે!

નવી દિલ્હી, તા.28

દેશભરમાં તમામ બેંકો સામાન્ય દિવસોની જેમ ખુલ્લી રહેશે અને બેંકિંગ સંબંધિત તમામ કામકાજ દરરોજની જેમ ચાલુ રહેશે. યુનાઈટેડ ફોરમ ઑફ બેંક યુનિયન્સ (UFBU)એ 28થી 30 સપ્ટેમ્બર દરમિયાન જાહેર કરેલી પોતાની 3 દિવસની હડતાળ મુલતવી રાખવાનો નિર્ણય લીધો છે.

રવિવારે મોડી રાત્રે યોજાયેલી બેઠકમાં ઈન્ડિયન બેંક્સ એસોસિયેશન (IBA) 5-ડે વર્કિંગ માટે સમિતિ બનાવવાની સંમતિ આપી છે. સાથે જ કર્મચારીઓની અન્ય માગણીઓ પૂરી કરવાનો વિશ્વાસ પણ અપાવ્યો છે.

હડતાળ મુલતવી રાખવામાં આવતા આ અઠવાડિયે 5 દિવસ બેંકો ખુલ્લી રહેશે અને માત્ર 2 ઑક્ટોબરે ગાંધી જયંતિના અવસર પર બંધ રહેશે.

બેંક હડતાળને કારણે નાણાં મંત્રાલયના નિર્દેશ પર 10 વર્ષ બાદ રવિવારે સામાન્ય લોકો માટે બેંકો ખોલવી પડી હતી. આ પહેલાં, 2016માં નોટબંધી બાદ 14 નવેમ્બરે રવિવારના દિવસે બેંકો ખોલવામાં આવી હતી.

તે સમયે જૂની 500 અને 1000 રૂપિયાની નોટો બદલાવવા, જમા કરવા અને રોકડ ઉપાડવા માટે લોકો બેંકોમાં લાઇનમાં ઊભા રહ્યા હતા. ભીડને સંભાળવા માટે સરકારે રવિવારે પણ બેંકો ખોલવાનો નિર્ણય લીધો હતો.

બેંક હડતાળ ટળી જવાથી હવે ATMની માસિક મફત મર્યાદા સમાપ્ત થયા બાદ ચાર્જ લાગશે. આ પહેલાં તમામ સરકારી બેંકોએ 28થી 30 સપ્ટેમ્બર સુધી ATMની માસિક મફત મર્યાદા સમાપ્ત થયા બાદ રોકડ ઉપાડવા પર ચાર્જ ન લેવાનો નિર્ણય કર્યો હતો.

RBIના નિયમો અનુસાર, તમે તમારા બેંકના ATMમાંથી દર મહિને 5 વખત મફતમાં રોકડ ઉપાડી શકો છો. અન્ય બેંકના ATMમાંથી દિલ્હી, મુંબઈ જેવા મેટ્રો શહેરોમાં મહિનામાં 3 વખત અને નાના શહેરોમાં 5 વખત મફત ટ્રાન્ઝેક્શનની મર્યાદા છે.

જો તમે એક મહિનામાં મર્યાદા કરતાં વધુ વખત ATMમાંથી રોકડ ઉપાડો છો, તો દર વખતે 23 + GST ચાર્જ કપાય છે. આ ઉપરાંત, જ્યારે તમે ATMનો ઉપયોગ કરો છો, ત્યારે બેંકો પણ એકબીજાને ફી ચૂકવે છે- રોકડ ઉપાડવા પર 19 રૂપિયા અને બેલેન્સ ચેક કરવા પર 7 રૂપિયા.

અઠવાડિયામાં 2 દિવસની રજા માટે કમિટી: બેંકોમાં પહેલા અને ત્રીજા શનિવારે પણ રજા જાહેર કરવાની માગ પર વિચાર કરવા માટે એક ખાસ કમિટી બનાવવામાં આવશે. તેમાં બેંક મેનેજમેન્ટ અને યુનિયન બંનેના નેતાઓ સામેલ થશે.

આ કમિટી તમામ પક્ષો સાથે વાતચીત કરીને એવો માર્ગ કાઢશે, જેથી બેંક કર્મચારીઓને સુવિધા મળે અને લોકોના કામ પર પણ અસર ન થાય. 5-ડે વર્કિંગના બદલામાં કર્મચારીઓએ સોમવારથી શુક્રવાર સુધી દરરોજ 40 મિનિટ વધુ કામ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

અધિકારીઓના ઈન્સેન્ટિવ અંગે ચર્ચા: સિનિયર અધિકારીઓની પરફોર્મન્સ લિંક્ડ ઈન્સેન્ટિવ (PLI) સ્કીમ સાથે જોડાયેલી ફરિયાદો અને ખામીઓને પણ ટૂંક સમયમાં દૂર કરવામાં આવશે.

જૂના મુદ્દાઓ પણ ઉકેલાશે: માર્ચ 2024માં નક્કી થયેલી બાકી રહેલી માંગણીઓ અને વચનો પર પણ શક્ય તેટલી વહેલી તકે ઉકેલ લાવવા માટે ફરીથી વાતચીત શરૂ કરવામાં આવશે.

સોનાના ભાવમાં ₹4,065 અને ચાંદીમાં ₹9,158નો કડાકો, સપ્ટેમ્બરમાં બંને ધાતુઓમાં મોટો ઘટાડો

મુંબઈ, તા.28

સોના અને ચાંદીના ભાવમાં આજે એટલે કે 28 સપ્ટેમ્બરે મોટો ઘટાડો નોંધાયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA)ના જણાવ્યા મુજબ 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 4,065 ઘટીને આશરે 1.48 લાખ પર આવી ગયો છે. બીજી તરફ ચાંદીના ભાવમાં પણ મોટો ઘટાડો જોવા મળ્યો છે. એક કિલોગ્રામ ચાંદી 9,158 સસ્તી થઈને આશરે 2.23 લાખના સ્તરે પહોંચી ગઈ છે. કિંમતી ધાતુઓમાં છેલ્લા કેટલાક સત્રોથી જોવા મળી રહેલી અસ્થિરતા વચ્ચે સોમવારે સોનાની સાથે ચાંદીમાં પણ વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું.

સપ્ટેમ્બર મહિનામાં અત્યાર સુધીમાં સોના અને ચાંદી બંનેના ભાવમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. 31 ઓગસ્ટે 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ આશરે 1.56 લાખ હતો, જે હવે ઘટીને 1.48 લાખની આસપાસ આવી ગયો છે. એટલે કે એક મહિનાથી પણ ઓછા સમયગાળામાં સોનામાં લગભગ 8,000નો ઘટાડો નોંધાયો છે. ચાંદીમાં પણ આવો જ ઘટાડાનો ટ્રેન્ડ જોવા મળ્યો છે. 31 ઓગસ્ટે એક કિલોગ્રામ ચાંદીનો ભાવ આશરે 2.37 લાખ હતો, જે હવે ઘટીને 2.23 લાખ થયો છે. એટલે કે સપ્ટેમ્બરમાં અત્યાર સુધીમાં ચાંદી લગભગ 14,000 સસ્તી થઈ છે.

સોનાના ભાવમાં થયેલો આ ઘટાડો આંતરરાષ્ટ્રીય બજારના અનેક પરિબળો સાથે જોડાયેલો છે. ખાસ કરીને અમેરિકાની ફેડરલ રિઝર્વની વ્યાજદર નીતિ અને અમેરિકન બોન્ડ યીલ્ડમાં થતી હિલચાલની સીધી અસર વૈશ્વિક સોનાના ભાવ પર પડે છે. જોકે, સોનાને સામાન્ય રીતે અનિશ્ચિતતા અને ભૂ-રાજકીય તણાવના સમયમાં સુરક્ષિત રોકાણ તરીકે જોવામાં આવે છે. તેથી એક તરફ વ્યાજદર અને બોન્ડ યીલ્ડ જેવા પરિબળો સોના પર દબાણ લાવી શકે છે, જ્યારે બીજી તરફ વૈશ્વિક તણાવ અને આર્થિક અનિશ્ચિતતા તેના ભાવને ટેકો આપી શકે છે.

અહીં એક મહત્વની બાબત એ છે કે વ્યાજદર અંગેના આંકડાઓમાં સાવચેતી રાખવી જરૂરી છે. ઉપલબ્ધ વૈશ્વિક નાણાકીય માહિતી પ્રમાણે અમેરિકાની ફેડરલ રિઝર્વે સપ્ટેમ્બર 2026માં નીતિગત વ્યાજદરમાં ઘટાડો કર્યો હતો, વધારો નહીં. તેથી સોનાના તાજેતરના ઘટાડાને માત્ર ફેડરલ રિઝર્વે વ્યાજદર વધાર્યા હોવાના કારણ સાથે જોડવું યોગ્ય નથી. અમેરિકન ટ્રેઝરી યીલ્ડ, ડોલરની સ્થિતિ, વૈશ્વિક રોકાણકારોની જોખમ લેવાની ક્ષમતા અને ભૂ-રાજકીય ઘટનાઓ જેવા અનેક પરિબળો સાથે મળીને સોનાના ભાવમાં રોજિંદી હિલચાલ નક્કી થાય છે. હાલના ઘટાડા બાદ હવે રોકાણકારોની નજર એ બાબત પર છે કે સોના અને ચાંદીમાં આ નરમાઈ કેટલો સમય ચાલુ રહેશે. બજાર નિષ્ણાતોના મતે કિંમતી ધાતુઓમાં આગળ પણ ઉતાર-ચઢાવ જોવા મળી શકે છે. જો વૈશ્વિક સ્તરે આર્થિક અનિશ્ચિતતા વધે અથવા ભૂ-રાજકીય તણાવ વધુ ગંભીર બને તો સોનાની માંગ ફરી વધી શકે છે. બીજી તરફ અમેરિકન ડોલર મજબૂત રહે, બોન્ડ યીલ્ડ ઊંચી રહે અને રોકાણકારો જોખમી સંપત્તિઓ તરફ પાછા વળે તો સોના પર વધુ દબાણ જોવા મળી શકે છે.

ચાંદીના ભાવમાં પણ આગામી દિવસોમાં અસ્થિરતા રહેવાની શક્યતા છે. સોનાની સરખામણીમાં ચાંદીનો ઉપયોગ રોકાણ ઉપરાંત ઔદ્યોગિક ક્ષેત્રમાં પણ મોટા પ્રમાણમાં થાય છે. સોલાર પેનલ, ઈલેક્ટ્રોનિક્સ અને અન્ય ઔદ્યોગિક ઉત્પાદનમાં ચાંદીનો ઉપયોગ થતો હોવાથી વૈશ્વિક ઔદ્યોગિક માંગ તેની કિંમત માટે મહત્વનું પરિબળ છે. આ કારણે ચાંદીના ભાવમાં આંતરરાષ્ટ્રીય બજારના આર્થિક વિકાસ અને ઔદ્યોગિક માંગની અપેક્ષાઓની પણ અસર જોવા મળે છે.

નિષ્ણાતોના મતે કિંમતી ધાતુઓમાં અચાનક આવેલા ઘટાડા બાદ રોકાણકારોએ ઉતાવળમાં નિર્ણય લેવાને બદલે બજારની દિશા અને પોતાની રોકાણ જરૂરિયાતને ધ્યાનમાં લેવી જોઈએ. સોનાના ભાવમાં જો વધુ મોટો ઘટાડો થાય તો લાંબા ગાળાના રોકાણકારો માટે તબક્કાવાર ખરીદીની તક ઊભી થઈ શકે છે, પરંતુ ટૂંકા ગાળામાં ભાવમાં વધુ વધઘટની શક્યતા પણ નકારી શકાય નહીં. સોનામાં રોકાણ કરતી વખતે માત્ર આજના ભાવને બદલે રોકાણનો સમયગાળો અને જોખમ સહન કરવાની ક્ષમતા પણ ધ્યાનમાં લેવી જરૂરી છે. જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે ગ્રાહકોએ તેની શુદ્ધતા અને પ્રમાણપત્ર પર ખાસ ધ્યાન આપવું જોઈએ. BIS એટલે કે બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સનું હોલમાર્ક ધરાવતું પ્રમાણિત સોનું ખરીદવું મહત્વનું છે. હોલમાર્કિંગથી સોનાની શુદ્ધતા અંગે માહિતી મળે છે. દાગીના ખરીદતી વખતે હોલમાર્ક અને HUID જેવી વિગતો ચકાસવી જોઈએ અને બિલમાં સોનાનું વજન, શુદ્ધતા, મેકિંગ ચાર્જ તથા અન્ય લાગુ પડતા ચાર્જ અલગથી દર્શાવવામાં આવ્યા છે કે નહીં તે પણ જોવું જોઈએ. સોનાની કિંમત પણ ખરીદી કરતા પહેલાં ચકાસવી જરૂરી છે. 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ સોનાના ભાવ અલગ હોય છે. જ્વેલરીમાં સામાન્ય રીતે 22 કેરેટ સોનાનો ઉપયોગ વધુ જોવા મળે છે, જ્યારે 24 કેરેટ સોનું વધુ શુદ્ધ હોય છે.

તહેવારોમાં AC-ફ્રિજ-ટીવી ખરીદવું મોંઘું પડશે, 1 ઓક્ટોબરથી ઈલેક્ટ્રોનિક્સના ભાવમાં 8% સુધી વધારો

નવી દિલ્હી, તા.28

તહેવારોની સિઝનમાં ઘર માટે નવું AC, ફ્રિજ, LED TV અથવા વોશિંગ મશીન ખરીદવાની યોજના બનાવી રહેલા ગ્રાહકો માટે મહત્વના સમાચાર છે. 1 ઓક્ટોબરથી કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ અને હોમ એપ્લાયન્સિસના ભાવમાં વધારો થવા જઈ રહ્યો છે. ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોના જણાવ્યા મુજબ કંપનીઓ વિવિધ પ્રોડક્ટ્સના ભાવમાં 8 ટકા સુધીનો વધારો કરવાની તૈયારીમાં છે. કાચા માલના ભાવમાં સતત વધારો, આંતરરાષ્ટ્રીય બજારમાં કોમોડિટીના ઊંચા ભાવ અને કરન્સી માર્કેટમાં થઈ રહેલા ઉતાર-ચઢાવને કારણે કંપનીઓના ઉત્પાદન ખર્ચમાં વધારો થયો છે. આ વધારાનો એક ભાગ હવે ગ્રાહકો સુધી પહોંચાડવામાં આવી રહ્યો છે. કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડસ્ટ્રીમાં 2026 દરમિયાન કિંમતોમાં આ ત્રીજો મોટો વધારો હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. ખાસ કરીને ACના ભાવમાં સૌથી વધુ વધારો થવાની શક્યતા છે. ઉદ્યોગ નિષ્ણાતોના જણાવ્યા અનુસાર એર કન્ડિશનરના ભાવમાં આશરે 5થી 8 ટકાનો વધારો થઈ શકે છે. બીજી તરફ વોશિંગ મશીન, રેફ્રિજરેટર અને LED ટીવી જેવા ઘરગથ્થુ ઉપકરણોના ભાવમાં આશરે 3થી 4 ટકાનો વધારો થવાની સંભાવના છે. આ ભાવવધારો તહેવારોની ખરીદી શરૂ થાય તેવા સમયે થઈ રહ્યો હોવાથી ગ્રાહકો માટે ઘરગથ્થુ ઈલેક્ટ્રોનિક્સનું બજેટ વધવાની શક્યતા છે.



કંપનીઓના જણાવ્યા અનુસાર સૌથી મોટું દબાણ કાચા માલના ભાવને કારણે આવ્યું છે. AC અને અન્ય ઈલેક્ટ્રોનિક્સના ઉત્પાદનમાં ઉપયોગમાં લેવાતા કૉપર, સ્ટીલ અને એલ્યુમિનિયમના ભાવમાં આંતરરાષ્ટ્રીય સ્તરે વધારો થયો છે. આ ઉપરાંત ક્રૂડ ઓઈલના ભાવમાં વધઘટથી પ્લાસ્ટિક સહિત વિવિધ પેટ્રોકેમિકલ આધારિત સામગ્રીના ખર્ચ પર પણ અસર પડે છે. ઉત્પાદન ઉપરાંત પેકેજિંગ, પરિવહન અને સપ્લાય ચેઈન સાથે જોડાયેલા ખર્ચમાં પણ વધારો થાય તો અંતે કંપનીઓ માટે પ્રોડક્ટની કુલ કિંમત વધે છે.

ACના ભાવમાં વધારો થવાનું મુખ્ય કારણ કૉપરના વધેલા ભાવને ગણાવવામાં આવી રહ્યું છે. એર કન્ડિશનરના કોમ્પ્રેસર, વાયરિંગ અને અન્ય ભાગોમાં કૉપરનો નોંધપાત્ર ઉપયોગ થાય છે. હાયર ઈન્ડિયાના પ્રેસિડેન્ટ એનએસ સતીશના જણાવ્યા અનુસાર છેલ્લા એક વર્ષ દરમિયાન કૉપરના ભાવ પ્રતિ મેટ્રિક ટન આશરે 8,000થી 9,000 ડૉલરના સ્તરથી વધીને લગભગ 14,500 ડૉલર સુધી પહોંચી ગયા છે. એક ACમાં અંદાજે 3થી 4 કિલોગ્રામ કૉપરનો ઉપયોગ થતો હોવાનું કંપની તરફથી જણાવાયું છે. આ કારણે AC બનાવવાનો ખર્ચ નોંધપાત્ર રીતે વધી ગયો છે. હાયર ઈન્ડિયાએ 1 ઓક્ટોબરથી ACના ભાવમાં આશરે 5 ટકાનો વધારો કરવાની જાહેરાત કરી છે. કંપનીના જણાવ્યા પ્રમાણે ઓક્ટોબરથી જાન્યુઆરી વચ્ચે કાચા માલના ભાવ અને ખર્ચની સ્થિતિને ધ્યાનમાં રાખીને અલગ-અલગ તબક્કામાં વધુ ભાવવધારો થઈ શકે છે. કંપનીએ આ સમયગાળા દરમિયાન કુલ આશરે 15 ટકા સુધીના સંભવિત ભાવવધારાનો અંદાજ વ્યક્ત કર્યો છે. જોકે, આ અંતિમ વધારો બજારની સ્થિતિ, કાચા માલના ભાવ અને માંગ સહિતના વિવિધ પરિબળો પર આધારિત રહેશે.

અન્ય મોટી કંપનીઓ પણ ભાવ વધારવાની તૈયારીમાં છે. બ્લૂ સ્ટાર, ગોદરેજ એપ્લાયન્સિસ, હાયર, ડાઈકિન અને સુપર પ્લાસ્ટ્રોનિક્સ જેવી કંપનીઓ દ્વારા વિવિધ પ્રોડક્ટ્સમાં આશરે 4થી 10 ટકા સુધીના ભાવવધારાની માહિતી આપવામાં આવી છે. LG અને બોશ હોમ કમ્ફર્ટ, જે હિતાચી બ્રાન્ડ સાથે સંકળાયેલી છે, દ્વારા ACના ભાવમાં આશરે 5 ટકાનો વધારો કરવામાં આવ્યો હોવાનું જણાવવામાં આવ્યું છે. બીજી તરફ પેનાસોનિક હાલમાં ભાવવધારો લાગુ કરતાં પહેલાં સમગ્ર ખર્ચ અને બજારની સ્થિતિની સમીક્ષા કરી રહી છે. સમીક્ષા બાદ કંપની આગામી ભાવ અંગે નિર્ણય લઈ શકે છે.

આ ભાવવધારો એવા સમયે આવી રહ્યો છે જ્યારે દેશમાં દિવાળી સહિતના મોટા તહેવારોની ખરીદીનો સમય શરૂ થઈ રહ્યો છે. સામાન્ય રીતે સપ્ટેમ્બરથી નવેમ્બર દરમિયાન ટીવી, ફ્રિજ, વોશિંગ મશીન, AC અને અન્ય હોમ એપ્લાયન્સિસની માંગમાં વધારો જોવા મળે છે. કંપનીઓ માટે આ સમયગાળો વેચાણની દૃષ્ટિએ મહત્વનો હોય છે. તેથી ભાવ વધારાની અસર ગ્રાહકોની ખરીદી પર કેટલી પડશે તે અંગે પણ ઉદ્યોગમાં ચર્ચા થઈ રહી છે. જોકે, કંપનીઓનું માનવું છે કે તહેવારોની સિઝનમાં ભાવવધારાની અસર તાત્કાલિક રીતે ખૂબ મોટી નહીં હોય. તેનું મુખ્ય કારણ એ છે કે ડીલર્સ અને ડિસ્ટ્રિબ્યુટર્સે ઓગસ્ટ અને સપ્ટેમ્બર દરમિયાન પ્રી-બાઈંગ કરી લીધું છે. એટલે કે ભાવ વધે તે પહેલાં જ ઘણા ડીલર્સે જૂના ભાવે માલનો સ્ટોક ખરીદી લીધો છે. આ સ્ટોક સપ્લાય ચેઈનમાં હજુ ઉપલબ્ધ હોવાથી કેટલાક ગ્રાહકોને આગામી થોડા સમય સુધી જૂના ભાવનો લાભ મળી શકે છે.

છેલ્લા 3 દિવસ બાકી, પછી સસ્તા-ભાવે ગેસનો બાટલો નહીં મળે: LPG સિલિન્ડર પર સબસિડી ચાલુ રાખવા ફટાફટ પતાવો આ જરૂરી કામ

નવી દિલ્હી, તા.28

LPG ગેસને લઈને ગ્રાહકોને સતત e-KYC પ્રક્રિયા પૂર્ણ કરવા માટે કહેવામાં આવી રહ્યું છે. આ માટે ઘણી વખત છેલ્લી તારીખ જાહેર કરવામાં આવી છે. પરંતુ તેમ છતાં ઘણા ગ્રાહકો એવા છે જેમણે e-KYC પ્રક્રિયા પૂર્ણ કરી નથી. આવી સ્થિતિમાં ગ્રાહકોને e-KYC પ્રક્રિયા શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવા માટે 30 સપ્ટેમ્બર સુધીનો સમય આપવામાં આવ્યો છે.



આ પહેલાં 14 સપ્ટેમ્બર સુધી KYC કરાવવાની છેલ્લી તારીખ હતી. પરંતુ હવે તેને વધારીને 30 સપ્ટેમ્બર કરવામાં આવી છે. બીજી તરફ, જે ગ્રાહકો e-KYC નહીં કરાવે તેમને 1 ઓક્ટોબરથી સબસિડીવાળો ગેસ સિલિન્ડર મળશે નહીં.

LPG ગેસ સિલિન્ડરની e-KYC પ્રક્રિયા પૂર્ણ કરવા માટે સરકાર સતત સમય આપી રહી છે. હવે 5મી વખત e-KYCની છેલ્લી તારીખ લંબાવવામાં આવી છે. પરંતુ હવે 30 સપ્ટેમ્બર સુધીનો સમય આપવામાં આવ્યો છે. નહીંતર 1 ઓક્ટોબરથી તેમના ખિસ્સા પર ખર્ચનો ભાર વધશે.

LPG ગ્રાહક દ્વારા e-KYC પ્રક્રિયા પૂર્ણ નહીં કરવામાં આવે તો સબસિડીવાળો સિલિન્ડર મળવાનું બંધ થઈ જશે. જોકે આવા લોકોનું કનેક્શન કાપવામાં નહીં આવે, પરંતુ તેમને સબસિડી વગરનો બજારના નિર્ધારિત ભાવે મળતો સિલિન્ડર આપવામાં આવશે. આ વ્યવસ્થા ટૂંક સમયમાં શરૂ કરવા માટે તારીખની જાહેરાત કરવામાં આવશે. આ નિયમ એક દાયકા બાદ ફરીથી શરૂ થવાનો છે. ટૂંક સમયમાં ઓઈલ કંપની બેવડી કિંમતની વ્યવસ્થા લાગુ કરવા જઈ રહી છે.

જો તમારા LPG કનેક્શનનું બાયોમેટ્રિક આધાર ઓથેન્ટિકેશન (BAA) થયું નથી, તો તેને સૌથી પહેલાં પૂર્ણ કરાવો. તમે આ પ્રક્રિયા ઓનલાઈન પણ પૂર્ણ કરી શકો છો. જો ઓનલાઈન મુશ્કેલી આવી રહી હોય, તો તમે ગેસ એજન્સી પર જઈને e-KYC કરાવી શકો છો. આ કામ સંપૂર્ણપણે મફત હોય છે.

ઓનલાઈન e-KYC માટે તમારે તમારા મોબાઈલમાં તમારી ગેસ કંપનીની એપ ડાઉનલોડ કરવી પડશે. ત્યારબાદ નીચે મૂજબના સ્ટેપ અનુસરો: તમે ગેસ એજન્સીમાં જઈને પણ KYC કરાવી શકો છો. જેના નામે ગેસ કનેક્શન છે તેમણે પોતાનું આધાર કાર્ડ લઈને એજન્સીમાં જવું પડશે. ત્યાં અરજી કરીને બાયોમેટ્રિક વેરિફિકેશન કરવામાં આવશે અને તમારું KYC પૂર્ણ થઈ જશે. જણાવી દઈએ કે તમારે 30 સપ્ટેમ્બર સુધીમાં KYCની પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે.

રાજકીય પક્ષોના નામે ડોનેશનના ખેલની તપાસનો વ્યાપ વધ્યો

₹2,283 કરોડના કથિત કૌભાંડમાં ડોનેશન આપનારાઓ સુધી પહોંચશે તપાસ, 80 હજારથી વધુ નામોની યાદી ચકાસવામાં આવશે

અમદાવાદ, તા.28

અમદાવાદ, ગાંધીનગર અને વિદ્યાનગરના સરનામા પર રજિસ્ટર્ડ થયેલી ચાર રાજકીય પાર્ટીઓ સાથે જોડાયેલા કથિત ડોનેશન કૌભાંડની તપાસ હવે વધુ વિસ્તૃત બનવાના સંકેતો મળી રહ્યા છે. આવકવેરા વિભાગ દ્વારા હાથ ધરાયેલી તપાસમાં સામે આવેલી વિગતોના આધારે કથિત રીતે રાજકીય પક્ષોના નામનો ઉપયોગ કરીને નાણાકીય વ્યવહારો કરવામાં આવ્યા હોવાના આક્ષેપો વચ્ચે હવે તપાસનો દોર માત્ર રાજકીય પક્ષોના પ્રમુખો, સંચાલકો અથવા અન્ય સંડોવાયેલા લોકો સુધી મર્યાદિત નહીં રહે. ડોનેશનના નામે નાણાં આપનાર લોકોની ભૂમિકા પણ તપાસના કેન્દ્રમાં આવી છે. સીઆઈડી ક્રાઈમ દ્વારા આવકવેરા વિભાગ પાસેથી ડોનેશન આપનારાઓની વિગતો મેળવીને તેની ચકાસણી શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે. આ સમગ્ર મામલામાં અંદાજે રૂ.2,283 કરોડના વ્યવહારોને લઈને તપાસનો વ્યાપ વધારવામાં આવી રહ્યો છે. પોલીસ અને આવકવેરા વિભાગ દ્વારા અલગ-અલગ સ્તરે મળેલી માહિતીનું વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે. તપાસ એ દિશામાં પણ આગળ વધારવામાં આવી રહી છે કે રાજકીય પક્ષોને આપવામાં આવેલા ડોનેશન પાછળ વાસ્તવિક નાણાકીય વ્યવહાર શું હતો, ડોનેશન આપનારાઓની આવકના સ્ત્રોત શું હતા અને જે રકમ આપવામાં આવી હતી તે કાયદેસર આવકમાંથી આવી હતી કે કેમ. આ સાથે ડોનેશનના બદલામાં કોઈ નાણાકીય લાભ, ટેક્સ સંબંધિત લાભ અથવા અન્ય પ્રકારની ગોઠવણ કરવામાં આવી હતી કે કેમ તેની પણ તપાસ થઈ શકે છે.

આ કેસમાં સૌથી મહત્વની બાબત એ છે કે ડોનેશન આપનારાઓની યાદી ખૂબ મોટી હોવાનું સામે આવી રહ્યું છે. પ્રાથમિક રીતે આશરે 80 હજારથી વધુ લોકોના નામની વિગતો તપાસ એજન્સીઓ સુધી પહોંચી હોવાનું જણાવાય છે. આટલી મોટી સંખ્યામાં લોકોની એકસાથે પૂછપરછ કરવી વ્યવહારિક રીતે મુશ્કેલ હોવાથી પોલીસ દ્વારા ડોનેશનની રકમ અને વ્યવહારોના આધારે લોકોની અલગ-અલગ કેટેગરી બનાવવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે. ખાસ રકમથી વધુ ડોનેશન આપનારા લોકોની વિગતો પ્રથમ તબક્કામાં અલગ તારવીને તેમની પૂછપરછ અને નાણાકીય વ્યવહારોની ચકાસણી કરવામાં આવી શકે છે.

તપાસ દરમિયાન અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ અને સુરત સહિત ગુજરાતના વિવિધ શહેરોમાં રહેતા લોકોના નામ સામે આવવાની શક્યતા છે. એટલું જ નહીં, ડોનેશનની કેટલીક રકમ અન્ય રાજ્યોમાંથી પણ આવી હોવાનું તપાસમાં ધ્યાન પર આવ્યું છે. જેના કારણે સમગ્ર મામલો માત્ર ગુજરાત પૂરતો મર્યાદિત રહેવાની શક્યતા ઓછી છે. અન્ય રાજ્યોમાંથી ડોનેશન આપનારા લોકોની વિગતો મેળવવા માટે સંબંધિત રાજ્યની પોલીસ અને તપાસ એજન્સીઓની મદદ લેવામાં આવી શકે છે. આ માટે સીઆઈડી ક્રાઈમ દ્વારા અન્ય રાજ્યો સાથે સંકલન કરીને તપાસ આગળ વધારવાની તૈયારી કરવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે.

આવકવેરા વિભાગની તપાસમાંથી મળેલી વિગતો સીઆઈડી ક્રાઈમ માટે મહત્વપૂર્ણ કડી બની શકે છે. ડોનેશન આપનારાઓના નામ, રકમ, તારીખ, બેંકિંગ વ્યવહાર અને સંબંધિત દસ્તાવેજોની ચકાસણી કરીને પોલીસ એ જાણવાનો પ્રયાસ કરશે કે ડોનેશન વાસ્તવિક હતું કે માત્ર કાગળ પર દર્શાવવામાં આવ્યું હતું. જો કોઈ વ્યક્તિએ મોટી રકમ ડોનેશન તરીકે દર્શાવી હોય તો તેની સામે આવકવેરા રિટર્ન, બેંક ખાતા, કંપનીના હિસાબો અને નાણાંના સ્ત્રોત સહિતની વિગતોની તપાસ થઈ શકે છે.

આ સમગ્ર મામલામાં બિલ્ડર, મોટા વેપારીઓ, રાજકારણ સાથે જોડાયેલા લોકો તેમજ અન્ય આર્થિક રીતે સક્ષમ વ્યક્તિઓના નામ પણ ડોનેશન આપનારાઓમાં હોવાનું તપાસમાં સામે આવ્યું હોવાના અહેવાલો છે. જોકે, માત્ર કોઈ વ્યક્તિએ રાજકીય પક્ષને ડોનેશન આપ્યું હોય એટલા આધારે તેને ગુનામાં આરોપી ગણાવી શકાય નહીં. તપાસ દરમિયાન ડોનેશનની કાયદેસરતા, નાણાંનો સ્ત્રોત, દસ્તાવેજીકરણ અને સમગ્ર વ્યવહારમાં તેની ભૂમિકા જેવા પાસાંની ચકાસણી બાદ જ કાયદાકીય કાર્યવાહીનો પ્રશ્ન ઊભો થાય છે. આ કારણે તપાસ એજન્સીઓ માટે ડોનેશન આપનારા દરેક વ્યક્તિની ભૂમિકા અલગથી તપાસવી મહત્વપૂર્ણ બની રહેશે. તપાસમાં જો કોઈ ડોનેશન આપનાર વ્યક્તિ દ્વારા આવક છુપાવવામાં આવી હોવાનું અથવા ખોટી રીતે નાણાકીય વિગતો દર્શાવવામાં આવી હોવાનું સામે આવે તો આવકવેરા વિભાગ પોતાના કાયદાકીય અધિકારક્ષેત્ર હેઠળ કાર્યવાહી કરી શકે છે. બીજી તરફ જો પોલીસ તપાસમાં કોઈ વ્યક્તિની ભૂમિકા કથિત ગુનાહિત વ્યવહાર, નાણાંની હેરફેર અથવા અન્ય ગુનાકીય પ્રવૃત્તિ સાથે જોડાયેલી હોવાનું પુરાવા સાથે સામે આવે તો સીઆઈડી ક્રાઈમ દ્વારા ફોજદારી કાયદા હેઠળ કાર્યવાહી કરવામાં આવી શકે છે. આમ, આવકવેરા તપાસ અને પોલીસ તપાસ બંને અલગ-અલગ પાસાંને ધ્યાનમાં રાખીને આગળ વધી શકે છે. આ કેસની તપાસ ઝડપી બનાવવા માટે સીઆઈડી ક્રાઈમ દ્વારા અલગ ટીમો બનાવવાની પણ તૈયારી કરવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે. મોટી સંખ્યામાં ડોનેશન આપનારાઓની વિગતોનું વિશ્લેષણ કરવા માટે નાણાકીય વ્યવહારો, બેંક એકાઉન્ટ, આવકવેરા રિટર્ન અને અન્ય દસ્તાવેજોનો અભ્યાસ કરવામાં આવશે. આ ઉપરાંત મોટા ડોનેશનના વ્યવહારોને પ્રાથમિકતા આપીને સંબંધિત વ્યક્તિઓને પૂછપરછ માટે બોલાવવામાં આવી શકે છે. તપાસ દરમિયાન કોઈ એક વ્યક્તિ અથવા સંસ્થાના ખાતામાંથી વારંવાર મોટી રકમ ટ્રાન્સફર થઈ હોવાનું સામે આવે તો તે વ્યવહારોની પણ અલગથી તપાસ થઈ શકે છે. બીજી તરફ આ સમગ્ર પ્રકરણમાં અન્ય રાજકીય પક્ષો અંગે પણ આવકવેરા વિભાગ દ્વારા વિગતો એકત્રિત કરવામાં આવી રહી હોવાનું સામે આવ્યું છે. રાજકીય પક્ષોને મળેલા ડોનેશન અને સંબંધિત નાણાકીય વ્યવહારો અંગે વધુ માહિતી મળ્યા બાદ અલગ રિપોર્ટ તૈયાર કરવામાં આવી શકે છે. જો કોઈ અન્ય પક્ષ અથવા સંસ્થા સંબંધિત અનિયમિતતા તપાસમાં બહાર આવે તો તેના આધારે આગળની કાર્યવાહી અંગે નિર્ણય લેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે અગાઉ રાજકીય પક્ષોના બેંક ખાતા, ડોનેશન અને કથિત નાણાકીય વ્યવહારોને લઈને ગુજરાતમાં તપાસ થઈ ચૂકી છે. એક અગાઉના કેસમાં સીઆઈડી ક્રાઈમની કાર્યવાહી સામે કાનૂની પ્રશ્નો પણ ઉઠ્યા હતા અને ગુજરાત હાઈકોર્ટમાં મામલો પહોંચ્યો હતો. તેમાં તપાસના અધિકારક્ષેત્ર અને આવકવેરા સંબંધિત કાર્યવાહી અંગે મુદ્દાઓ ચર્ચામાં આવ્યા હતા. તેથી હાલના કિસ્સામાં પણ પોલીસ અને આવકવેરા વિભાગ વચ્ચેનું સંકલન તથા બંને એજન્સીઓના અધિકારક્ષેત્રનો પ્રશ્ન મહત્વપૂર્ણ બની શકે છે.

હાલમાં તપાસ એજન્સીઓનું મુખ્ય ધ્યાન ડોનેશનના સમગ્ર નાણાકીય નેટવર્કને સમજવા પર હોવાનું માનવામાં આવે છે. ડોનેશન આપનાર વ્યક્તિથી લઈને રાજકીય પક્ષના ખાતા સુધી રકમ કેવી રીતે પહોંચી, તે રકમની પાછળ કોઈ અન્ય વ્યવહાર હતો કે કેમ અને ડોનેશનના દસ્તાવેજોમાં દર્શાવાયેલી વિગતો વાસ્તવિક નાણાકીય વ્યવહાર સાથે મેળ ખાય છે કે કેમ તેની ચકાસણી કરવામાં આવશે. 80 હજારથી વધુ નામોની યાદી હોવાને કારણે તપાસ લાંબી ચાલે તેવી શક્યતા છે, પરંતુ મોટી રકમના વ્યવહારોને પ્રથમ તબક્કામાં ચકાસવાથી તપાસને ચોક્કસ દિશા મળી શકે છે.

આ રીતે રૂ.2,283 કરોડના કથિત નાણાકીય કૌભાંડની તપાસ હવે માત્ર રાજકીય પક્ષોના સંચાલન સુધી મર્યાદિત રહેવાને બદલે ડોનેશન આપનારાઓ સુધી પહોંચતી જોવા મળી રહી છે. આવકવેરા વિભાગની નાણાકીય તપાસ અને સીઆઈડી ક્રાઈમની ફોજદારી તપાસ આગળ વધશે તેમ ડોનેશનની રકમના સ્ત્રોત, વ્યવહારોની વાસ્તવિકતા અને તેમાં સામેલ વ્યક્તિઓની ભૂમિકા અંગે વધુ વિગતો બહાર આવવાની શક્યતા છે. જોકે, તપાસ પૂર્ણ થયા બાદ અને કાયદેસરની પ્રક્રિયામાં પુરાવા સામે આવ્યા પછી જ કોઈ વ્યક્તિની જવાબદારી અંગે અંતિમ નિષ્કર્ષ પર પહોંચી શકાય તેમ છે.

નિરમા યુનિવર્સિટીમાં વિદ્યાર્થીનો કોલર પકડનાર પ્રોફેસરને સસ્પેન્ડ કરવાની માગ સાથે દેખાવો, જંતર-મંતર જેવા આંદોલનની NSUIની ચીમકી

અમદાવાદ, તા.28

અમદાવાદની જાણીતી નિરમા યુનિવર્સિટીમાં એક કાર્યક્રમ દરમિયાન પ્રોફેસર ડૉ. એચ. કે. પટેલ દ્વારા વિદ્યાર્થીનો કોલર પકડીને ધમકાવવાની ઘટના અને ત્યારબાદ તેમના વાઈરલ થયેલા વીડિયોને પગલે ભારે વિવાદ સર્જાયો છે. પ્રોફેસરના આ અયોગ્ય વર્તનને લઈને આજે NSUI (નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડિયા)ના કાર્યકર્તાઓએ યુનિવર્સિટી તંત્ર સામે ઉગ્ર દેખાવો કર્યા હતા. પ્રશાસન દ્વારા માત્ર કમિટી બનાવવાની વાત સામે ભારે નારાજગી વ્યક્ત કરતાં NSUIએ ચીમકી આપી છે કે જો પ્રોફેસર સામે ત્વરિત સસ્પેન્શનની કાર્યવાહી નહીં થાય તો યુનિવર્સિટી ખાતે જંતર-મંતર જેવું ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

મળતી માહિતી અનુસાર, તાજેતરમાં નિરમા યુનિવર્સિટીમાં યોજાયેલા એક કાર્યક્રમ દરમિયાન પ્રોફેસર ડૉ. એચ. કે. પટેલ સંબોધન કરી રહ્યા હતા, ત્યારે એક વિદ્યાર્થીએ કરેલી ટિપ્પણીથી નારાજ થઈને પ્રોફેસરે તેને પોતાનું અપમાન ગણાવ્યું હતું. ઉશ્કેરાયેલા પ્રોફેસરે વિદ્યાર્થીને સ્ટેજ પર બોલાવી જાહેર સ્ટેજ પર જ તેનો કોલર પકડીને ધમકાવ્યો હતો. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં જ વિદ્યાર્થી આલમ અને વાલીઓમાં ભારે રોષ વ્યાપી ગયો હતો.

આ દરમિયાન NSUIના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, 'વીડિયો સામે હોવા છતાં યુનિવર્સિટી પ્રશાસન અને વાઈસ ચાન્સેલર માત્ર કમિટી બનાવવાની વાતો કરીને સમય વિતાવી રહ્યા છે. આ પ્રોફેસરે ફરી વીડિયો મૂકીને દાદાગીરી બતાવી છે. વિદ્યાર્થીઓના પિતાના પૈસા અને ફીથી આ યુનિવર્સિટી ચાલે છે, યુનિવર્સિટી વિદ્યાર્થીઓ માટે બનાવાઈ છે નહીં કે પૈસા કમાવા માટે. તેથી પ્રોફેસરને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવે.'

NSUIએ યુનિવર્સિટી પ્રશાસનને સ્પષ્ટ અલ્ટીમેટમ આપતાં ચેતવણી આપી છે કે જો પ્રોફેસર ડૉ. એચ. કે. પટેલ સામે કડક પગલાં લેવામાં નહીં આવે તો જે રીતે દિલ્હીમાં જંતર-મંતર પર આંદોલન કરાયું હતું તે જ તર્જ પર યુનિવર્સિટી કેમ્પસમાં દેખાવો ચાલુ રાખવામાં આવશે. જ્યાં સુધી પ્રોફેસરનું સસ્પેન્શન નહીં થાય ત્યાં સુધી વિદ્યાર્થી સંગઠન લડત ચાલુ રાખશે.

ગુજરાતના 108 જળાશયોમાં 50%થી ઓછું જળસ્તર, સરદાર સરોવરમાં રાહતભરી સ્થિતિ!

અમદાવાદ, તા.28

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવરમાં જળસ્તર વધીને 99.05 ટકા નોંધાયું છે. સરદાર સરોવરની કુલ ક્ષમતા 9.46 ટ્રિલિયન લિટર છે અને તેની સામે જળસંગ્રહ 9.37 ટ્રિલિયન લિટર નોંધાયો છે.

હાલ ગુજરાતના 32 જળાશયો છલોછલ છે જ્યારે 37માં 70થી 100 ટકા, 29માં 50થી 70 ટકા, 36માં 25થી 50 ટકા વચ્ચે જળસ્તર છે,જ્યારે 72 જળાશયોમાં જળસ્તર 25 ટકાથી ઓછું છે. આમ, 108 જળાશય એવા છે, જ્યાં 50 ટકાથી ઓછું જળસ્તર છે. 206 જળાશયોમાં સરેરાશ જળસ્તર 71.86 ટકા છે. જેમાં 48 હાઈ એલર્ટ, 12 એલર્ટ અને 9 વૉર્નિંગ હેઠળ છે. રીજિયન પ્રમાણે જોવામાં આવે તો ઉત્તર ગુજરાતમાં 46.69 ટકા, મધ્ય ગુજરાતમાં 72.16 ટકા, દક્ષિણ ગુજરાતમાં 84.97 ટકા, કચ્છમાં 32.61 ટકા, સૌરાષ્ટ્રમાં 51.84 ટકા જળસ્તર છે.

ટ્યુશન જતી વિદ્યાર્થિનીની રિક્ષાચાલકે કરી છેડતી, સગીરા ધક્કો મારી ચુંગાલમાંથી ભાગી છૂટી! આરોપી ઝડપાયો

અમદાવાદ, તા.28

અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં રહેતી અને ધોરણ 10માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની સાથે રિક્ષાચાલકે છેડતી કરી હોવાની ઘટના સામે આવી છે. ટ્યુશન ક્લાસ જવા નીકળેલી સગીરાની રિક્ષાચાલકે ઓઢવ જડેશ્વર વનના ગેટ નજીક રિક્ષા રોકીને છેડતી કરી હતી. જોકે, હિંમત દાખવી સગીરાએ રિક્ષાચાલકને ધક્કો મારી તેની ચુંગાલમાંથી મુક્ત થઈ બીજી રિક્ષા પકડી ક્લાસ પહોંચી ગઈ હતી. ક્લાસમાં રડતી બાળકીને જોઈ શિક્ષિકાએ માતાને બોલાવતાં સમગ્ર ઘટનાના જણાવી હતી. આ અંગે સગીરાની માતાએ ઓઢવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપી રિક્ષાચાલકની ધરપકડ કરી છે.

મળતી માહિતી અનુસાર, વસ્ત્રાલમાં રહેતી અને ધોરણ 10માં અભ્યાસ કરતી સગીરા 26મી સપ્ટેમ્બરના રોજ પોતાના ઘરેથી નિયત સમયે ટ્યુશન ક્લાસ જવા નીકળી હતી. આ દરમિયાન કલ્પેશ પટેલ નામના ચાલકની રિક્ષામાં બેઠી હતી. કલ્પેશે રિક્ષા સીધી ક્લાસ તરફ લઈ જવાના બદલે ઓઢવ જડેશ્વર વનના ગેટ પાસે

લઈ ગયો હતો અને વાહન ઊભું રાખીને સગીરાની છેડતી કરવા લાગ્યો હતો. આ ઘટનાથી ડરી જવાના બદલે સગીરાએ હિંમત દાખવીને રિક્ષાચાલક કલ્પેશને જોરથી ધક્કો માર્યો હતો. ત્યારબાદ સગીરા રિક્ષામાંથી નીચે ઊતરીને ભાગી ગઈ હતી અને અન્ય એક રિક્ષા પકડીને ટ્યુશન ક્લાસ પહોંચી હતી. સગીરા ક્લાસ પહોંચી ત્યારે રડતી હોવાથી શિક્ષિકાનું ધ્યાન ગયું હતું. શિક્ષિકાએ તુરંત તેની માતાને ફોન કરીને ક્લાસ પર બોલાવ્યા હતા. માતાએ પૂછપરછ કરતાં પુત્રીએ પોતાની સાથે બનેલી આપવીતી જણાવી હતી.

અમદાવાદમાં શ્વાન કરડવાના દરરોજના 211 કેસ, એક વર્ષમાં 29%નો વધારો....

અમદાવાદ, તા.28

અમદાવાદ શહેરમાં શ્વાન કરડવાના બનાવોમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. અમદાવાદમાં શ્વાન કરડવાના એક વર્ષમાં 77,019 કેસ નોંધાયા છે. આ આંકડાઓ પર નજર કરીએ તો શહેરમાં દરરોજ સરેરાશ 211 લોકો ડોગ બાઈટનો શિકાર બની રહ્યા છે. જ્યારે ગત વર્ષે આ આંકડો 60 હજાર કેસનો હતો, જે દર્શાવે છે કે માત્ર એક જ વર્ષમાં શ્વાન કરડવાના કેસમાં 29 ટકાનો મોટો વધારો થયો છે.

શહેરમાં છેલ્લા પાંચ વર્ષ દરમિયાન 1.35 લાખ શ્વાનના ખસીકરણ પાછળ આશરે 10 કરોડ રૂપિયાનો જંગી ખર્ચ કરવામાં આવ્યો છે, છતાં ડોગ બાઈટના કેસોમાં થતો વધારો અટકવાનું નામ લઈ રહ્યો નથી અને સ્થિતિ હજુ પણ યથાવત્ છે.

દરેક વર્ષે 28 સપ્ટેમ્બરના દિવસને 'હડકવા દિવસ' તરીકે

ઉજવવામાં આવે છે. આઈસીએમઆર (ICMR)ની નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ એપિડેમિયોલોજીના વર્ષ 2024ના અહેવાલ મુજબ ભારતમાં દર વર્ષે અંદાજે 5726 લોકો હડકવાથી મૃત્યુ પામે છે. જોકે, કેન્દ્ર સરકારે રજૂ કરેલા સત્તાવાર અહેવાલ મુજબ વર્ષ 2024માં સમગ્ર દેશમાંથી 54 વ્યક્તિના જ હડકવાથી મૃત્યુ થયા હોવાનું સામે આવ્યું હતું. નિષ્ણાતોના મતે, આ બંને આંકડાઓમાં રહેલા મોટા તફાવતનું મુખ્ય કારણ હડકવાથી થતા મૃત્યુનું 'અંડર રિપોર્ટિંગ' છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) પણ આ વાતની નોંધ લે છે કે ભારતમાં આ રોગનો વાસ્તવિક ભાર સત્તાવાર રીતે નોંધાયેલા આંકડાઓ કરતાં ઘણો વધારે હોઈ શકે છે.

જો શ્વાન, બિલાડી, વાંદરો કે અન્ય કોઈ સ્તનધારી પ્રાણીના કરડવાથી/ખંજવાળવાથી અથવા તેની લાળ ઘા પર લાગવાથી જોખમ ઊભું થાય, તો ક્યારેય લક્ષણો દેખાવાની રાહ જોવી જોઈએ નહીં. આવી સ્થિતિમાં ઘા ને તરત જ ઓછામાં ઓછા 15 મિનિટ સુધી સાબુ અને વહેતા પાણીથી સારી રીતે ધોઈને તુરંત જ રેબીઝની રસી લેવી જોઈએ.

શરૂઆતમાં: આ તબક્કામાં તાવ, માથાનો દુખાવો, થાક, નબળાઈ, ગભરામણ, ચિંતા અથવા ચીડિયાપણું, ઊંઘમાં તકલીફ, ભૂખ ઓછી થવી, ઈજા પામેલા સ્થળે દુખાવો, ખંજવાળ, બળતરા કે ઝણઝણાટી જેવા લક્ષણો અનુભવાય છે.

ગંભીર સ્થિતિમાં: આ સ્થિતિ વણસે ત્યારે પાણી પીવામાં તકલીફ અને પાણીથી ગભરાટ થવો, હવા લાગવાથી ગળામાં ખેંચાણ કે તકલીફ થવી, ગળામાં ભારે મુશ્કેલી, વધુ પ્રમાણમાં લાળ પડવી, અવાજ કે પ્રકાશ પ્રત્યે અસહજતા વર્તાવી, બેચેની, ગૂંચવણ અથવા ભ્રમ થવો, આક્રમકતા કે અસામાન્ય વર્તન દેખાવું અને શરીરના કેટલાક ભાગોમાં નબળાઈ કે લકવો થવા જેવી ગંભીર સમસ્યાઓ સર્જાય છે. અંતિમ તબક્કો: રોગના અંતિમ ચરણમાં દર્દીને શ્વાસ લેવામાં ભારે તકલીફ પડે છે અને તે કોમામાં જતો રહે છે.

પિયર રહેતી પુત્રવધૂએ બેંક જોઇન્ટ લોકરમાંથી 50 લાખના દાગીના ઉપાડી લીધા, સાસુએ ફરિયાદ નોંધાવી

અમદાવાદ, તા.28

અમદાવાદના વાસણા વિસ્તારમાં રહેતા 63 વર્ષીય સાસુએ પોતાની પુત્રવધૂ સામે બેંક લોકરમાંથી આશરે 50.85 લાખ રૂપિયાની કિંમતના દાગીના કાઢી લેવા અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે. પારિવારિક ઝઘડાના કારણે પિયર રહેતી પુત્રવધૂએ પતિ કે સાસુની જાણ બહાર બેંકના જોઈન્ટ લોકરમાંથી સોના-ચાંદી, પ્લેટિનમ અને ડાયમંડના તમામ દાગીના કાઢી લીધા હતા. ત્યારબાદ વાયદો કરવા છતાં દાગીના પાછા ના આપતા અંતે વૃદ્ધ સાસુએ પોતાની જ પુત્રવધૂ સામે ફરિયાદ નોંધાવી છે. મળતી માહિતી અનુસાર, વાસણા વિસ્તારમાં રહેતા 63 વર્ષીય ફરિયાદી રીટાબહેન શાહના પુત્રએ 2011માં પ્રેમલગ્ન કર્યા હતા. પારિવારિક ઝઘડાઓને કારણે દીકરાની વહુ 2024માં પોતાના બાળકો સાથે પિયર જતી રહી હતી. ફરિયાદીના સ્વર્ગસ્થ પતિએ પંજાબ નેશનલ બેંકની વાસણા શાખામાં લોકર ખોલાવ્યું હતું, જેમાં પાછળથી પુત્ર રૂતુલ અને પુત્રવધુ યેશાનું નામ પણ જોઈન્ટ રીતે જોડાયેલું હતું. આ લોકરમાં ફરિયાદી અને તેના પરિવારની જીવનભરની બચતના 50, 85,899 લાખ રૂપિયાના આશરે 348 ગ્રામ સોનાના દાગીના, 925 ગ્રામ ચાંદીના સિક્કા, પ્લેટિનમની ચેઈન અને ડાયમંડના દાગીના મુકવામાં આવ્યા હતા. આ પછી તારીખ એપ્રિલ 2024ના રોજ પુત્રવધુ યેશાએ ફરિયાદી સાસુ કે તેમના પુત્ર રૂતુલને જાણ કર્યા વગર બેંકમાં જઈને લોકરમાંથી તમામ દાગીના અને સિક્કા કાઢી લીધા હતા. બેંક તરફથી રૂતુલના મોબાઈલ પર મેસેજ આવતા પરિવારને આ ઘટનાની જાણ થઈ હતી. ત્યારબાદ ફરિયાદી અને તેમના પુત્રએ યેશા પાસે દાગીના પરત માંગતા તેણે સાસરીમાં પાછા આવીને બધું પરત કરવાનો વાયદો કર્યો હતો, પરંતુ આજ સુધી દાગીના પાછા આપ્યા નથી. આથી અગાઉ પોલીસ અરજી કર્યા બાદ હવે ફરિયાદીએ પોતાની પુત્રવધુ સામે ફરિયાદ નોંધાવી છે.

કૃષ્ણનગરમાં સસ્તા દારૂને મોંઘી બ્રાન્ડની બોટલમાં ભરી વેચવાનું નેટવર્ક ઝડપાયું, એકની ધરપકડ, મુખ્ય આરોપી સહિત 3 ફરાર

અમદાવાદ, તા.28

અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાં સસ્તી બ્રાન્ડના વિદેશી દારૂને મોંઘી બ્રાન્ડની ખાલી બોટલોમાં ભરી, નકલી સ્ટીકર અને ઢાંકણાં લગાવી તોતિંગ નફા સાથે વેચવાના ગેરકાયદે રેકેટનો એલસીબી ઝોન-5 અને કૃષ્ણનગર પોલીસે પર્દાફાશ કર્યો છે. દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી દારૂની 47 ભરેલી બોટલો તેમજ મોટા પ્રમાણમાં ખાલી બોટલો, સ્ટીકરો અને ઢાંકણાં જપ્ત કર્યા છે. પોલીસે આ ગોરખધંધામાં સંકળાયેલા એકની અટકાયત કરી છે, જ્યારે મુખ્ય માસ્ટરમાઈન્ડ સહિત ત્રણ સાગરીતોને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસના જણાવ્યાનુસાર, રવિવારે (27મી સપ્ટેમ્બર) એલસીબી ઝોન-5 અને કૃષ્ણનગર પોલીસની ટીમને

બાતમી મળી હતી કે કૃષ્ણનગરમાં વિદેશી દારૂમાં ભેળસેળ અને નકલી પેકિંગની પ્રવૃત્તિ ચાલી રહી છે. બાતમીના આધારે ઠક્કરબાપાનગરમાં હરિઓમ સાયકલ સામેની ગલીમાં આવેલા મકાન દરોડા પાડતાં સ્થળ પરથી વિદેશી દારૂ ભરેલી 47 બોટલો મળી આવી હતી. ઉપરાંત, વિવિધ બ્રાન્ડના સ્ટીકર સાથેની 322 ખાલી બોટલો, 211 નકલી સ્ટીકરો અને 293 જેટલાં ઢાંકણાં મળી આવ્યા હતા.

દરોડા દરમિયાન પોલીસે હેમલ ઉર્ફે હેમુ મહેશભાઈ વાઘેલા નામના યુવકની ધરપકડ કરી છે. પૂછપરછમાં સામે આવ્યું હતું કે મુખ્ય સૂત્રધાર ભરત સોલંકી અને તેનો ભાઈ વિજય સોલંકી સસ્તો દારૂ લાવીને મોંઘી બ્રાન્ડની ખાલી બોટલોમાં ભરી દેતા હતા. સ્ટીકર અને ઢાંકણાં બદલીને બ્રાન્ડ મુજબ બોટલ દીઠ 500થી લઈને 5000 રૂપિયા સુધીનો આંતર નફો મેળવતા હતા.

પોલીસ તપાસમાં ખુલ્યું છે કે આરોપીઓ છેલ્લા 2થી 3 મહિનાથી આ કૌભાંડ ચલાવી રહ્યા હતા અને કૃષ્ણનગર તેમજ આસપાસના વિસ્તારોમાં ગ્રાહકોને બોટલો સપ્લાય કરતા હતા. ઝડપાયેલા હેમલ વાઘેલાનો મુખ્ય રોલ સસ્તા દારૂને મોંઘી બોટલોમાં ભરવાનો અને ગ્રાહકો સુધી પહોંચાડવાનો હતો. તેના બદલમાં મુખ્ય આરોપી ભરત તેને રોજના 450થી 500 રૂપિયા આપતો હતો.

પોલીસે સ્પષ્ટ કર્યું છે કે સ્થળ પરથી કોઈ કેમિકલ કે અન્ય હાનિકારક પદાર્થો મળ્યા નથી, માત્ર પેકિંગ મટીરિયલ અને દારૂનો જથ્થો જપ્ત કરાયો છે. હાલ મુખ્ય આરોપી ભરત સોલંકી બાવરી, વિજય સોલંકી બાવરી અને સુનીલ સોલંકી ફરાર છે અને તેને પકડવા તજવીજ હાથ ધરાઈ છે. માસ્ટરમાઈન્ડની ધરપકડ બાદ જૂની બોટલો ક્યાંથી મંગાવાતી અને કયા બૂટલેગરો કે ગ્રાહકોને વેચાતી તેની વિગતો સામે આવશે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599